દૈનિક
# મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 45 ■ વિક્રમ સંવત ૨૦૮૨

ફાલ્ગુન સુદ -૬ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 23 February 2026, Monday ■ REGD.No. MCS/058/2024-26

સોમવાર, ૨૩ ફેબ્રુઆરી ૨૦૨૬, (૧૦ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦

ધર્મતેજ પૂર્તિ ૫ ૬ ૭

LIKE & FOLLOW: /Mumbaisamachar4u



Bharat Botanics

CALL : 8433520606

ઘર જેવું

તાજુ ભેંસનું ઘી

(દેશી વલોણા પદ્ધતી)

સ્પેશલ ઓફર માટે આજે જ

કોલ અથવા વોટસએપ કરો




નકલી ઘી થી બચો!!!

અમારૂ ઘી લેબ સર્ટીફાઈડ છે

એકવાર ચાખીને તો જુઓ

FACTORY OUTLET

Shop No. 4, Shiv Krupa CHS., Old Nagardas Road, Opp. Iyer Commerce Classes, Andheri (E), Mumbai - 400069.

CALL 8433520606

Theatrix


# કૉંગ્રેસ તો પહેલેથી જ નગ્ન છે: મોદી


SCAN FOR TODAY'S GOLD RATE

જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું

ANTARA GOLD & DIAMONDS

DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565


## શર્ટલેસ વિરોધની ઝાટકણી કાઢતા વડા પ્રધાને કહ્યું કે એઆઈ સમિટનો ઉપયોગ કૉંગ્રેસે ગંદા અને નગ્ન રાજકારણ માટે કર્યો

મેરઠ: એઆઈ સમિટ દરમિયાન ભારત મંડપમ્‌માં શર્ટ પહેર્યા વિના દેખાવ કરનાર મુખ્ય વિરોધ પક્ષ કૉંગ્રેસની ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આખરી ઝાટકણી કાઢી છે. મોદીએ આને આંતરરાષ્ટ્રીય મહેમાનો સમક્ષ શરમજનક સ્થિતિમાં મૂકનાર ગંદું અને નગ્ન રાજકારણ ગણાવ્યું હતું.

નવી દિલ્હી અને મેરઠને જોડતી નવી ભારત રેપિડ રેલ લિન્કનું ઉદ્‌ઘાટન કર્યા બાદ મોદીએ મેરઠમાં જાહેર સંબોધન કર્યું હતું. મોદીએ કહ્યું હતું કે દેશમાં થોડા રાજકીય પક્ષો છે જે ભારતની સફળતાને પચાવી શકતા નથી. તાજેતરમાં વિશ્વની સૌથી મોટી એઆઈ કોન્ફરન્સ ભારતમાં યોજાઈ હતી. ૮૦ દેશના પ્રતિનિધિઓ અને લગભગ ૨૦ દેશના વડાએ આમાં હાજરી આપી હતી. મોદીએ લોકોને પૂછ્યું હતું કે શું તમને એઆઈ કોન્ફરન્સ અંગે ગર્વ નથી? લોકોએ આનો બુલંદ હકારાત્મક જવાબ આપ્યો હતો.

મોદીએ જણાવ્યું હતું કે કૉંગ્રેસે આ ગ્લોબલ ઈવેન્ટને તેના ગંદા અને નગ્ન રાજકારણનો મંચ બનાવ્યો હતો. સમિટના સ્થળે કૉંગ્રેસના કાર્યકર્તાઓ વિદેશી મહેમાનો આગળ નગ્ન આવ્યા હતા. મોદીએ રાજકીય હુમલો કરતા કહ્યું હતું કે (જુઓ પાનું ૨) ▶▶



**બાળકો માટે પ્રેરણામૂર્તિ:** દિલ્હી-મેરઠ રેપિડ રેલવેને રવિવારે લીલીઝંડી દેખાડ્યા પછી એ ટ્રેનમાં બાળકો સાથે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રવાસ કર્યો હતો. સાથે યોગી આદિત્યનાથ હતા.

## અમદાવાદમાં આબરૂ ગઈ

### સુપર-એઈટ મુકાબલામાં ડિફેન્ડિંગ ચૅમ્પિયન ભારત પરાજિત, સાઉથ આફ્રિકાએ સાટું વાળ્યું

અમદાવાદ: સાઉથ આફ્રિકાએ અહીં ભારતને ગઈ કાલે વર્લ્ડ કપના સુપર-એઇટ રાઉન્ડની મૅચમાં ૭૬ રનથી હરાવીને ગ્રૂપ-૧માં બે પૉઇન્ટ સાથે મોખરાનું સ્થાન મેળવ્યું હતું. એઇડન માર્કરમની ટીમે આ મૅચને વન-સાઇડેડ બનાવી નાખી હતી અને ભારતને ૧૮૮ રનના પડકારરૂપ લક્ષ્યાંક સામે ૧૮.૫ ઓવરમાં માત્ર ૧૧૧ રનના સ્કોરમાં ઑલઆઉટ કરી દીધું હતું. એ સાથે, સાઉથ આફ્રિકાએ ૨૦૨૪ના વર્લ્ડ કપની ફાઇનલની હારનો બદલો આ વર્લ્ડ કપમાં સારી રીતે લઈ લીધો છે. ભારત અને સાઉથ આફ્રિકા ૨૦૨૪ પછી હવે ૨૦૨૬ના આ (જુઓ પાનું ૨) ▶▶




શાનદાર ઈનિંગ રમનાર ડૅવિડ મિલર.

ટૅરિફની મથામણ

## ભારત અને અમેરિકા વચ્ચેની વેપાર વાટાઘાટો મોકૂફ રખાઈ

વોશિંગ્ટન: અમેરિકાની સુપ્રીમ કોર્ટે પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે લાદેલા ટેરિફને ગેરકાયદે ગણાવ્યો છે. જોકે, એ પછી બાદ ડોનલ્ડ ટ્રમ્પે તમામ દેશો પર ૧૫ ટકાનો ગ્લોબલ ટેરિફ લાદયો છે. જેના પગલે સોમવારે ૨૩ ફેબ્રુઆરીના રોજ વોશિંગ્ટનમાં યોજાનારી અમેરિકા અને ભારત વચ્ચે ટ્રેડ ડીલ અંગેની બેઠક હાલ મુલતવી રાખવામાં આવી છે. બીજી તારીખ પછી જાહેર કરવામાં આવશે.

અમેરિકાની સુપ્રીમ કોર્ટે ડોનલ્ડ ટ્રમ્પે લાદેલા ટેરિફને ગેરકાયદે ગણાવ્યો છે. જોકે, તેની બાદ ડોનલ્ડ ટ્રમ્પે તમામ દેશો પર ૧૫ ટકાનો ગ્લોબલ ટેરિફ લાદયો છે. જેના પગલે સોમવારે ૨૩ ફેબ્રુઆરીના રોજ અમેરિકા અને ભારત વચ્ચે વોશિંગ્ટનમાં યોજાનારી ટ્રેડ ડીલ (જુઓ પાનું ૨) ▶▶

## એઆઈના સામર્થ્યના ઉપયોગમાં સમિટ ટર્નિંગ પોઈન્ટ: વડા પ્રધાન

### 'મન કી બાત'માં મોદીએ સ્વદેશી અને અવયવદાન પર વિસ્તારથી વાત કરી

નવી દિલ્હી: આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઈ)ના સામર્થ્યનો ભવિષ્યમાં કઈ રીતે ઉપયોગ કરવો એ દિશામાં એઆઈ સમિટ એક ટર્નિંગ પોઇન્ટ છે એમ જણાવતા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે કહ્યું હતું કે, આ ક્ષેત્રમાં ભારતની સિદ્ધિથી વૈશ્વિક નેતાઓ પ્રભાવિત થયા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે તેમના લોકપ્રિય રેડિયો કાર્યક્રમ (જુઓ પાનું ૨) ▶▶






## શર્ટલેસ દેખાવો જાહેર વ્યવસ્થા પર કરાયેલો સીધો પ્રહાર: અદાલત

નવી દિલ્હી: દિલ્હીની એક કોર્ટે જણાવ્યું હતું કે એઆઈ ઇમ્પેક્ટ સમિટના સ્થળ પર વિરોધ કરવા બદલ ધરપકડ કરાયેલા ભારતીય યુથ કોંગ્રેસ (આઈવાયસી)ના કાર્યકરોનું વર્તન અસહમતિ વ્યક્ત કરવાની યોગ્ય રીત નહોતી પરંતુ 'સાર્વજનિક વ્યવસ્થા પર એક સીધો હુમલો' હતો જેણે દેશની 'કૂટનીતિ છબી'ને પણ નુકસાન પહોંચાડ્યું છે.

જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ રવિએ શનિવારે આ ટિપ્પણી ત્યારે કરી હતી જ્યારે ભારત મંડપમમાં 'શર્ટ ઉતારીને' વિરોધ કરવા બદલ ધરપકડ કરાયેલા ભારતીય યુથ કોંગ્રેસના ચાર કાર્યકરોને તેમની કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. કોર્ટે પોલીસને વિરોધીઓને પૂછપરછ માટે પાંચ દિવસ માટે કસ્ટડીમાં રાખવાની મંજૂરી આપી હતી.

મેજિસ્ટ્રેટે કસ્ટડીમાં લઈને પૂછપરછ કરવાની મંજૂરી માંગતી દિલ્હી પોલીસની અરજી સ્વીકારવાના કારણો સમજાવતા કહ્યું હતું કે આરોપી બિહાર, ઉત્તર પ્રદેશ અને તેલંગણાના દૂરના વિસ્તારોના છે, જેના કારણે તેઓની ફરાર થવાની શક્યતા વધારે છે. કોર્ટે કહ્યું હતું કે પ્રારંભિક તપાસ પરથી બાહ્ય ષડ્‌યંત્ર સાથે સંબંધો હોવાના સંકેત મળવાની સ્થિતિમાં આ વધુ ગંભીર બને છે. મેજિસ્ટ્રેટ દ્વારા પસાર કરાયેલા આદેશની નકલ પણ જોઈ છે.

મેજિસ્ટ્રેટ રવિ દ્વારા પસાર કરાયેલા આદેશમાં જણાવાયું છે કે વિરોધ પ્રદર્શનોએ માત્ર કાર્યક્રમની પવિત્રતાને જ જોખમમાં નાખી (જુઓ પાનું ૨) ▶▶

## ડૉનલ્ડ ટ્રમ્પના રિસોર્ટમાં ઘૂસણખોરને ગોળીએ દેવાયો

ફ્લોરિડા : અમેરિકાની સુરક્ષા એજન્સીએ જાહેરાત કરી છે કે પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પના ફ્લોરિડાના પામ બીચના રિસોર્ટ માર-એ-લાગોના પરિસરમાં ઘૂસનાર એક સશસ્ત્ર ઈસમ પર ગોળીબાર કરીને તેને ઠાર મારવામાં આવ્યો હતો. ટ્રમ્પ સામાન્ય રીતે શનિવાર અને રવિવાર તેમના રિસોર્ટમાં ગાળે છે. જોકે શનિવારે રાત્રે આ ઘટના બની ત્યારે ટ્રમ્પ અને ફર્સ્ટ લેડી મેલેન ટ્રમ્પ વાઈટ હાઉસમાં હતા. જે ઈસમને ઠાર મારવામાં આવ્યો છે તેનું નામ જાહેર કરાયું નથી. સીક્રેટ સર્વિસના જણાવ્યા પ્રમાણે માર-એ-લાગોના ઉત્તરના ગેટ પર ઘૂસણખોર નજરે પડ્યો હતો અને તેની પાસે શોટગન અને ફ્યુલ કેન હતા. સીક્રેટ સર્વિસના એજન્ટો અને પામ બીચ કાઉન્ટી શેરિફ ડેપ્યુટીએ તેના પર ગોળીબાર કર્યો હતો. અગાઉ પણ ટ્રમ્પને મારી નાખવાના (જુઓ પાનું ૨) ▶▶

## જૈશના કમાન્ડર સૈફુલ્લાહ સહિત ત્રણ આતંકવાદી ઠાર

શ્રીનગર: જમ્મુ-કાશ્મીરના કિશ્તવાર જિલ્લાના અંતરિયાળ જંગલ વિસ્તારમાં રવિવારે સુરક્ષા દળ સાથે થયેલા એન્કાઉન્ટરમાં પાકિસ્તાનસ્થિત આતંકવાદી જૂથ જૈશ-એ-મોહમ્મદ સાથે સંકળાયેલા ત્રણ આતંકવાદી ઠાર મરાયા હતા. ઘટનાસ્થળેથી મોટા પ્રમાણમાં હથિયારો મળી આવ્યાં હતાં. એન્કાઉન્ટરમાં સેનાના જવાનોએ આતંકવાદી કમાન્ડર સૈફુલ્લાહને ઘેરી લીધો હતો. સેફુલ્લાહ કુખ્યાત વૉન્ટેડ આતંકવાદી હતો અને તે સુરક્ષા એજન્સીઓના રડાર પર હતો. અગાઉ પણ તે અનેકવાર નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. એન્કાઉન્ટરમાં બે આતંકવાદી ઠાર મરાયા હતા (જુઓ પાનું ૨) ▶▶

## દેશમાં આતંકવાદી હુમલાનું કાવતરું: સાત બાંગ્લાદેશી સહિત આઠ પકડાયા

નવી દિલ્હી: પાકિસ્તાનની જાસૂસી સંસ્થા આઈએસઆઈ અને બાંગ્લાદેશસ્થિત આતંકવાદી સંગઠનની મદદથી દિલ્હીમાં મોટો આતંકવાદી હુમલો કરવાની યોજના ઘડી રહેલા સાત બાંગ્લાદેશી નાગરિક સહિત આઠ જણની ધરપકડ કરવામાં આવી હોવાનું દિલ્હી પોલીસે રવિવારે કહ્યું હતું. ત્રણ રાજ્યમાં આ કામગીરી હાથ ધરાઈ હતી. આ તમામને લશ્કર-એ-તૈયબા સાથે કડી હતી.

ધરપકડ કરાયેલા આઠ જણમાંથી છ જણને મિઝાપૂર રહેમાન, મોહમ્મદ શાબાત, ઉમર, મોહમ્મદ લિટાન, મોહમ્મદ શાહીદ અને મોહમ્મદ ઉજાલ તરીકે ઓળખી કાઢવામાં આવ્યા હતા.

આ આઠેયની તમિળનાડુથી ધરપકડ કરવામાં આવી હતી અને ત્યાર બાદ તેમને દિલ્હી લાવવામાં આવ્યા હોવાનું જણાવતાં પોલીસે કહ્યું હતું કે તેમની પાસેથી અનેક મોબાઈલ ફોન અને સિમકાર્ડ જપ્ત કરવામાં આવ્યા હતા. આતંકવાદીઓનું કેટલું મોટું નેટવર્ક છે અને વિદેશી જોડાણ ધરાવે છે કે નહીં એ મામલે વધુ તપાસ કરવામાં આવી રહી છે. દરમિયાન પશ્ચિમ બંગાળમાંથી વધુ બેની ધરપકડ (જુઓ પાનું ૨) ▶▶

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# યુએસ સુપ્રીમ કોર્ટનો ચુકાદો, ટ્રમ્પ ભારતને બનાવી ગયા

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે દુનિયાભરના દેશો પર લાદેલા ટૅરિફને અમેરિકાની સુપ્રીમ કોર્ટે ગેરકાયદે ગણાવીને રદ કરી દીધા પછી દુનિયાભરમાં ઓચ્છવ થઈ ગયેલો. ફાટીને ધુમાડે ગયેલા ટ્રમ્પની સાન સુપ્રીમ કોર્ટે ઠેકાણે લાવી દીધી છે એવા દાવા થતા હતા. સુપ્રીમ કોર્ટના ચુકાદાના કારણે ભારતને બહુ ફાયદો થશે ને ટ્રમ્પની સરકારે ટૅરિફ પેટે વસૂલેલી રકમ કંપનીઓને પાછી આપવી પડશે એવી પણ વાતો થતી હતી પણ ટ્રમ્પે ૨૪ કલાકમાં આ બધી વાતોની હવા કાઢી નાંખી છે.

ટ્રમ્પે ઈન્ટરનેશનલ ઈમર્જન્સી ઈકોનોમિક પાવર્સ એક્ટ (IEEPA) હેઠળ ભારત સહિતના દેશો પર ૨૫ ટકાથી વધુ ટૅરિફ ઠોકી દીધી હતી. અમેરિકાની સુપ્રીમ કોર્ટે ટૅરિફને ગેરકાયદે ગણાવતાં કહેલું કે, ટ્રમ્પ પાસે IEEPA હેઠળ ટૅરિફ લાદવાની સત્તા જ નથી. IEEPA હેઠળ ટૅરિફ અમેરિકાની સંસદ લાદી શકે, પ્રમુખ નહીં તેથી સુપ્રીમ કોર્ટે શુક્રવારે ૬-૩ના બહુમતીથી ચુકાદો આપતાં ટ્રમ્પ દ્વારા લગાવવામાં આવેલા ટૅરિફને રદ કરી દીધો હતો.

ટ્રમ્પ સુપ્રીમ કોર્ટના આ ચુકાદા માટે તૈયાર જ બેઠા હોય એમ ચુકાદો આવ્યાના કલાકમાં તો અમેરિકામાં આવતા તમામ માલ પર ૧૦ ટકા ગ્લોબલ ટૅરિફ લાદવાની જાહેરાત કરી દીધી હતી. અમેરિકાના 'ટ્રેડ એક્ટ ઓફ ૧૯૭૪' નામે કાયદો છે. આ કાયદાની કલમ ૧૨૨ હેઠળ અમેકિકાના પ્રમુખને દેશ પર આર્થિક સંકટનો ખતરો જણાય કે દેશની વ્યાપાર ખાધ વધતી લાગે તો આયાત પર ટૅરિફ તાત્કાલિક ટૅરિફ લગાવવાની સત્તા છે. આ નિયમ હેઠળ રાષ્ટ્રપતિ કોઈ પણ પ્રકારની પ્રક્રિયા વગર કામચલાઉ ધોરણે ટૅરિફ લાદવાનો નિર્ણય લઈ શકે છે.

ભૂતકાળમાં ૧૯૭૧માં રિચાર્ડ નિક્સને આ સત્તાનો ઉપયોગ કરીને દુનિયાભરના દેશો પર ૧૦ ટકા ગ્લોબલ ટૅરિફ લાદી દીધી હતી. અમેરિકામાં આવો કોઈ કાયદો નહોતો કે પ્રમુખ પાસે આવી અબાધિત સત્તા નહોતી તેથી નિક્સને લાદેલા ગ્લોબલ ટૅરિફનો મામલો કોર્ટમાં ગયો હતો. કોર્ટે આ ટૅરિફને માન્ય રાખેલા કેમ કે ટૅરિફ અમેરિકાના હિતમાં હતા પણ સાથે સાથે ટકોર કરેલી કે, ભવિષ્યમાં આર્થિક કટોકટી આવે તો તેને પહોંચી વળવા પ્રમુખ પાસે કાનૂની અધિકારો હોવા જોઈએ. તેના પગલે ૧૯૭૪માં ટ્રેડ એક્ટ ૧૯૭૪ બનાવાયો હતો.

અત્યાર સુધી બીજા કોઈ પ્રમુખે ટ્રેડ એક્ટ ૧૯૭૪ લાગુ કર્યો નથી કે કલમ ૧૨૨નો ઉપયોગ કર્યો નથી. ટ્રમ્પ ૧૨૨ લાગુ કરનારા પહેલા પ્રમુખ છે તેથી તેને કોર્ટમાં પડકારવામાં આવે ત્યારે અમેરિકાની કોર્ટ તેનું કેવું અર્થઘટન કરશે એ કોઈને ખબર નથી પણ અત્યારે તો ટ્રમ્પનો હાથ ઉપર છે.

આ કાયદા હેઠળ પ્રમુખ મહત્તમ ૧૫ ટકા ટૅરિફ લાદી શકે છે. ટ્રમ્પે એ સત્તાનો ઉપયોગ કરીને શુક્રવારે જાહેર કરેલા ૧૦ ટકા ટૅરિફમાં ૫ ટકાનો વધારો કરીને ૧૫ ટકા કરી નાંખી છે. ટ્રમ્પે પહેલાં મોટા ભાગના દેશો પર ૨૫ ટકાની આસપાસ ટૅરિફ ઠોકી બેસાડ્યા છે. તેની સરખામણીમાં ૧૫ ટકા ટૅરિફ રાહતરૂપ લાગે પણ ટ્રમ્પને ટૅરિફ લાદવાનો અધિકાર જ નથી તેથી ટ્રમ્પ ઠેકાણે પડી જશે એવી વાતો થતી હતી એ વાતોનો છેદ ઉડી ગયો છે.

ટ્રમ્પે ટ્રેડ એક્ટ ૧૯૭૪ હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરીને લાદેલી ૧૫ ટકા ગ્લોબલ ટૅરિફ ૧૫૦ દિવસ સુધી લાગુ રહેશે. આ સમયગાળા દરમિયાન સરકાર સ્થિતિની સમીક્ષા કરીને આગળનો નિર્ણય લેશે એવું કાયદો કહે છે. ટ્રમ્પની માનસિકતા જોતાં એ ૧૫૦ દિવસનો સમયગાળો પૂરો થતાં બીજા ૧૫૦ દિવસ માટે ગ્લોબલ ટૅરિફ લંબાવી દેશે તેથી ટ્રમ્પના ટૅરિફ કાયમી થઈ જવાના.

ટ્રમ્પના ગ્લોબલ ટૅરિફના નિર્ણયને અદાલતોમાં પડકારાશે એ નક્કી છે પણ અદાલતોમાં નિર્ણય આવતાં મહિનાઓ વિતી જશે. ટ્રમ્પે ગયા વરસે એપ્રિલમાં બધા દેશો પર ટૅરિફની જાહેરાત કરી હતી. આ ટૅરિફ કાયદેસર છે કે નહીં તેનો ચુકાદો આવતાં ૧૦ મહિના લાગી ગયા. ટ્રેડ એક્ટના આધારે લગાવાયેલા ટૅરિફની કાયદેસરતા નક્કી કરવામાં અદાલતો એટલો જ સમય લે એવું માનીએ તો ટ્રમ્પ માટે એટલો સમય પૂરતો છે. આ દરમિયાન ટ્રમ્પના સાથી કશુંક નવું શોધી લાવશે અથવા ટ્રમ્પ નવા કાયદા બનાવી દેશે તેથી ટૅરિફનું લફરું જવાનું નથી.

સુપ્રીમ કોર્ટના ચુકાદા પછી આપણે ત્યા કેટલાક હરખપદૂડાઓએ એવી વાતો વહેતી કરી નાંખી કે, ભારતને બહુ મોટો ફાયદો થઈ જશે. આ નમૂનાઓને ભારત અમેરિકામાં શું મોકલે છે ને અમેરિકાની સુપ્રીમ કોર્ટના ચુકાદાની અસર શું પડશે એ જ ખબર નથી. ભારત સ્ટીલ અને એલ્યુમિનિયમ મોટા પ્રમાણમાં અમેરિકા મોકલે છે. સુપ્રીમ કોર્ટના ચુકાદાને કારણે સ્ટીલ અને એલ્યુમિનિયમ પરના ટૅરિફ રદ થયા નથી કેમ કે સ્ટીલ અને એલ્યુમિનિયમ પર અલગ કાયદા હેઠળ ટૅરિફ લગાવાય છે. આ ટૅરિફ હજુ પણ લાગુ રહેશે તેથી ભારતને મોટો ફાયદો નથી.

સુપ્રીમ કોર્ટના ચુકાદામાં રેસિપ્રોકલ ટૅરિફ અને સ્પેશિયલ ટૅરિફ એ બેને ગેરકાયદેસર ગણાવાયા છે. ટ્રમ્પનું કહેવું હતું કે, અમેરિકા જેવા સાથે તેવા થઈને જે દેશ અમેરિકાના માલ પર જેટલો ટૅરિફ લગાવે છે તેટલો ટૅરિફ હવે અમેરિકા તેમના માલ પર વસૂલશે, તેમાં ભારત પર ૨૬ ટકા, ચીન પર ૩૪ ટકા એમ અલગ અલગ ટૅરિફ નક્કી કરવામાં આવ્યો હતો.

સુપ્રીમ કોર્ટના નિર્ણય પછી આ ટૅરિફ અમાન્ય થઈ ગયા છે પણ ગ્લોબલ ટૅરિફ ૧૫ ટકા આવી જતાં બધા દેશો પર ૧૫ ટકા ટૅરિફ લાગશે. આ સંજોગોમાં જે દેશ સસ્તો માલ આપી શકશે એ અમેરિકામાં માલ વેચી શકશે. અમેરિકા સાથેના ટ્રેડ ડીલની શરતો પ્રમાણે ભારત પરનો ટૅરિફ ૧૮ ટકા થઈ જવાનો હતો પણ હવે ભારત પર પણ ૧૫ ટકા ટૅરિફ જ લાગશે તેથી ટૅરિફમાં ભલે ઘટાડો થયો પણ સ્પર્ધા વધી ગઈ કેમ કે દુનિયાના બધા દેશો પર ૧૫ ટકા જ ટૅરિફ લાગવાનો છે. આ સંજોગોમાં ટ્રેડ ડીલનો કોઈ ફાયદો આપણને નહીં મળે.

સામે આપણે અમેરિકાના માલ પર ટૅરિફ ઘટાડીશું એ જોતાં ટ્રેડ ડીલ કરવામાં ઉતાવળ થઈ ગઈ હોય એવું લાગે છે. ટ્રમ્પને અંદાજ આવી ગયો હશે તેથી દબાણ કરીને ભારતને ટ્રેડ ડીલ કરવા તૈયાર કરીને અમેરિકાનો ફાયદો કરાવી લીધો અને ભારતને બનાવી ગયા. ટ્રમ્પના દોસ્તોને આ ચાલ સમજાઈ જ નહીં.

ટ્રમ્પે કેનેડા, ચીન અને મેક્સિકોથી આવતા કેટલાક સામાન પર ૨૫ ટકા સ્પેશિયલ ટૅરિફ લગાવી હતી. ટ્રમ્પનું કહેવું છે કે આ દેશોએ અમેરિકામાં ફેન્ટેનાઇલ ઘુસાડીને ડ્રગ્સનો કારોબાર કરાય છે તેને રોકવા માટે પૂરતા પગલાં લીધાં નથી. કોર્ટના નિર્ણયે આ ૨૫ ટકા ટૅરિફને પણ રદ કરી દીધો છે તેથી સુપ્રીમ કોર્ટના નિર્ણયથી કેનેડા, ચીન, મેક્સિકો સહિતના દેશો વધારે ફાયદામાં છે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર વસંતઋતુ, સોમવાર, તા.૨૩–૨–૨૦૨૬, આચાર્ય સુંદર સાહેબની પુણ્યતિથિ, હોળાષ્ટક પ્રારંભ

- ભારતીય દ્વિનાંક ૪, માહે ફાલ્ગુન, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, ફાલ્ગુન સુદ–૬
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે ફાલ્ગુન, તિથિ સુદ –૬
- પારસી શહેનશાહી રોજ ૧૩મો તીર, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૧૩મો તીર, માહે ૮મો આવાં, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૦મો આવાં, માહે ૧૨મો સ્પેનદાર્મદ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૫મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૭
- મીસરી રોજ ૭મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૭
- નક્ષત્ર ભરણી સાંજે ક. ૧૬–૩૩ સુધી, પછી કૃત્તિકા
- ચંદ્ર મેષમાં રાત્રે ક. ૨૨–૧૧ સુધી, પછી વૃષભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મેષ (અ, લ, ઈ), વૃષભ (બ, વ, ઉ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૦૩, અમદાવાદ ક. ૦૭ મિ. ૦૮, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૦, અમદાવાદ ક. ૧૮ મિ. ૩૮, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :
- ભરતીઃ સાંજે ક. ૧૬–૦૯ મધ્યરાત્રિ પછી ક. ૦૩–૪૯ (તા. ૨૪)
- ઓટઃ સવારે ક. ૦૯–૩૨, રાત્રે ક. ૨૧–૫૦
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, ફાલ્ગુન – શુક્લ ષષ્ઠી. આચાર્ય સુંદર સાહેબની પુણ્યતિથિ (સચ્ચિદાનંદ સંપ્રદાય), ગોરુપિણી ષષ્ઠી (બંગાલ), સપ્તમી ક્ષયતિથિ છે. મંગળ કુંભમાં સવારે ક. ૧૧–૫૨, હોળાષ્ટક પ્રારંભ મધ્યરાત્રિ પછી ક. ૩૧–૦૩ (તા. ૨૪), ભદ્રા પ્રારંભ મધ્યરાત્રિ પછી ક. ૦૭–૦૨.
- શુભાશુભ દ્વિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ યમદેવતાનું પૂજન, માલ વેંચવો, ધાન્ય ઘરે લાવવું,
- આચમનઃ ચંદ્ર–મંગળ ચતુષ્કોણ અવિચારી, ચંદ્ર–હર્ષલ યુતિ અસ્થિર મનના
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–મંગળ ચતુષ્કોણ, ચંદ્ર–હર્ષલ યુતિ (તા. ૨૪) ગ્રહગોચરઃ સૂર્ય–કુંભ, મંગળ–મકર/કુંભ, માર્ગી બુધ–કુંભ (બુધ અસ્ત) વક્રી ગુરુ–મિથુન, શુક્ર–કુંભ (શુક્ર પશ્ચિમમાં દેખાશે) માર્ગી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચ્યૂન–મીન, માર્ગી પ્લુટો–મકર.

## અફઘાની ટેરર ઠેકાણાં પર પાકિસ્તાનનો હુમલોઃ ૭૦ ત્રાસવાદી હણાયાનો દાવો

ઇસ્લામાબાદઃ પાકિસ્તાને હાલમાં દેશમાં થયેલા વિદ્રોહી હુમલાઓનો બદલો લેવા માટે અફઘાનિસ્તાનમાં સાત આતંકવાદી ઠેકાણાઓને નિશાન બનાવ્યા હતા. જેના જવાબમાં કાબુલે હુમલાઓનો જરૂરી અને વિચારપૂર્વકનો જવાબ આપવાની ચેતવણી આપી છે.

આમાં ૭૦ ત્રાસવાદી હણાયા હોવાનો પાકિસ્તાને દાવો કર્યો હતો. તાજેતરની આતંકવાદી ઘટનામાં શનિવારે ખૈબર પખ્તૂનખ્વા પ્રાંતના બન્નુ વિસ્તારમાં થયેલા આત્મઘાતી હુમલામાં સેનાના લેફટનન્ટ કર્નલ અને એક સૈનિકનું મૃત્યુ થયું હતું. માહિતી અને પ્રસારણ મંત્રાલયના એક નિવદેન અનુસાર પાકિસ્તાન પાસે નક્કર પુરાવા છે કે આ આતંકવાદી હુમલાઓ કથિત રીતે ખ્વારિજ દ્વારા તેમના અફઘાનિસ્તાન સ્થિત નેતૃત્વ અને હેન્ડલર્સના ઇશારે કરવામાં આવ્યા હતા. જેમાં ઇસ્લામાબાદમાં શિયા મસ્જિદ પર હુમલો, બાજૌર અને બન્નુમાં એક-એક ઘટના અને ત્યારબાદ શનિવારે બન્નુમાં એક હુમલાનો સમાવેશ થાય છે.

મંત્રાલયે જણાવ્યું કે આ હુમલાઓની જવાબદારી અફઘાનિસ્તાન સ્થિત પાકિસ્તાની તાલિબાન અને ઇસ્લામિક સ્ટેટ ઓફ ખોરસાન પ્રોવિન્સ(આઇએસકેપી)એ લીધી છે. દરમિયાન અફઘાનિસ્તાને એક નિવેદનમાં ચેતવણી આપી છે કે પક્તિકા અને નંગરહાર પ્રાંતો પર પાકિસ્તાની હુમલાઓનો જરૂરી અને વિચારપૂર્વકનો જવાબ આપવામાં આવશે.અફઘાનિસ્તાનના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું કે અમારી સરહદો અને અમારા લોકોની સુરક્ષા અમારી પવિત્ર ધાર્મિક અને રાષ્ટ્રીય ફરજ છે. તેમજ યોગ્ય સમયે આ હુમલાઓનો જરૂરી અને વિચારપૂર્વકનો જવાબ આપવામાં આવશે. તેણે આ હુમલાઓને અફઘાનિસ્તાનના રાષ્ટ્રીય સાર્વભૌમત્વ, આંતરરાષ્ટ્રીય કાયદા, સારા પાડોશીના સિદ્ધાંતો અને ઇસ્લામિક મૂલ્યોનું સ્પષ્ટ ઉલ્લંઘન ગણાવ્યું હતું.

અફઘાનિસ્તાને વધુમાં જણાવ્યું કે હુમલાઓમાં સામાન્ય નાગરિકો અને ધાર્મિક સ્થળોને નિશાન બનાવવામાં આવ્યા છે. તેને પાકિસ્તાનમાં ગુપ્તચર અને સુરક્ષા નિષ્ફળતાઓનો સ્પષ્ટ પુરાવો ગણાવ્યો હતો.

## દિલ્હી અને મેરઠ વચ્ચે દોડશે દેશની ફાસ્ટેસ્ટ મેટ્રો

મેરઠઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે ઉત્તર પ્રદેશના મેરઠમાં ૧૨,૯૩૦ કરોડના ડેવલપમેન્ટ પ્રોજેક્ટ લૉન્ચ કર્યા હતા અને કહ્યું હતું કે ભાજપની કામ કરવાની પદ્ધતિ શિલારોપણ વિધિ કર્યા બાદ યોજના સમયસર પૂરી થાય તેની ખાતરી કરે છે.

મોદીએ નમો ભારત રિજનલ રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમ (આરઆરટીએસ) અને મેરઠ મેટ્રો રેલનું ઉદ્ઘાટન કર્યું હતું જે ભારતની સૌથી ઝડપી સ્થાનિક મેટ્રો સિસ્ટમ છે. મેરઠ અને મોદીપુરમ વચ્ચે દોડનારી આ મેટ્રોની મેક્સિમમ ઑપરેશનલ સ્પિડ ૧૨૦ કિ.મી. પ્રતિકલાકની છે. મેરઠ મેટ્રો અને નમો ભારત આરઆરટીએસ રાજધાની દિલ્હીને ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદ, શાહિદાબાદ, મોદી નગર અને મેરઠને જોડશે.

આ આરઆરટીએ ૧૮૦ કિ.મી. પ્રતિકલાકની ઝડપે દોડશે, એમ સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું. (એજન્સી)

## માઓવાદી નેતા દેવજીએ પોલીસ સમક્ષ શરણાગતિ સ્વીકારી

હૈદરાબાદઃ ટોચના માઓવાદી કમાન્ડર અને સંગઠનના ચાવીરૂપ વ્યૂહકાર થિપ્પીરી તિરુપતિ ઉર્ફે દેવજીએ પોલીસ સમક્ષ શરણાગતિ સ્વીકારી લીધી હોવાનું પોલીસ અધિકારીઓએ રવિવારે કહ્યું હતું. તેલંગણાના જગતિયાલ જિલ્લાના વતની દેવજીની શરણાગતિને સંગંઠનને પડેલો મરણતોલ ફટકો લેખવામાં આવે છે કેમ કે હવે સંગઠન સ્તરે નેતૃત્વનો અભાવ સર્જાશે. ૬૨ વર્ષના દેવજી મે ૨૦૨૫માં મૃત્યુ પામેલા માર્ક્સવાદી પક્ષના મહામંત્રી નામ્બાલા કેશવ રાવના ઉત્તરાધિકારી બન્યા હોવાનું માનવામાં આવે છે. અન્ય વરિષ્ઠ માઓવાદી નેતા માલ્લા રાજી રેડ્ડીએ પણ સંગઠનના અન્ય સભ્યો સાથે શરણાગતિ સ્વીકારી હોવાનાં અહેવાલ છે. દેશમાંથી નકસલવાદને સંપૂર્ણપણે નેસ્તનાબૂદ કરવાના સરકારે આપેલા અલ્ટિમેટમને પગલે આ લોકોએ શરણાગતિ સ્વીકારી. (એજન્સી)

## મોટા ભાગના અમેરિકનો ટ્રમ્પ અને તેમના ટૅરિફ રાજકારણથી નારાજઃ સર્વે

વૉશિંગ્ટનઃ અમેરિકના લોકો પ્રમુખ ટ્રમ્પ જે રીતે દેશ ચલાવે છે અને ફુગાવા, ટૅરિફ અને બીજા દેશના સંબધો હાથ ધરે છે એનાથી નારાજ છે. હાલમાં એબીસીએ કરેલા સર્વોમાં આ ઘટસ્ફોટ થયો હતો. આ સર્વે સુપ્રીમ કોર્ટના ટ્રમ્પના ગ્લોબલ ટૅરિફને રદ કરનારા ચુકાદાના થોડા સમય પહેલાં જ કરવામાં આવ્યો હતો.

સર્વેમાં માલુમ પડ્યું હતું કે બે તૃતીયાંશ અમેરિકનો ટ્રમ્પ જે રીતે ફુગાવાને હાથ ધરે છે એના વિશે નારાજગી વ્યક્ત કરી હતી. દસમાંથી છ અમેરિકનોએ આયાતી સામાન પર જે રીતે ટૅરિફ લગાડવામાં આવે છે એનો વિરોધ કર્યો હતો. ૬૨ ટકા લોકોએ બીજા દેશ સાથેના સંબંધો અંગે ટ્રમ્પનો વિરોધ કર્યો હતો. ૫૮ ટકા લોકો ટ્રમ્પે વસાહતીનો મુદ્દો જે રીતે હાથ ધર્યો એનાથી નારાજ છે. ૫૭ ટકા લોકો માને છે કે અર્થતંત્રને વધુ સારી રીતે હાથ ધરી શકાયું હોત.

## પહેલા પાનાનું ચાલુ

### કૉંગ્રેસ તો

હું કૉંગ્રેસના લોકોને પૂછવા માગું છું કે આખો દેશ જાણે છે કે કૉંગ્રેસ નગ્ન છે, પરંતુ તમારે કપડાં કાઢવાની શી જરૂર હતી.

શુક્રવારે એઆઈ ઈમ્પેક્ટ સમિટનો વિરોધ કરવા બદલ દિલ્હી હાઈ કોર્ટે ઈન્ડિયન યુથ કૉંગ્રેસના ચાર કાર્યકર્તાને દિલ્હી પોલીસની કસ્ટડીમાં મોકલ્યા છે. જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ રવિએ આરોપી કાર્યકર્તાની કસ્ટડીમાં પાંચ દિવસની પૂછપરછ કરવાની પરવાનગી આપી છે.

એઆઈ સમિટ દરમિયાન ભારત મંડપમ્માં શર્ટ પહેર્યા વિના દેખાવ કરનાર ચાર કાર્યકર્તાની કસ્ટડી મેજિસ્ટ્રેટે પોલીસને આપી હતી. રિમાન્ડ માગતી વખતે દિલ્હી પોલીસે કહ્યું હતું કે કાર્યકર્તાઓએ નેપાળના જેન-ઝી જેવું વિરોધ પ્રદર્શન કર્યું હતું અને આ દેશને આંતરરાષ્ટ્રીય સ્તરે બદનામ કરવાનું કાવતરું છે. સરકારી વકીલે કહ્યું હતું કે આરોપીએ ભારત-અમેરિકા વેપાર કરારનો વિરોધ કરતાં દેશવિરોધી સૂત્રો પોકાર્યા હતા. કાર્યકર્તાઓએ વડા પ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધના સંદેશા ધરાવતા ટી-શર્ટ પહેર્યા હતા. આ ચાર દેખાવકારો યુવા કૉંગ્રેસના બિહારના નેશનલ સેક્રેટરી કૃષ્ણ હરિ, બિહારના સ્ટેટ સેક્રેટરી કુંદન યાદવ, આઈવાયસીના સ્ટેટ પ્રેસિડન્ટ અજય કુમાર અને તેલંગણાના નરસિંહા રાવ છે. કૉંગ્રેસે કહ્યું હતું કે મોદી સરકારને ખુલ્લી પાડવા આ પ્રોટેસ્ટ જરૂરી હતો. (એજન્સી)

### શર્ટલેસ દેખાવો

નથી, પરંતુ દેશની રાજદ્વારી છબિને પણ નુકસાન પહોંચાડ્યું છે. કોર્ટના આદેશમાં કહેવામાં આવ્યું છે કે, ''આરોપીઓ પર આરોપ છે કે તેમણે વૈશ્વિક પ્રતિનિધિઓ અને મહાનુભાવોની હાજરી ધરાવતા મુખ્ય આંતરરાષ્ટ્રીય એઆઈ સમિટ ૨૦૨૬ દરમિયાન ભારત મંડપમના હાઈ સિક્યોરિટી ધરાવતા પરિસરમાં ઘૂસવાનું સુનિયોજિત કાવતરું ઘડ્યું હતું. તેમાં કહેવામાં આવ્યું છે કે વિરોધીઓએ કથિત રીતે 'ઉશ્કેરણીજનક સૂત્રો' સાથેની ટી-શર્ટ પહેરી હતી જેમાં 'ભારત-અમેરિકા વેપાર કરાર દરમિયાન વડાપ્રધાન ઝૂકી' ગયાનું વાંધાજનક સૂત્ર લખ્યું હતું. પ્રદર્શનકારીઓએ જાહેર સેવકોને તેમની ફરજો નિભાવવાથી અટકાવ્યા હતા અને પોલીસ કર્મચારીઓ પર શારીરિક હુમલો કર્યો હતો, જેના કારણે તેમને ગંભીર ઇજાઓ પહોંચી હતી.

મેજિસ્ટ્રેટે જણાવ્યું હતું કે તપાસમાં જાણવા મળ્યું છે કે આરોપીઓના ઘણા સહયોગીઓ કદાચ ફરાર છે, જેઓ ડિજિટલ પુરાવા, નાણાકીય લીડ્સ વગેરે સાથે છેડછાડ કરી શકે છે. તેમણે ભાર મૂક્યો હતો કે કથિત ગુનાઓની 'સંપૂર્ણ તપાસ' જરૂરી છે, કારણ કે તે આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ પર જાહેર વ્યવસ્થા અને રાષ્ટ્રીય સુરક્ષા માટે ગંભીર ખતરો છે. કોર્ટે જણાવ્યું હતું કે ચારેય આરોપીઓને પચીસ ફેબ્રુઆરી સુધી પાંચ દિવસ માટે પોલીસ કસ્ટડીમાં રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ધરપકડ કરાયેલા પ્રદર્શનકારીઓમાં બિહારના યુવા કોંગ્રેસના રાષ્ટ્રીય સચિવ કૃષ્ણા હરિ, બિહારના યુવા કોંગ્રેસના રાજ્ય સચિવ કુંદન યાદવ, ઉત્તર પ્રદેશના યુવા કોંગ્રેસના રાજ્ય પ્રમુખ અજય કુમાર અને તેલંગણાના નરસિંહ યાદવનો સમાવેશ થાય છે.

### ડૉનલ્ડ ટ્રમ્પના

પ્રયાસ થયા છે.૧૩ જુલાઈ,૨૦૨૪એ પેન્સિલ્વેનિયાના બટલરમાં પ્રચારસભામાં હત્યાના થયેલા પ્રયાસમાં ટ્રમ્પ ઘાયલ થયા હતા. ૧૫ સપ્ટેમ્બર,૨૦૨૪એ વેસ્ટ પામ બીચના ટ્રમ્પના ગોલ્ફ કોર્સમાં રાઈફલ સાથે પ્રતીક્ષા કરી રહેલો ઈસમ પકડાયો હતો. આ મહિને તેને આજીવન કેદની સજા મળી હતી.

વાઈટ હાઉસે પ્રતિક્રિયા આપવાની વિનંતીનો જવાબ આપ્યો નહોતો.

### ભારત અને

અંગેની બેઠક હાલ મુલતવી રાખવામાં આવી છે

વૉશિંગ્ટનમાં યોજાનારી આ બેઠકમાં ભારત તરફથી વાણિજ્ય મંત્રાલયના સંયુક્ત સચિવ દર્પણ જૈન હાજર રહેવાના હતા. તેમજ ભારતીય ટીમ અમેરિકામાં ત્રણ દિવસ ચર્ચા કરવાની હતી. આ બેઠકનો હેતુ વચગાળાની ટ્રેડ ડીલ અંગે માટે કાનૂની દસ્તાવેજોને અંતિમ સ્વરૂપ આપવાનો હતો. આ સમગ્ર મામલો અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પના નવા ટૅરિફ નિર્ણયો સાથે જોડાયેલો છે.

### જૈશના

અને બાકીના ત્રણ સાથે સામસામા ગોળીબાર ચાલી રહ્યા હતા.

આતંકવાદીઓ નાસી જવામાં સફળ ન થાય તે માટે સેનાએ એ વિસ્તારના તમામ એન્ટ્રી અને એક્ઝિટ પૉઈન્ટ સીલ કરી દીધા હતા.

સર્ચ ઑપરેશનની સંવેદનશીલતાને ધ્યાનમાં રાખીને વધારાની ટુકડીઓને પણ એ વિસ્તારમાં મોકલવામાં આવી હતી. અત્યાધુનિક ડ્રોન અને સ્નિફર ડૉગની મદદથી બાકીના આતંકવાદીઓનાં લોકેશનની ભાળ મેળવવામાં આવી રહી છે.

આતંકવાદીઓ તળેટી વિસ્તારમાં ગારમટીના ઘરમાં રહેતા હતા. સુરક્ષા દળને પોતાની તરફ આગળ વધતા જોઈ તેમણે ગોળીબાર કર્યો હતો. સુરક્ષા દળે હાથ ધરેલી જવાબી કાર્યવાહીમાં બે આતંકવાદી ઠાર મરાયા હતા. (એજન્સી)

### એઆઈના

'મન કી બાત'ના ૧૩૧માં એપિસોડ દ્વારા દેશવાસીઓને સંબોધિત કર્યા હતા. આ ખાસ એપિસોડમાં પીએમ મોદીએ ભારતની વધતી જતી આધુનિક શક્તિ અને વૈશ્વિક સ્તરે ભારતીયોના પ્રભાવ વિશે ગૌરવ સાથે વાત કરી હતી.

વડાપ્રધાને સંબોધનની શરૂઆતમાં તાજેતરમાં યોજાયેલી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) સમિટનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે જણાવ્યું કે આ સમિટમાં દુનિયાએ ભારતની અદ્ભુત ક્ષમતાઓ જોઈ છે. ભારતે ત્રણ 'મેઇડ ઈન ઈન્ડિયા' એઆઈ મોડલ્સ લોન્ચ કર્યા છે, જે ટેક્નોલોજીના ક્ષેત્રમાં ભારતની સ્વનિર્ભરતા દર્શાવે છે. રક્ષિત કરવામાં પણ એઆઈ મહત્વની ભૂમિકા ભજવી રહી છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે તેમના માસિક રેડિયો કાર્યક્રમ 'મન કી બાત'ના ૧૩૧મા એપિસોડમાં દેશને સંબોધિત કર્યો હતો. દરમિયાન વડા પ્રધાને અંગદાનના ઉમદા કામ પર પ્રકાશ પાડ્યો અને કહ્યું કે આવા દયાળુ કામ પ્રત્યે લોકોની જાગૃતિથી જરૂરિયાતમંદ લોકોની મદદ થઈ રહી છે અને સાથે જ દેશમાં મેડિકલ રિસર્ચને મજબૂતી મળી રહી છે.'મન કી બાત'માં મોદીએ કેરળની ૧૦ મહિનાની બાળકી આલિન શેરીન અબ્રાહમના મોત અંગે વાત કરી હતી.

તેમણે કહ્યું હતું કે ઘણા વિદેશી ઉત્પાદનો હોળીની ઉજવણીમાં અથવા અન્ય તહેવારોમાં પ્રવેશી ચૂક્યા છે. તેમને તહેવારોથી દૂર રાખો, તેને હોળીથી પણ દૂર રાખો અને 'સ્વદેશી' અપનાવો. જ્યારે તમે સ્વદેશી ખરીદો છો ત્યારે તમે દેશને આત્મનિર્ભર બનાવવાના અભિયાનમાં પણ મદદ કરો છો.

### આતંકવાદી હુમલાનું

કરવામાં આવી હતી જેને પગલે ધરપકડ કરાયેલાઓની કુલ સંખ્યા વધીને આઠ થઈ હતી. આરોપીઓ આતંકવાદીઓને સહાય કરતા હોવા ઉપરાંત શહેરનું સર્વેક્ષણ કરી રહ્યા હોવાની શંકા છે.

તમિળનાડુમાં પોલીસે બે જણની ઉથુકુલી, ત્રણની પાલ્લાડમ અને એકની તિરુમુરુગનપોન્ડી ખાતેથી ધરપકડ કરી હતી. બનાવટી આધાર કાર્ડના આધારે પોતાની સાચી ઓળખ છુપાવવા આ લોકો ગારમેન્ટ ક્ષેત્રમાં કામ કરતા હતા. આ ટોળકી દેશના વિવિધ વિસ્તારમાં આતંકવાદી હુમલા કરવાની તૈયારી કરી રહી હોવાની મળેલી ચોક્કસ બાતમીને આધારે આ ધરપકડ કરવામાં આવી હતી. એક અહેવાલ મુજબ આરોપીઓએ અનેક શહેરોનું સર્વેક્ષણ કર્યું હતું અને દિલ્હીમાં એઆઈ સમિટ દરમિયાન તેમણે 'ફ્રી કાશ્મીર' સહિત અન્ય આક્ષેપ કરતા પૉસ્ટરો મેટ્રો સ્ટેશન પર લગાડ્યા હતા અને ત્યાર બાદ તેઓ તમિળનાડુ અને પશ્ચિમ બંગાળ જતા રહ્યા હતા. પોલીસના જણાવ્યાનુસાર આ તમામ આરોપી સોશ્યલ મીડિયા મારફતે એકમેકના સંપર્કમાં હતા. ગ્રૂપના આઠમાંથી ચાર જણ કથિત પૉસ્ટરો લગાડવા દિલ્હી ગયા હતા, એમ પોલીસે કહ્યું હતું. (એજન્સી)

### અમદાવાદમાં

વર્લ્ડ કપની ફાઇનલમાં પણ સામસામે આવશે એવું શરૂઆતથી જ કહેવાઈ રહ્યું છે એટલે રવિવારની અમદાવાદની મૅચ 'ફાઇનલ પહેલાંની ફાઇનલ' કહેવાતી હતી જેમાં સાઉથ આફ્રિકા મેદાન મારી ગયું. ડેવિડ મિલર (૩૫ બૉલમાં ૬૩ રન)ને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર અપાયો હતો.

રૅન્કિંગના વર્લ્ડ નંબર-વન ભારતની ટીમમાં અભિષેક શર્મા અને વરુણ ચક્રવર્તી જેવા વર્લ્ડ નંબર-વન ખેલાડીઓ હોવા છતાં યજમાન ટીમે પાંચમા ક્રમના સાઉથ આફ્રિકા સામે ઘૂંટણિયા ટેકવવા પડ્યા. ભારતના ૧૧૧ રનમાં શિવમ દુબે (૪૨ રન, ૩૭ બૉલ, ત્રણ સિક્સર, એક ફોર)નું યોગદાન સૌથી વધુ હતું. એ સિવાય બીજો કોઈ બૅટ્સમૅન ૨૦ રન સુધી પણ નહોતો પહોંચી શક્યો. અમદાવાદની કાળી માટીવાળી પિચ કે જેના પર પેસ બોલરને વધુ મદદ મળવાની હતી એના પર બૉલ નીચા અને ધીમા રહી જતા હતા અને એમાં વિકેટ બચાવવી ભારતીય બૅટ્સમેનો માટે ખૂબ અઘરું કામ હતું. માર્કો યેનસેને માત્ર બાવીસ રનમાં ચાર, સ્પિનર કેશવ મહારાજે ૨૪ રનમાં ત્રણ અને કૉર્બિન બૉશ્ચે ૧૨ રનમાં બે તથા કૅપ્ટન માર્કરમે પાંચ રનમાં એક વિકેટ લીધી હતી.

દાવની શરૂઆતમાં પાછલી ત્રણ મૅચમાં ઝીરો પર આઉટ થનાર અભિષેક શર્મા (૧૫ રન, ૧૨ બૉલ, એક સિક્સર, બે ફોર) સામા છેડે ઊભા રહીને બન્ને સાથી (ઇશાન, તિલક)ને આઉટ થતા જોયા ત્યાર પછી સૂર્યકુમાર સાથેની ભાગીદારી શરૂ થયા પછી રબાડાની ઓવરમાં એક સિક્સર અને એક ફોર સાથે અલગ મિજાજ બતાવવાની શરૂઆત કરી દીધી હતી.

જોકે માત્ર ૧૫ રનના પોતાના સ્કોર પર અભિષેકે વિદાય લીધી હતી. એટલું સારું થયું કે તે સતત ચોથી વાર શૂન્યમાં આઉટ નહોતો થયો. તેની પહેલાં ઇશાન ઝીરોમાં અને તિલક એક રનમાં વિકેટ ગુમાવી બેઠો હતો. અભિષેક પછી ૪૩ રનના કુલ સ્કોર પર વૉશિંગ્ટન સુંદરે (૧૧ રન, ૧૧ બૉલ, એક સિક્સર) પણ ચાલતી પકડી હતી. થોડી વારમાં (૫૧ રનના સ્કોર પર) કૅપ્ટન સૂર્યકુમાર (૧૮ રન, બાવીસ બૉલ, બે ફોર) પણ પૅવિલિયનમાં પાછો આવી ગયો હતો. ઇશાન-તિલકના શરૂઆતના આંચકા બાદ ૨૭ રનમાં ભારતે ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી અને પછી જીતવાનું અશક્ય થઈ ગયું હતું.

એ પહેલાં, સાઉથ આફ્રિકાએ બૅટિંગ લીધા બાદ સાત વિકેટે ૧૮૭ રન કરીને ભારતને ૧૮૮ રનનો પડકારરૂપ લક્ષ્યાંક આપ્યો હતો. ખાસ તો ભારતીય ટીમને ડેવિડ મિલર (૬૩ રન, ૩૫ બૉલ, ત્રણ સિક્સર, સાત ફોર) અને ડેવાલ્ડ બ્રેવિસ (૪૫ રન, ૨૯ બૉલ, ત્રણ સિક્સર, ત્રણ ફોર) વચ્ચેની ચોથી વિકેટ માટેની ૯૭ રનની ભાગીદારી નડી હતી. તેમણે ટીમનો સ્કોર ૩/૨૦ હતો એ ૫૧ બૉલમાં ૧૧૭ રન સુધી પહોંચાડી દીધો હતો. છેક ૧૩મી અને ૧૬મી ઓવરમાં અનુક્રમે શિવમ દુબે અને વરુણ ચક્રવર્તીએ બ્રેવિસ અને મિલરની વિકેટ લીધી હતી. બુમરાહે ત્રણ, અર્શદીપે બે તેમ જ વરુણ-શિવમે એક-એક વિકેટ લીધી હતી.

હાર્દિકને ૪૫ રનમાં અને વૉશિંગ્ટનને ૧૭ રનમાં વિકેટ નહોતી મળી. ભારતીય ટીમમાં કુલદીપ યાદવની જગ્યાએ અર્શદીપ સિંહને રમાડવામાં આવ્યો હતો. ઓપનર અભિષેકને વધુ એક મોકો અપાયો હતો.

# કોસ્ટલ રોડની ૭૦ હેકટર ખુલ્લી જગ્યામાં ‘બર્ડ ટ્રેઈલ્સ’, મિયાવાકી અને નાગરી સુવિધા

## મહાલક્ષ્મી રેસકોર્સ પર બોટનિકલ ગાર્ડન અને રમતગમત ક્ષેત્રનો વિકાસ કરવામાં આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકા દ્વારા કોસ્ટલ રોડ પ્રોજેક્ટ માટે ભરણી કરીને ઉપલબ્ધ કરવામાં આવેલી ૭૦ હેકટર ખુલ્લી જગ્યાનો હરિયાળા પટ્ટામાં વિકાસ કરવાનો ડ્રાફ્ટ પ્લાન જાહેર કરવામાં આવ્યો છે, જેમાં પિકલ બૉલ કોર્ટ, દરિયાકિનારા પર ‘બર્ડ ટ્રેઈલ્સ’ (પક્ષી માર્ગ), મિયાવાકી પદ્ધતિએ વન અને વિવિધ નાગરી સુવિધા ઊભી કરવામાં આવવાની છે. મુંબઈમાં સિમેન્ટ-કૉંક્રીટના જંગલમાં હરિયાળું જંગલ ગાયબ થઈ ગયું છે ત્યારે તેની ભરપાઈ કોસ્ટલ રોડ પરની ખુલ્લી જગ્યામાં મોટા પ્રમાણમાં વૃક્ષો લગાડીને કરવામાં આવવાની છે.

મુંબઈમાં છેલ્લા થોડા વર્ષોમાં હવાની ગુણવત્તા કથડી ગઈ છે ત્યારે જુદા જુદા પ્રોજેક્ટ માટે વૃક્ષોનું નિકંદન કાઢવામાં આવી રહ્યું છે ત્યારે સાઉથ મુંબઈ રેસિડન્ટ અસોસિયેશન મારફત આયોજિત નાગરી સંવાદમાં પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ રીક્લેમ કરીલે જમીનના વિકાસ માટેનો પ્લાન રજૂ કર્યો હતો. લગભગ ૧૦.૫૮ કિલોમીટર લંબાઈનો કોસ્ટલ રોડ ૨૦૨૪માં વાહનવ્યવહાર માટે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ પ્રોજેક્ટ માટે અરબી સમુદ્રની ૧૧૧ હેકટર જમીન પર ભરણી કરવામાં આવી હતી, તેમાંથી ૪૦ હેકટર વિસ્તારમાં રસ્તા, ફ્લાયઓવર અને ટ્રાફિક ઈન્ટરચેન્જ માટે વાપરવામાં આવી હોઈ બાકીની ૭૦ હેકટર જમીન ઉદ્યાન અને ઓપન સિવિલ ફેસિલીટી (નાગરી સુવિધા) માટે અનામત છે.

કોસ્ટલ રોડ શરૂ થયો ત્યારથી હજી સુધી આ ખુલ્લી જમીનનો ઉપયોગ કરવામાં આવ્યો નથી. તેના સુશોભિકરણ માટે મુંબઈ મહાનગરપાલિકા તરફથી સીએસઆર અંતર્ગત ખાનગી કંપનીની નિમણૂક કરવામાં આવી હોઈ તે માટે લગભગ ૪૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવવાનો છે. આ જમીન પર લેન્ડસ્કેપિંગ અને તેની દેખરેખ માટેની મુદત ૩૦ વર્ષની છે. આ અંતર્ગત ભુલાભાઈ દેસાઈ રોડ નજીક બહાર પડતા રોડને લાગીને ‘બર્ડ ટ્રેલ’ વિકસીત કરવામાં આવવાનું છે. તેમ જ સ્થાનિક પ્રજાતિના ઝાડ લગાવીને પક્ષીઓને રહેવા માટે પોષક વાતાવરણ નિર્માણ કરવામાં આવવાનું છે. અમરસન્સ ગાર્ડન ઈન્ટરચેન્જ પરિસરમાં ઓપન થિયેટર અને પામ વૃક્ષો ઊભા કરવામાં આવવાના છે. આ દરમ્યાન કોઈ પણ જગ્યાનો કમર્શિયલ ઉપયોગ કરવામાં આવશે નહીં એવું આશ્વાસન પણ પાલિકા કમિશનરે નાગરિકોને આપ્યું હતું.

### વરલીથી મહાલક્ષ્મી મિયાવાકી જંગલ

હાજી અલી ઈન્ટરચેન્જ પરિસરમાં પિકલ બૉલ કોર્ટ ઊભું કરવાનો પાલિકાનો વિચાર છે. એ સાથે જ વરલીથી મહાલક્ષ્મી દરમ્યાન મિયાવાકી પદ્ધતિએ સૂક્ષ્મ વન અને ‘કૉનફ્લુઅન્સ ગાર્ડન’ વિકસાવવામાં આવવાના છે. વરલીમાં બંધ પડેલી જેટ્ટીનો કાયમી સ્વરૂપે હેલિપૅડમાં રૂપાંતર કરવાનો પ્રસ્તાવ હોઈ તે સંબંધિત પ્રક્રિયા ચાલી રહી હોવાનું કમિશનરે કહ્યું હતું. સુશોભિકરણનો ફાઈનલ પ્લાન ગાર્ડન ડિપાર્ટમેન્ટને રજૂ કરવામાં આવ્યો હોઈ તેના પર અંતિમ મંજૂરી મળ્યા બાદ કામ શરૂ થશે. પ્રોજેક્ટ માટે લગભગ ત્રણ વર્ષનો સમય લાગશે.

### મહાલક્ષ્મી રેસકોર્સ પર સ્પોર્ટ્સ સુવિધા

મહાલક્ષ્મી રેસકોર્સની ૨૧૧ એકર જગ્યામાંથી ૧૨૦ એકર જગ્યા પાલિકા પાસે હોઈ તે વિસ્તારમાં વનસ્પતિ ઉદ્યાન, ટોપિયરી ગાર્ડન અને ‘સિટી ફોરેસ્ટ’ વિકસિત કરવાનો પ્રસ્તાવ પાલિકા તરફથી આવ્યો છે. એ સિવાય રેસકોર્સ પરિસરમાં અંડરગ્રાઉન્ડ સ્પોર્ટસની સુવિધા અને કન્વેન્શન સેન્ટર પણ ઊભું કરવાની યોજના છે. નેહરુ સેન્ટર અને આચાર્ય અત્રે ચોક મેટ્રો સ્ટેશનને જોડનારી અંડરગ્રાઉન્ડ ટનલકી નાગરિકો સીધા ગાર્ડન પરિસરમાં પ્રવેશ કરી શકશે એ મુજબનો પ્રસ્તાવ છે. તેમ જ હાજી અલી ગાર્ડન સુધી સળંગ લીલો પટ્ટો નિર્માણ કરવાની પણ પાલિકાની યોજના છે.

# રાજ્યસભાની બેઠક પર ‘પહેલો અધિકાર’ અમારો

## આદિત્ય ઠાકરેના નિવેદનને સંજય રાઉતનું સમર્થન

મુંબઈ: શિવસેના (યુબીટી) ના નેતા આદિત્ય ઠાકરેએ નિવેદન આપ્યું હતું કે આગામી રાજ્યસભા ચૂંટણીમાં એમવીએમાં સૌથી મોટા ઘટક પક્ષ તરીકે મહારાષ્ટ્રમાંથી ગઠબંધનની એકમાત્ર જીતી શકાય તેવી બેઠક પર તેમનો 'પહલો અધિકાર' છે. તેમના આ નિવેદનને પાર્ટીના નેતા સંજય રાઉતે રવિવારે સમર્થન આપ્યું હતું.

નોંધનીય છે કે એપ્રિલમાં એનસીપી (એસપી) ના વડા શરદ પવાર, ધૈર્યશીલ પાટિલ અને ફૌઝિયા ખાન, સેના (યુબીટી) ના નેતા પ્રિયંકા ચતુર્વેદી, આરપીઆઈ (આઠવલે ) ના રામદાસ આઠવલે, ભાજપના ભાગવત કરાડ, અને કોંગ્રેસના રજની પાટિલનો રાજ્યસભા કાર્યકાળ સમાપ્ત થશે.

વિપક્ષ મહા વિકાસ આઘાડી (એમવીએ) પોતાની ઓછી સંખ્યાને કારણે સંસદના ઉપલા ગૃહમાં એક ઉમેદવાર મોકલી શકે છે.

આ અઠવાડિયાની શરૂઆતમાં, આદિત્ય ઠાકરેએ સંસદના ઉપલા ગૃહમાં એમવીએની એકમાત્ર જીતી શકાય તેવી બેઠક પર પોતાનો પક્ષનો દાવો રજૂ કર્યો હતો. વિધાનસભામાં સંખ્યાને ધ્યાનમાં લેતા, રાજ્યસભા બેઠક તેમના પક્ષની છે અને એમવીએમાં ચોક્કસપણે તે દિશામાં વાતચીત થશે, એમ તેમણે કહ્યું હતું. અહીં પત્રકારો સાથે વાત કરતા, રાઉતે કહ્યું કે પક્ષના વલણમાં કોઈ વિસંગતતા નથી અને નિર્દેશ કર્યો કે શિવસેના (યુબીટી) ૨૦ ધારાસભ્યો સાથે વિપક્ષમાં એકમાત્ર સૌથી મોટી પાર્ટી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, આદિત્ય ઠાકરેએ જે કહ્યું તેમાં કંઈ ખોટું નથી. કોંગ્રેસ પાસે ૧૬ અને એનસીપી (એસપી) પાસે ૧૦ ધારાસભ્યો છે. તેથી જે પણ રાજ્યસભામાં ચૂંટાય છે તે એમવીએના ઉમેદવાર તરીકે જશે. સૌથી મોટા પક્ષ તરીકે, શિવસેના (યુબીટી)નો પહેલો અધિકાર છે.

શરદ પવાર વિશેની તેમની અગાઉની ટિપ્પણીઓ વિશે સ્પષ્ટતા કરતા રાજ્યસભા સાંસદે કહ્યું કે તેમણે ફક્ત એટલું જ કહ્યું હતું કે એક વરિષ્ઠ નેતા તરીકે શરદ પવારે તેમની ઇચ્છા વ્યક્ત કરી છે. તેઓ એમવીએના એક વરિષ્ઠ નેતા છે. અમે સાથે બેસીને સામૂહિક નિર્ણય લઈશું, પરંતુ પહેલા એ સ્વીકારવું પડશે કે સૌથી મોટા પક્ષ તરીકે શિવસેના (યુબીટી)નો પ્રાથમિક દાવો છે. એનસીપી (એસપી)ના વડાએ અત્યાર સુધી તેમની પાર્ટીમાંથી સત્તાવાર રીતે તેમની ઉમેદવારી જાહેર કરી નથી.

સાબિત કેલ્સીયોગ®
હાડકા અને સાંધાના ટોનિક
આયુર્વેદિક કેલ્શિયમ ટેબ્લેટ્સ
Amazon પર કેશ ઑન ડિલિવરી ઉપલબ્ધ
ડૉ. અભિજીત 9422011723
ધૌતી-યોગ ની પ્રભાવી ઔષધિ

## કાશીમીરામાં નવા વર્ષની પાર્ટીમાં યુવકની હત્યા

# ફરાર આરોપી નાયગાંવથી પકડાયો

થાણે: કાશીમીરા વિસ્તારમાં નવા વર્ષની પાર્ટી દરમિયાન યુવકની હત્યાના કેસમાં એક વર્ષથી ફરાર આરોપીને પોલીસે નાયગાંવથી ઝડપી પાડ્યો હતો.

કાશીમીરામાં ૧ જાન્યુઆરી, ૨૦૨૫ની વહેલી સવારે આ ઘટના બની હતી. એક મિત્રના ઘરે નવા વર્ષની પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હોવાથી રાજા પરિયાર અને તેના મિત્રો ત્યાં એકઠા થયા હતા. પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે ત્યાં સાઉન્ડ સિસ્ટમ પર વાગી રહેલા સંગીત પર તેઓ નાચી રહ્યા હતા ત્યારે ગીત વગાડવાને મુદ્દે તેમાંથી એક જણનો ત્યાંના સ્થાનિક રહેવાસી સાથે વિવાદ થયો હતો.

રહેવાસીએ બાદમાં તેના સાથીદારોને કૉલ કરીને બોલાવ્યા હતા, જેમણે રાજા પરિયાર અને તેના મિત્રો પર લાઠી અને અન્ય વસ્તુથી હુમલો કર્યો હતો. હુમલામાં રાજા પરિયારનું ગંભીર ઇજાને કારણે મોત થયું હતું, જ્યારે તેના બે મિત્રો પણ ઘાયલ થયા હતા, એમ પોલીસે જણાવ્યું હતું.

દરમિયાન ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કર્યા બાદ મળેલી માહિતીને આધારે પોલીસની ટીમે ૧૯ ફેબ્રુઆરીએ વસઇના નાયગાંવ સ્થિત વાકીપાડા વિસ્તારમાંથી ફરાર આરોપીને ઝડપી પાડ્યો હતો, જેની ઓળખ આદેશ ઉર્ફે છલા પ્રકાશ જાધવ તરીકે થઇ હતી. પોલીસ હવે ગુનામાં સામેલ અન્ય આરોપીઓની શોધ ચલાવી રહી છે. (પીટીઆઇ)

## અજિત પવાર વિમાન દુર્ઘટના

# પ્રાથમિક તપાસ રિપોર્ટ ૨૮ ફેબ્રુઆરી પહેલાં જાહેર કરાશે: મોહોલ

પુણે: કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન રાજ્ય પ્રધાન અને પુણેના સાંસદ મુરલીધર મોહોલે રવિવારે જણાવ્યું હતું કે એનસીપી નેતા અજિત પવારના મૃત્યુ પામેલા વિમાન દુર્ઘટનાનો પ્રાથમિક રિપોર્ટ ૨૮ ફેબ્રુઆરીએ અથવા તે પહેલાં બહાર પાડવામાં આવશે.

બારામતી એરપોર્ટથી થોડે દૂર લિયરજેટ ૪૫ ક્રેશ થતાં ૨૮ જાન્યુઆરીએ પવાર અને અન્ય ચાર લોકોનાં મોત થયા હતા. અહીં એક કાર્યક્રમમાં પત્રકારો સાથે વાત કરતા મોહોલએ કહ્યું જણાવ્યું હતું કે પ્રારંભિક રિપોર્ટ ૨૮ અથવા તે પહેલાં આવશે.

આ ઘટના તીવ્ર અટકળોનો વિષય બની છે, જેમાં એનસીપી (સપા)ના વિધાનસભ્ય અને પવારના ભત્રીજા રોહિત પવારે વિમાનની માલિકીની કંપની સાથે જોડાયેલી ગેરરીતિઓ અને અન્ય તકનીકી ખામીઓ હોવાનો દાવો કરીને ઘણી પ્રેસ કોન્ફરન્સ કરી હતી. તેમણે આ દુર્ઘટના અંગે પણ શંકા વ્યક્ત કરી છે.

શનિવારે કર્જત-જામખેડના વિધાનસભ્યએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને માગ કરી હતી કે નાગરિક ઉડ્ડયન મંત્રી કે. રામ મોહન નાયડુને દુર્ઘટનાની તપાસ પૂર્ણ થાય ત્યાં સુધી કેન્દ્ર સરકારમાંથી રાજીનામું આપવાનું કહેવામાં આવે.

કંપની વીએસઆર અને રામમોહન નાયડુની પાર્ટી (ટીડીપી) સાથેના તેના સંબંધો અંગે ગંભીર પ્રશ્નો ઉભા થયા છે. આ સંબંધોની તપાસ સ્વતંત્ર અને સક્ષમ અધિકારી દ્વારા થવી જોઈએ, પ્રાધાન્ય આંતરરાષ્ટ્રીય એજન્સીઓ સાથે સહયોગ કરીને, એમ પવારે પત્રમાં જણાવ્યું હતું, જેની એક નકલ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહને પણ મોકલવામાં આવી હતી.

જોકે મોહોલે કહ્યું કે નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલયે પહેલાથી જ એક પ્રેસ નિવેદન બહાર પાડ્યું છે જેમાં સર્વોચ્ચ ઉડ્ડયન સંસ્થાએ ચાલુ તપાસ સંબંધિત દરેક બાબત પર સ્પષ્ટતા કરી છે.

એજન્સી તરફથી જારી કરાયેલા નિવેદનમાં જણાવાયું છે કે પ્રારંભિક અહેવાલ ૨૮ ફેબ્રુઆરી પહેલા જાહેર કરવામાં આવશે. તપાસ વિશે બધું જ બધાની સામે રાખવામાં આવ્યું છે અને અહેવાલ જાહેર કરવામાં આવશે. હું કોઈની ટિપ્પણી પર ટિપ્પણી કરવા માંગતો નથી, એમ મોહોલે કહ્યું હતું.

# થાણેના બિલ્ડરને ‘બિશ્નોઇ ગ્રૂપ’ના નામે ૧૦ કરોડ રૂપિયાની ખંડણી માટે ધમકી મળી

થાણે: થાણેના જાણીતા બિલ્ડરને ૧૦ કરોડ રૂપિયાની ખંડણી માટે ધમકી આપવામાં આવી હતી. બિઝનેસમેનને કૉલ કરનાર વ્યક્તિએ પોતે ‘બિશ્નોઇ ગ્રૂપ’નો ભાગ હોવાનો દાવો કર્યો હતો. નૌપાડા પોલીસે આ પ્રકરણે અજાણ્યા શખસો વિરુદ્ધ ગુનો દાખલ કરીને તેમની શોધખોળ આદરી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

૬૦ વર્ષના બિલ્ડરે આ પ્રકરણે નૌપાડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદી ધાર્મિક સમારોહમાં હાજરી આપવા મધ્ય પ્રદેશ ગયો હતો, જ્યાં ૧૧ ફેબ્રુઆરીએ તેને અનેક વ્હૉટ્સઍપ કૉલ આવ્યા હતા, જેમાં ૧૦ કરોડ રૂપિયાની ખંડણી માગવામાં આવી હતી અને રૂપિયા ન આપે તો મરવા માટે તૈયાર રહેવાની ધમકી આપવામાં આવી હતી. પોતે ‘બિશ્નોઇ ગ્રૂપ’નો ભાગ હોવાનો કૉલરે દાવો કર્યો હતો અને બિલ્ડરને કહ્યું હતું કે તે કૉલ રેકોર્ડ કરીને પોલીસને તે સુપરત કરી શકે છે.

બિલ્ડર ૨૦ ફેબ્રુઆરીએ પોતાની ઓફિસમાં હાજર હતો ત્યારે તેને આંતરરાષ્ટ્રીય નંબર પરથી ચાર વ્હૉટ્સઍપ કોલ આવ્યા હતા. બિલ્ડરે કૉલ રિસિવ ન કરતાં તેને બપોરે ૧૨.૨૯ વાગ્યે ઑડિયો ક્લિપ મોકલવામાં આવી હતી, જેમાં તેને જાનથી મારી નાખવાની ધમકી અપાઇ હતી.દરમિયાન બિલ્ડરે આ પ્રકરણે નોંધાવેલી ફરિયાદ, વ્હૉટ્સઍપ કૉલ્સ, ઓડિયો ક્લિપને આધારે ૨૦ ફેબ્રુઆરીએ ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો, એમ નૌપાડા પોલીસ સ્ટેશનના સિનિયર ઇન્સ્પેક્ટર ચંદ્રનાથ મહાજને કહ્યું હતું. આ પ્રકરણે તપાસ ચાલી રહી છે. (પીટીઆઇ)

# શરદ પવારની તબિયત ફરી લથડી: પુણેની હૉસ્પિટલમાં દાખલ

પુણે: રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (શરદ પવાર જૂથ) ના વડા શરદ પવારની તબિયત ફરી લથડી હતી. તેમને રવિવારે સવારે પુણેની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ આવ્યા છે, અહેવાલ મુજબ તેમને ડિહાઇડ્રેશનની તકલીફ થઇ હતી.

હાલ શરદ પવારની હાલત હવે સ્થિર છે. બે દિવસ તેમને હોસ્પિટલમાં જ રાખવામાં આવશે, ત્યાર બાદ તેમને ડીસ્ચાર્જ આપવામાં આવશે.

શરણ પવારના દીકરી અને સાંસદ સુપ્રિયા સુળેએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે ‘અમે બાબાને ફોલો-અપ ટેસ્ટ અને હાઇડ્રેશન માટે પુણેની ક્લિનિકમાં દાખલ કરી રહ્યા છીએ. તમામ ડોકટરો અને હેલ્થકેર વર્કર્સનો આભાર.‘‘

નોંધનીય છે કે અગાઉ બે અઠવાડિયા પહેલા પણ છાતીમાં ઇન્ફેકશન લાગવાને કારણે ૮૫ વર્ષીય શરદ પવારને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં. તેમને શ્વાસ લેવામાં તકલીફ પડી રહી હતી અને સતત ઉધરસ આવી રહી હતી. થોડા દિવસો માટે તેમને ડોક્ટર્સની દેખરેખ હેઠળ રાખવામાં આવ્યા હતાં.

૧૪ ફેબ્રુઅરીના રોજ શરદ પવારને રજા આપવામાં આવી હતી. ડોક્ટરોએ તેમને આરામ કરવાની સલાહ આપી હતી.

## ઓપરેશન નાર્કોસ

# અવધ એક્સપ્રેસમાંથી ₹૧૩.૮૩ કરોડનું બિનવારસી ‘ચરસ’ ઝડપાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રેલવે સ્ટેશનના પરિસરમાં ગેરકાયદે યા પ્રતિબંધિત વસ્તુઓની હેરાફેરીનું પ્રમાણ વધી રહ્યું છે. પ્રતિબંધિત વસ્તુઓના નિયંત્રણ લાવવાનો પ્રયાસ કરનારી રેલવે પોલીસને તાજેતરમાં ૧૩.૮૩ કરોડ રૂપિયાના મૂલ્યનું ચરસ મળતા રેલવે પ્રશાસન હરકતમાં આવી ગયું છે, એમ અધિકારીએ જણાવ્યું હતું.

અવધ એક્સપ્રેસ (૧૯૦૩૮)ના જનરલ કોચમાંથી લગભગ ૧૩.૮૩ કરોડ રૂપિયાના મૂલ્યનો ચરસનો જથ્થો મળી આવ્યો હતો. શનિવારના વહેલી સવારના મળેલો માદક જથ્થો બિનવારસ બેગમાં હતો. અવધ એક્સપ્રેસ પ્લેટફોર્મ ચાર નંબર આવી ત્યાર પછી તેમાં રૂટિન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

ટ્રેન આવ્યા પછી સવારના છ વાગ્યાના સુમારે ઈલેક્ટ્રિકલ મેન્ટેનન્સ ચેક (ઈએમસી) ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું, ત્યાર પછી કોન્સ્ટેબલ મુકેશ મંગવા અને કોન્ટ્રાક્ટ પરના કર્મચારી અલ્તાફે ટ્રેનના જનરલ કોચમાં બ્લેક બેગ જોઈ હતી. જનરલ સેકન્ડ ક્લાસના કોચમાં બેગ બિનવારસ હાલતમાં મળતા રેલવે પોલીસ કચેરીમાં લઈ જઈને તપાસ હાથ ધરવામાં આવી હતી.

# થાણેના એન્જિનિયરે ઓનલાઇન ટ્રેડિંગ ફ્રોડમાં ₹૩.૧૫ કરોડ ગુમાવ્યા

થાણે: થાણેના ૪૬ વર્ષના મિકેનિકલ એન્જિનિયરે ઓનલાઇન ટ્રેડિંગ ફ્રોડમાં ૩.૧૫ કરોડ રૂપિયા ગુમાવ્યા બાદ પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી.થાણેના કાસારવડવલી વિસ્તારમાં રહેનારા ફરિયાદીએ આરોપ કર્યો હતો કે એક વ્યક્તિએ તેનો સંપર્ક સાધ્યો હતો અને વેબસાઇટમાં રોકાણ પર આકર્ષક વળતરનું વચન આપ્યું હતું.સાયબર પોલીસ સ્ટેશનના સબ-ઇન્સ્પેક્ટર લહુ રાઠોડે જણાવ્યું હતું કે ફરિયાદીએ ૧૨ ડિસેમ્બર, ૨૦૨૫થી ૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ દરમિયાન ૩.૧૫ કરોડ રૂપિયાનું રોકાણ કર્યું હતું.ફરિયાદીએ જણાવ્યું હતું કે શરૂઆતમાં તેને ઓનલાઇન ટ્રેડિંગ પ્લેટફોર્મ પર પાંચ લાખ અમેરિકન ડોલરનો નફો બતાવવામાં આવ્યો હતો, જેને કારણે તેનો વિશ્વાસ વધ્યો હતો. જોકે તેણે રોકાણ કરેલી રકમ ઉપાડવાનો પ્રયાસ કર્યો હતો ત્યારે તેનું એકાઉન્ટ બ્લૉક કરી દેવાયું હતું. આથી પોતે છેતરાયો હોવાનું તેના ધ્યાનમાં આવ્યું હતું. દરમિયાન એન્જિનિયરે આ પ્રકરણે નોંધાયેલી ફરિયાદને આધારે પોલીસે શુક્રવારે ત્રણ આરોપીઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા અને ઇન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કર્યો હતો અને તપાસ આદરી હતી. (પીટીઆઇ)

# ૨૦૧૭ના ફાયરિંગ, લૂંટના પ્રયાસના કેસમાં નવ જણ નિર્દોષ જાહેર

થાણે: થાણે જિલ્લાની વિશેષ કોર્ટે ૨૦૧૭માં ફાયરિંગ અને લૂંટના પ્રયાસના કેસમાં પુરાવાના અભાવે નવ જણને નિર્દોષ જાહેર કર્યા હતા.

વિશેષ જજ વી.જી. મોહિતેએ ભારતીય દંડસંહિતાની કલમ ૩૦૭ (હત્યાનો પ્રયાસ), ૩૯૫ (લૂંટ) અને ૩૯૭ તેમ જ મહારાષ્ટ્ર કન્ટ્રોલ ઓફ ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ એક્ટ (એમસીઓસીએ)ની સુસંગત જોગવાઇઓ હેઠળના આરોપમાંથી તેમને નિર્દોષ જાહેર કર્યા હતા.

તપાસકર્તા પક્ષે આરોપ કર્યો હતો કે ૨૨ જુલાઇ, ૨૦૧૭ના રોજ આરોપીઓએ ભિવંડીમાં વાઇન શોપની સાત લાખની રોકડ લઇને જતી જીપને આંતરી હતી અને તેના પર ફાયરિંગ કર્યું હતું, જેમાં ત્રણ કર્મચારી ઘાયલ થયા હતા, જ્યારે ડ્રાઇવર ત્યાંથી ભાગી જવામાં સફળ થયો હતો.

કોર્ટને આરોપીઓને ગુના સાથે જોડતા પુરાવા અપૂરતા લાગ્યા હતા. કોર્ટે સાક્ષીદારોની જુબાનીમાં વિસંગતિઓ નોંધી હતી. કોર્ટે અવલોકન કર્યું હતું કે આરોપીઓને ઘાયલ વ્યક્તિઓના હાથમાંથી રોકડ રકમ ભરેલી બેગ છીનવી લેવાની તક મળી નહોતી અને વાહનમાંથી કોઇ રૂપિયા ચોરાયા નહોતા. (પીટીઆઇ)

# પોલીસ ભરતી માટેની પરીક્ષા આપવા આવેલા યુવકનું મૃત્યુ

મુંબઈ: છત્રપતિ સંભાજીનગરમાં ગવર્નમેન્ટ રેલવે પોલીસ (જીઆરપી) દ્વારા આયોજિત પોલીસ ભરતી માટેની પરીક્ષા દરમિયાન દોડતી વખતે પડી જવાથી ૨૪ વર્ષના યુવકનું મૃત્યુ થયું હતું, એમ અધિકારીએ જણાવ્યું હતું.

પોલીસ પરેડ ગ્રાઉન્ડ પર શનિવારે સવારે ૧,૬૦૦ મીટર દોડવાની પરીક્ષા લેવામાં આવી રહી હતી ત્યારે આ ઘટના બની હતી. મૃતકની ઓળખ સંગ્રામ શિંદે તરીકે થઇ હતી, જે સાંગલી જિલ્લાના પળુસનો રહેવાસી હતો.શિંદે દોડના આખરી પડાવ નજીક આવ્યો ત્યારે ફસડાઇ પડ્યો હતો. શિંદેને તાત્કાલિક સારવારાર્થે હોસ્પિટલમાં લઇ જવાયો હતો, જ્યાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું હતું. (પીટીઆઇ)

ઘાટકોપરમાં ગોંડલ સંપ્રદાયના શતાધિક ઉપાશ્રય નિર્માણ પ્રણેતા
પરમશ્રદ્ધેય પૂ. શ્રી ધીરગુરુદેવનું બુધવારે પાવન પદાર્પણ
1 માર્ચ, રવિવારે ‘આનંદ મંગલ બૅંકવેટ હૉલ’નું ઉદ્ઘાટન
ઘાટકોપરમાં ગોંડલ સંપ્રદાયના પરમશ્રદ્ધેય પૂ. શ્રી ધીરગુરુદેવ અમારા ગૃહાંગણે પ્રથમવાર પધારતાં અનેરો - અનોખો આનંદ છવાયો છે.
(Engineers & Builders)
VARDHAMAN GROUP
પધારો... ગુરુદેવ... પધારો....
તા. ૨૫-૨-૨૬, બુધવારે સવારે ૭-30 થી ૮-૪૫ ક.
નવકારશી : માતુશ્રી પ્રતિભાબેન હસમુખરાય મહેતા
સ્વાગતોત્સુક : નિકુંજ-જસ્મિના, કુ. પ્રીશા મહેતા
વલ્લભ એપાર્ટમેન્ટ, જોષી લેન, ઘાટકોપર. (E)
ચતુર્વિધ સંઘ સ્વાગતયાત્રા : મહેતા પરિવારના નિવાસેથી... તિલક રોડ થઈ હિંગવાલા મોટા ઉપાશ્રયે
૯-00 કલાકે મંગલ પ્રવેશ
LIVE YouTube DHEER PRAVACHAN DHARA
તા. ૨૬-૨૭-૨૮ ફેબ્રુઆરી ‘આત્માનુભૂતિ આત્માનંદ’ પ્રવચન શ્રેણી
સવારે ૯-૧૫ થી ૧૦-૧૫ કલાકે, હિંગવાલા મોટા ઉપાશ્રય
‘આનંદ મંગલ’ બૅંકવેટ હૉલ, ઉદ્ઘાટન સમારોહ તા. ૧-૩-૨૦૨૬, રવિવાર, સવારે ૯-૦૦ કલાકે | પ્રવચન : સવારે ૯-૪૫ થી ૧૧ કલાકે
દેવભૂમિ દેવલાલીમાં પરમશ્રદ્ધેય પૂ. શ્રી ધીરગુરુદેવની 45મી દીક્ષા જયંતીની શાનદાર ઉજવણી : જીવદયામાં 45 લાખનું ફંડ

૧. ‘ડુંગર દરબાર’માં અમેરિકા, મસ્કત, રાયપુર, આકોલા, જલગાંવ, ઉપલેટા, રાજકોટ, મુંબઈ, પૂના, ઓરંગાબાદ, સુરત, વાપી, વડોદરા, સાંગલી, ગોંડલ, ઈન્દોર વ.ના ભાવિકો ૨. શોભાયાત્રામાં ઉમંગ બિમલ દોશી, કલ્પના, મીરા ઝવેરી વ.


૨. કુંદનબેન નવીનભાઈ દોશીનું ડૉ. સંજય શાહ ૩. જીવદયા લાભાર્થી કાંતિલાલ માસ્ટર, કામદાર, ગોયાણી પરિવાર
પવઈમાં ૪ કરોડના ખર્ચે નિર્મિત ‘વીતરાગ વૈયાવચ્ચ ભવન’નું ૮ માર્ચે ઉદ્ઘાટન
સમારોહ પ્રમુખ : શ્રી મહેન્દ્રભાઈ સંગોઈ (રામદેવ ગ્રુપ)

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# સંસ્થા સમાચાર

## ઈન્દ્રપુરી સંઘ દ્વારા નૂતન ઉપાશ્રયની ભૂમિપૂજન વિધિ સંપન્ન



શ્રી ઈન્દ્રપુરી સ્થાનકવાસી જૈન સંઘ, વડોદરાના ઉપક્રમે શાતાધિક ઉપાશ્રય નિર્માણ પ્રણેતા પૂ. શ્રી ધીરગુરુદેવના અનુગ્રહથી ચાર કરોડના ખર્ચે નિર્માણાધીન જશવંતલાલ ગિરધરલાલ ટુવાવાલા નૂતન ધર્મસ્થાનકની ભૂમિપૂજન વિધિ ૨૨ ફેબ્રુઆરી, રવિવારના સવારે ૯.૦૦ કલાકે ડૉ. મનસુખભાઈ શાહ, સંઘપ્રમુખ ડૉ. નીરજ પરીખ તેમજ દાતાઓના હસ્તે સંપન્ન થયેલ. આ પ્રસંગે ઉમેદ ફિફાદરા, મહેન્દ્ર પુનાતર, હરેશ લાઠીયા, મનોજ કોઠારી, કમલેશ પંચમીયા, સમીરમલ જૈન વગેરેએ ઉપસ્થિત રહીને સંઘનો ઉત્સાહ વધાર્યો હતો. પૂ. ગુરુદેવે સંદેશામાં જણાવેલ કે - આજના કાળમાં સાતાકારી ધર્મસ્થાનકના નિર્માણથી અનેક જીવો સાતા પામશે. જેનો લાભ દરેક દાતાને મળશે.

## દેવલાલીમાં ધીરગુરુદેવની દીક્ષા જયંતીની દબદબાભરી ઉજવણીઃ ઘાટકોપરમાં બુધવારે પદાર્પણ!



દેવભૂમિ દેવલાલીમાં શતાધિક ઉપાશ્રય નિર્માણ પ્રણેતા શ્રી ધીરગુરુદેવની ૪૫મી દીક્ષા જયંતી અભિવંદના સમારોહ પ્રસંગે તા. ૧૫-૨-૨૬ ને રવિવારે સવારે ઉમંગ બિમલ દોશી પ્રેરિત કલ્પવૃક્ષ સોસાયટીમાં નવકારશી બાદ ડુંગર દરબાર, મેંગો ટ્રી હોલમાં પૂ. નરેશમુનિ મ.સા. આદિ તથા ડૉ. પૂ. તરૂલતાજી મ.સા. આદિ ૩૬ ઠાણાની ઉપસ્થિતિમાં દેશ-વિદેશના ભાવિકોએ સંયમધર્મને જયનાદથી વધાવ્યો હતો.

અયાન શાહ, પૃથ્વી બેન્સ, જયશ્રી શાહ, મીતા શેઠ, ઝરણા મડીયા, મુકેશ કામદાર તેમજ સંત-સતીજીઓએ પૂ. ગુરુદેવની શાસન કર્તવ્યતા, પરોપકાર, કર્તવ્યતા અને વૈયાવચ્ચ કર્તવ્યતાની અભિવંદના કરેલ.

જીવદયાનો ચડાવો કાંતિલાલ માસ્ટર, જયંત કામદાર, રમાબેન ગોયાણી અને મંઝિલ એક માર્ગ અનેક પુસ્તક અર્પણનો લાભ કાંતિ શાહ - અમેરિકાએ લીધેલ. પૂ. ધીરગુરુદેવ તા. ૨૫ને બુધવારે નિકુંજ-જસ્મિના મહેતા (વર્ધમાનગ્રુપ)ના નિવાસેથી નવકારશી બાદ સકલ સંઘ સહિત સવારે ૯.૦૦ કલાકે હિંગવાલા મોટા ઉપાશ્રયે પધારશે. ૨૬-૨૭-૨૮ 'આત્માનુભૂતિ' પ્રવચન સવારે ૯.૧૫થી ૧૦.૧૫ યોજાશે. તા. ૧/૩ ને રવિવારે આનંદમંગલ બેંકવેટ હોલની ઉદ્‌ઘાટન વિધિ સવારે ૯.૦૦ કલાકે યોજાશે. તા. ૮/૩ ને રવિવારે સવારે ૯.૦૦ કલાકે પવઈમાં વીતરાગ વૈયાવચ્ચ ભવનનો ઉદ્‌ઘાટન સમારોહ મહેન્દ્રભાઈ સંગોઈના પ્રમુખ સ્થાને યોજાશે.

## મેડિકલમાં એઆઈ ને રોબોટિક સર્જરીના ઉપયોગ પર સેમિનાર

મંડપેશ્વર સિવિક ફેડરેશન દ્વારા મેડિકલ ક્ષેત્રે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઈ) અને રોબોટિક સર્જરીના ઉપયોગ સંદર્ભે ચોથી ફેબ્રુઆરીએ એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સાથે જ એ દરમિયાન વરિષ્ઠ નાગરિકોના વર્તનને લગતાં પડકારો વિશે પણ માહિતી આપવામાં આવી હતી.

## શ્રીમદ્ ભાગવત્ સપ્તાહ

શ્રી ચંદાબેટીજી મહારાજ મદનમોહનજી ટેમ્પલ ટ્રસ્ટ દ્વારા શ્રીમદ્ ભાગવત્ સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું છે. ૯ એપ્રિલથી ૧૫ એપ્રિલ સુધી આ કથામૃતનું રસપાન શ્રદ્ધાળુઓ લઈ શકશે. એમાં હાજર રહેવાનું તમામ વૈષ્ણવોને આમંત્રણ આપવામાં આવ્યું છે.

## ચૈત્રી હવન તથા સ્નેહમિલન

ચૈત્ર મહિનામાં વેરાઈ માતા ચેરિટેબલ ટ્રસ્ટ, મુંબઈમાં હવન તથા સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યું છે. બોરીવલી વેસ્ટમાં કોરાકેન્દ્ર ખાતે આ ભવ્ય કાર્યક્રમ ૧૨ એપ્રિલે યોજવામાં આવ્યો છે. એમાં સૌને સામેલ થવાનું આમંત્રણ છે.

### મુંબઈના રસ્તા ચકાચક થશે

# આખું વર્ષ રસ્તા ધોવા પાણીના ટેન્કર ભાડા પર લેવાશે

મુંબઈઃ મુંબઈમાં વધતા વાયુ પ્રદૂષણની અસર હવાની ગુણવત્તાને થઈ રહી છે. પ્રદૂષણને નિયંત્રણમાં લાવવા માટે પાલિકાએ હવામાં રહેલા ધૂળના કણોને ઓછા કરવા માટે કમર કસી છે, જે અંતર્ગત રસ્તા પરથી ઉડનારી ધૂળને રોકવા માટે હવે આખા વર્ષ દરમ્યાન રસ્તા ધોવામાં આવવાના છે. ચોમાસાને છોડીને બાકીના દિવસો દરમ્યાન રસ્તા ધોવા માટે ૧૨૫ પાણીના ટેન્કર ભાડા પર લેવાની છે. તો શહેરની ગલીઓમાં રહેલા રસ્તાને ધોવા માટે નાના ટેન્કર લેવામાં આવવાના છે. મુંબઈમાં છેલ્લા થોડા વર્ષોથી પ્રદૂષણનું પ્રમાણ સતત વધી રહ્યું છે. ચોમાસાના ચાર મહિના બાદ કરતા મોટાભાગના સમયે વાતાવરણમાં પ્રદૂષણનું પ્રમાણ વધવાથી હવાની ગુણવત્તાને પણ અસર થઈ રહી છે. મોટા પ્રમાણમાં થઈ રહેલા વિકાસના કામ, કન્સ્ટ્રકશન, રસ્તા પર વાહનોની વધતી અવરજવરને કારણે ધૂળનું પ્રમાણ વધી રહ્યું છે અને તેની સીધી અસર પ્રદૂષણને થઈ રહી છે.

તેથી પાલિકાએ રસ્તા પર જમા થતી ધૂળને દાબી દેવાના ઉપાય તરીકે પાલિકાએ રસ્તાને પાણીથી ધોવાનું નક્કી કર્યું હતું. તે માટે ટેન્ડર પ્રક્રિયા અમલમાં મૂકી હતી, જેમાં હવે અત્યાધુનિક મોબાઈલ વોટર મિસ્ટિંગ અને સ્પ્રિંકલર સિસ્ટમ મશીન ભાડા પર લેવામાં આવવાના છે, જેમાં વાહન આધારિત મોબાઈલ મિસ્ટિંગ યુનિટનો પણ સમાવેશ રહેશે. આ અગાઉ પણ ધૂળ હટાવવા માટે રસ્તાને પાણીથી ધોવાનો પર્યાય મુંબઈ મહાનગરપાલિકાએ અમલમાં મૂક્યો હતો. તે માટે ટેન્કર પણ ભાડેથી લેવામાં આવ્યા હતા પણ ટેન્કરના કૉન્ટ્રેક્ટ પૂરા થઈ ગયા હતા. તેથી હવે નવેસરથી ૧૨૫ ટેન્કર ભાડા પર લેવામાં આવવાના છે.

# આઠ વર્ષથી ધૂળ ખાતા જેટ એરવેઝના ત્રણ ૭૭૭ વિમાન ૪૬ મિલ્યન ડૉલરમાં વેચાયા

મુંબઈ : છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ૨૦૧૮ થી પાર્ક કરાયેલા ત્રણ બોઇંગ ૭૭૭-૩૦૦ ER વિમાનો લગભગ આઠ વર્ષ પછી આખરે મુંબઈથી રવાના થશે. ગયા અઠવાડિયે બોમ્બે સ્ટોક એક્સચેન્જની ફાઇલિંગ અનુસાર જેટ એરવેઝે તેના ચાલુ લિક્વિડેશનના ભાગ રૂપે માલ્ટા સ્થિત એસ એવિએશનને ડોલરમાં ૪૬ મિલિયન (₹૪૧૮ કરોડ) માં વિમાન વેચવા સંમતિ આપી છે.

નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ (NCLT) એ વેચાણને મંજૂરી આપી છે, જેમાં VT-JES (૧૬ મિલિયન), VT-JEV (૧૨.૫ મિલિયન) અને VT-JEM (૧૭.૫ મિલિયન) રજિસ્ટર્ડ જેટનો સમાવેશ થાય છે. એરપોર્ટ ચાર્જ ચૂકવવામાં ન આવતા કાનૂની વિવાદોને કારણે આ વ્યવહારમાં વિલંબ થયો હતો. અદાણી ગ્રુપની માલિકીના મુંબઈ ઇન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડ (MIAL) ૨૦૧૮ થી પાર્કિંગ ફી અને અન્ય બાકી રકમનો દાવો કરી રહ્યું છે, તેમનું કહેવું છે કે રકમ લગભગ ₹૧,૦૦૦ કરોડ સુધી પહોંચી ગઈ છે. મુંબઈ એરપોર્ટ પર પાર્ક કરેલા ત્રણ અન્ય જેટ વિમાન, બે એરબસ અ૩૩૦ અને એક બોઇંગ ૭૩૭ હજુ વેચાયા નથી. એસ એવિએશન એ ચેલેન્જ ગ્રુપની પેટાકંપની છે, જે કાર્ગો એરલાઇન્સનું સંચાલન કરે છે. કંપનીએ સૌપ્રથમ ૨૦૨૨ માં વિમાન માટે બોલી લગાવી હતી, જેમાં તેમને માલવાહક વિમાનોમાં રૂપાંતરિત કરવાની યોજના હતી. તેણે ૫.૬ મિલિયન ડિપોઝિટ ચૂકવી હતી અને લેટર ઓફ ઈન્ટેન્ટ પર હસ્તાક્ષર કર્યા હતા, પરંતુ કાનૂની વાંધાઓને કારણે આ સંપાદન ત્રણ વર્ષથી વધુ સમય માટે અટકી ગયું હતું.

એક સમયે ભારતની સૌથી મોટી ખાનગી કેરિયર જેટ એરવેઝે ગંભીર નાણાકીય કટોકટી અને ₹૭,૫૦૦ કરોડથી વધુના દેવા બાદ એપ્રિલ ૨૦૧૯ માં કામગીરી કાયમી ધોરણે બંધ કરી દીધી હતી. જાલાન-કાલરોક કન્સોર્ટિયમ હેઠળ એરલાઇનને પુનર્જીવિત કરવા માટે ૨૦૨૧ના રિઝોલ્યુશન પ્લાન હોવા છતાં લેણદારો સાથે કાનૂની લડાઇઓને કારણે પ્રક્રિયા વર્ષો સુધી અટકી ગઈ હતી. નવેમ્બર ૨૦૨૪ માં સુપ્રીમ કોર્ટે એરલાઇનના લિક્વિડેશનનો આદેશ આપ્યો, ચુકાદો આપ્યો કે પુનર્જીવિત કરવાની યોજના હવે શક્ય નથી.

છેલ્લા પાનાનું ચાલુ

### થાણેમાં ગરીબ

પીડિતાએ આ અંગે માહિતી આપી હતી, જેને પગલે પોલીસને જાણ કરવામાં આવી હતી અને ત્યાર બાદ નેનો સિટી બિલ્ડિંગમાં ગાડેકરના ઘરે દરોડા પાડવામાં આવ્યા હતા.

આ કેસ સાથે સંકળાયેલા પોલીસ અધિકારીએ કહ્યું હતું કે અમને પ્રેગનન્સી માટે ઉપયોગ કરાતાં ઇન્જેક્શન્સના ફોટા, સોનાગ્રાફી રિપોર્ટ્સ, ખોટા નામે એફિડેવિટ્સ, નકલી દસ્તાવેજો, મોબાઇલ ફોન પર આર્થિક વ્યવહારના પુરાવા મળ્યા છે, જે અંગે તપાસ ચાલી રહી છે.

આરોપીઓ જરૂરતમંદ મહિલાઓને લક્ષ્ય બનાવતી હતી અને સર્કલ દીઠ પચીસ હજાર રૂપિયાથી ૩૦ હજાર રૂપિયા તેમને ચૂકવવામાં આવતા હતા. પીડિતાને ત્યાર બાદ અંડબીજ વધી શકે એ માટે હોર્મોનનાં ઇન્જેક્શન અપાતાં હતાં અને ડૉનર તરીકે વારંવાર ઉપયોગ કરીને શારીરિક રીતે તેમનું શોષણ કરવામાં આવતું હતુંય આ પ્રક્રિયામાં અંડબીજ વધારવા માટે મહિલાને હોર્મોનનું ઇન્જેક્શન અપાયા બાદ સોનોગ્રાફી કરાતી હતી. ઍગ તૈયાર થઇ ગયા બાદ પીડિતાને આઇવીએફ સેન્ટરમાં મોકલવામાં આવતી હતી, જ્યાં સર્જરી કરી ઍગ કાઢીને લાખો રૂપિયામાં વેચાતા હતા, એમ પોલીસ અધિકારીએ કહ્યું હતું.

ઉલ્હાસનગરના ડેપ્યુટી પોલીસ કમિશનર સચિન ગોરેએ કહ્યું હતું કે આ કૌભાંડમાં ૨૦થી વધુ મહિલાઓ ભોગ બની હોવાનો પ્રાથમિક અંદાજ છે. આ કૌભાંડ વાંગણીમાં ચલાવવામાં આવતું હતું, જ્યાંથી બદલાપુરમાં તે ખસેડવામાં આવ્યું હતું.

### વર્સોવા-દહિંસર

સમસ્યા રહી છે તે વિસ્તારમાં મોગરા પમ્પિંગ સ્ટેશન બાંધવામાં આવવાનું છે. ૨૦૨૧ સાલમાં ૩૯૩ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યાં હતા અને કૉન્ટ્રેક્ટનો સમયગાળો ચોમાસા સહિતનો ૨૪ મહિનાનો નક્કી કરવામાં આવ્યો હતો, છતાં આ પ્રોજેક્ટનું કામ હજી શરૂ થયું નથી.

આ દરમ્યાન પાલિકાના સૂત્રોના જણાવ્યા મુજબ ખાનગી માલિક બોમ્બે હાઈકોર્ટમાં જતા જમીનના સંપાદનમાં પાલિકાને કાયદાકીય અડચણનો સામનો કરવો પડયો હતો. ડિસેમ્બર ૨૦૨૪ કોર્ટે ૩૩ કરોડ રૂપિયાની ડિપોઝિટ ચૂકવીને કામ આગળ વધારવાની મંજૂરી આપી હતી. માર્ચ ૨૦૨૫માં રકમ જમા કરાવ્યા પછી અને પ્રારંભિક કામ શરૂ કર્યા પછી પાલિકાને જાણવા મળ્યું હતું કે સાઈટનો એક ભાગ લોખંડવાલા ક્રીક રોડ પર વર્સોવાથી દહિસરને જોડતા પ્રસ્તાવિત મુંબઈ કોસ્ટલ રોડ (ઉત્તર) ફેઝ-ટૂ સાથે ઓવરલેપ (એકબીજા સાથે જોડાય) થાય છે.

પાલિકાના સ્ટોર્મ વોટર ડ્રેનેજ વિભાગના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ મોગરા પમ્પિંગ સ્ટેશન માટે હવે નવો પ્લાન તૈયાર કરવામાં આવી રહ્યો છે. એક વખત તેને અંતિમ સ્વરૂપ મળી જાય પછી તેને પર્યાવરણીય મંજૂરી માટે કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરિટીની સાથે રાજ્ય અને કેન્દ્ર સરકારને પણ મોકલવામાં આવશે. મંજૂરીની પ્રક્રિયામાં સાતથી આઠ મહિનાનો સમય લાગવાની શક્યતા છે અને ત્યાર બાદ કામ શરૂ થઈ શકશે.

અધિકારીએ વધુમાં જણાવ્યું હતું કે મૂળ સ્થળને પર્યાવરણીય મંજૂરી મળી ગઈ હતી પણ હવે જગ્યામાં ફેરફાર થયો છે. એટલે હવે પાલિકાને નવી મંજૂરીની આવશ્યકતા રહેશે. આ પ્રોજેક્ટ શરૂઆતમાં આ વર્ષના ચોમાસા પહેલા શરૂ થવાનો હતો પણ હવે વિલંબને કારણે તે હવે ફરી આગળ ધકેલાઈ ગયો છે.

નોંધનીય છે કે મુંબઈમાં ભરતીના સમયે દરિયાના પાણીને શહેરમાં પ્રવેશતું અટકાવવા માટે ફલડગેટ બંધ કરી દેવામાં આવે છે. આ પમ્પિંગ સ્ટેશનો પાણીને ડ્રેઈન લાઈનથી દરિયામાં અંદર છોડે છે. જુહુનું ઈર્લા પમ્પિંગ સ્ટેશન ૨૦૧૦ની સાલમાં શરૂ થનારું પહેલું પમ્પિંગ સ્ટેશન હતું. એ બાદ હાજીઅલી, ક્લેવલેન્ડ, વરલીનું લવગ્રોવ અને રે રોડનું બ્રિટાનિયા, ખારદાંડા ખાતેના ગજધરબંધનો સમાવેશ થાય છે.

### આજથી શરૂ થતું

અવસાનનો શોક પ્રસ્તાવ મુકવામાં આવશે. દિવસ દરમિયાન તેના પર ચર્ચા થશે. અજિત પવારના વિમાન અકસ્માતનો મુદ્દો રોહિત પવાર ઉપસ્થિત કરશે. તેથી ગૃહનું સત્તાવાર કામકાજ મંગળવારથી શરૂ થશે.

સત્તાપક્ષના પ્રચંડ બહુમત અને વિપક્ષોના ઓછા સંખ્યાબળને કારણે છેલ્લા એક વર્ષમાં યોજાયેલા ત્રણ અધિવેશનમાં સત્તાપક્ષનું વર્ચસ્વ રહ્યું હતું. છતાં પ્રશ્નો પૂછવા અને ધ્યાનાકર્ષક પ્રશ્નોની સંખ્યા માટે અધ્યક્ષ રાહુલ નાર્વેકર ટીકાનો શિકાર બન્યા હતા. ધ્યાનકર્ષક પ્રશ્નોની વધતી સંખ્યા બાબતે પ્રધાનોએ પણ ચિંતા વ્યક્ત કરી હતી. પ્રશ્ન પૂછવા માટે રૂપિયા લેવામાં આવે છે તેવા શિવસેના જૂથ નેતા ભાસ્કર જાધવના આક્ષેપને કારણે હંગામો થયો હતો.

### સરકારને ઘેરવા

જૂથોના વિલીનીકરણ અંગે ચાલી રહેલી ચર્ચાઓ વચ્ચે એનસીપી નેતાઓની ગેરહાજરી એ પ્રશ્ન ઉઠાવી રહી છે કે, શું રાજ્યમાં એમવીએ ખતમ થઈ ગયું છે?

ઠાકરે જૂથના કાર્યાલય 'શિવાલય' ખાતે બેઠક બાદ મહાવિકાસ આઘાડીની એક પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી. આ પ્રેસ કોન્ફરન્સમાં ભાસ્કર જાધવે રાષ્ટ્રવાદી શરદ પવાર જૂથની ગેરહાજરી પર ટિપ્પણી કરી હતી. ભાસ્કર જાધવે કહ્યું કે તમને આશ્ચર્ય થયું હશે કે મહાવિકાસ આઘાડીના સાથીઓ ક્યાં છે. જોકે, તેમણે કહ્યું કે સંદેશાના આપ-લેમાં 'ગડબડ'ને કારણે એનસીપી હાજર નહોતું.

વિધાનસભા સત્રમાં શાસક મહાયુતિને ઘેરવા માટે અને વિધાનસભામાં વિવિધ મુદ્દાઓ ઉઠાવવા માટે રવિવારે બેઠક બોલાવવામાં આવી હતી. આ બેઠકમાં રાજ્યમાં મહાયુતિ સરકારનો સામૂહિક રીતે વિરોધ કેવી રીતે કરવો તે અંગે ચર્ચા થવાની અપેક્ષા હતી. જોકે, ઠાકરેના નેતાએ આડકતરી રીતે સ્વીકાર્યું કે એનસીપી સાથે કોઈ સંકલન નથી, ત્યારબાદ અંદર શું ચાલી રહ્યું છે તેની ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. હવે એ વાત પર પણ અટકળો લગાવાઈ રહી છે કે એનસીપીમાં વિલીનીકરણ પ્રસ્તાવ પર મતભેદ છે કે કોઈ અન્ય રાજકીય સમીકરણ રચાઈ રહ્યું છે.

### ડિજિટલ હસ્તાક્ષરવાળા

હતા. તેમાંથી ઓછામાં ઓછા ૧૯ લોકોની સુનાવણી અને મંજૂરી પ્રક્રિયા ૨૪ ડિસેમ્બર, ૨૦૨૫ અને ૨૭ જાન્યુઆરી, ૨૦૨૬ ની વચ્ચે પૂર્ણ થઈ હતી. તે સમયે અજિત પવાર જીવિત હતા અને લઘુમતી વિકાસ વિભાગનો હવાલો સાંભળતા હતા. આ ૨૦ સંસ્થાઓ હેઠળ રાજ્યમાં કુલ ૭૩ શૈક્ષણિક સંસ્થાઓ ચલાવવામાં આવે છે.

મહારાષ્ટ્રના લઘુમતી વિકાસ વિભાગે મુખ્ય સચિવને પત્ર લખીને આપેલા સ્પષ્ટીકરણ મુજબ ટેકનિકલ સમસ્યાને કારણે ડિજિટલી સહીવાળા પ્રમાણપત્રો બનાવવામાં વિલંબ થયો હતો. વિભાગે રિપોર્ટના 'મનસ્વી પ્રક્રિયા'ના દાવાઓને નકારી કાઢ્યા છે, તેને 'તથ્યોનું વિકૃતિકરણ' ગણાવ્યું છે. ૨૮ જાન્યુઆરીએ સત્તાવાર રજાની જાહેરાતને કારણે તમામ સત્તાવાર કામકાજ સ્થગિત કરવામાં આવ્યા હતા. તે દિવસે કોઈ નવી સુનાવણી યોજાઈ નહોતી, કોઈ નીતિગત નિર્ણયો લેવામાં આવ્યા નહોતા અને સક્ષમ અધિકારી દ્વારા કોઈ ફાઇલો પર ડિજિટલી સહી કરવામાં આવી નહોતી, એમ વિભાગે સ્પષ્ટ કર્યું છે.

### આઈઆઈટી બૉમ્બેની

લાવ્યો હતો અને તેને બેગમાં રાખી હતી. ચૌધરી કેમ્પસમાં પાછો ફર્યો ત્યારે તેને તાબામાં લેવાયો હતો. પૂછપરછમાં પોલીસને જાણવા મળ્યું હતું કે ચૌધરી મીરા રોડ વિસ્તારમાં રહેતી તેને ગર્લફ્રેન્ડને મળવા માટે મુંબઇ આવ્યો હતો અને તેના બાળપણના મિત્ર મિશ્રાએ તેને હોસ્ટેલમાં ગેસ્ટ તરીકે રહેવાની વ્યવસ્થા કરી આપી હતી.

### મેટ્રો-૪ના બીમમાં

સિમેન્ટ, પાણી અને ઍડિટિવ્હજનું મિશ્રણ) હતું. આવી વધારાની સ્લરી કોઈ-કોઈ વખત પૃષ્ટભાગ પર જોવા મળે છે. તપાસ દરમ્યાન પૃષ્ઠભાગ પર તિરાડ પડી હોવાનું જણાયું નહોતું. ઈન્સ્પેકશન બાદ શનિવારે મોડી રાતે વધારાની સ્લરી પણ કાઢી નાંખવામાં આવી હતી. આ ઠેકાણે રહેલો બીમ સંપૂર્ણપણે સુરક્ષિત, મજબૂત અને સ્થિર હોવાની સ્પષ્ટતા પણ એમએમઆરડીએ દ્વારા કરવામાં આવી હતી.

### ચેન્નઈ ફરવા ગયેલા

મુજબ મહારાષ્ટ્રના અમુક વિદ્યાર્થીઓનું ગ્રૂપ તમિળનાડુના ચેન્નઈમાં ફરવા માટે ગયા હતા. દરમ્યાન શનિવારે ચેન્નઈના ગોલ્ડન બીચ પર ૨૬ વિદ્યાર્થીઓ ફરવા ગયા હતા. જોકે તેમાંથી ફક્ત ત્રણ વિદ્યાર્થીઓ પાણીમાં ઉતર્યા હતા, જેમાં ભંડારા જિલ્લાની મયુરી ચૌધરીએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. તો જય પાટીલનો શનિવારે મોડે સુધી પત્તો લાગ્યો નહોતો, તેને શોધવાનું કામ યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવ્યું હતું. ત્રીજા વિદ્યાર્થી રાજ કેદારીને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યો હતો.

આ દુર્ઘટનાની જાણ થવાની સાથે જ મહારાષ્ટ્ર સરકારે તમિળનાડુ સરકારને સર્ચ અને રેસ્ક્યુ ઓપરેશનને ઝડપી બનાવવાની સૂચના આપી હતી. તો આ દુર્ઘટનાની જાણ થતા જ જય પાટીલ અને મયુરી ચૌધરીના પરિવારજનો ચેન્નઈ પહોંચી ગયા હતા.

મુખ્ય પ્રધાને આ દુર્ઘટના બાદ મૃતકો પરિવાર પ્રત્યે તીવ્ર શોક વ્યક્ત કરીને સંવેદના વ્યક્ત કરી હતી. તેમ જ મહારાષ્ટ્ર સરકાર અસરગ્રસ્ત પરિવારને તમામ પ્રકારની મદદ માટે સતત સંપર્ક હોવાનો દાવો પણ મુખ્ય પ્રધાને કર્યો હતો.

### મુંબઈ-પુણે

હતા. ટ્રાફિક જામની ગંભીરતાને જોઈને રાજ્ય સરકારે તાત્કાલિક ટોલ વસૂલાત બંધ કરવાનો આદેશ આપ્યો હતો. જોકે, ફાસ્ટેગ એક ઓટોમેટેડ સિસ્ટમ હોવાથી, ટેકનિકલ કારણોસર ઘણા વાહનચાલકોના ખાતામાંથી ટોલના પૈસા કાપવામાં આવ્યા હતા. મનસે પ્રમુખ રાજ ઠાકરે સહિત અનેક સ્તરેથી આ ટોલના પૈસા પરત કરવાની માગણીઓ હતી. આની નોંધ લેતા મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ વિકાસ નિગમ (એમએસઆરડીસી) એ હવે રિફંડ પ્રક્રિયા શરૂ કરી છે.

ટોલની રકમ સંબંધિત વાહનચાલકોના ફાસ્ટેગ ખાતામાં ડિજિટલી જમા કરવામાં આવશે. ૩ ફેબ્રુઆરીએ એક્સપ્રેસ વે અને પુણે-બેંગલુરુ હાઇવે પરના ટોલ બૂથ પર જેમના પૈસા કાપવામાં આવ્યા હતા તેમને જ આ રિફંડ મળશે.

### ઉદ્ધવ અને રાજ ઠાકરે

મનસેને ફક્ત છ બેઠકો મળી હતી. સૂત્રો કહે છે કે ઉદ્ધવ ઠાકરેએ મનસેની માંગણીને નકારી કાઢી છે, જેના કારણે ગઠબંધનમાં તણાવ પેદા થયો છે.

દરમિયાન રાજ ઠાકરેની ડેપ્યુટી સીએમ એકનાથ શિંદે સાથેની તાજેતરની મુલાકાતે આ અફવાઓને વધુ વેગ આપ્યો છે. મનસે નેતા અવિનાશ અભ્યંકરે જણાવ્યું હતું કે પાર્ટીએ તાજેતરમાં સંગઠનાત્મક મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે તેના રાજ્ય નેતાઓ સાથે મુલાકાત કરી હતી.

નામાંકિત કોર્પોરેટરોના મુદ્દા પર તેમણે કહ્યું, આ બે ભાઈઓ અને બે પક્ષો વચ્ચેનું ગઠબંધન છે. રાજ ઠાકરે નક્કી કરશે કે ઉદ્ધવ ઠાકરેના પક્ષના ક્વોટામાંથી બેઠક લેવી કે નહીં. હજુ સુધી કોઈ અંતિમ નિર્ણય લેવામાં આવ્યો નથી. રાજ ઠાકરે અને પાર્ટીના વરિષ્ઠ નેતાઓ આ અંગે નિર્ણય લેશે.

## હિન્દુ મરણ

કલોલ જી. મહેસાણા હાલ માટુંગા નરેન્દ્રકુમાર ગણપતલાલ વ્યાસ (ઉં.વ. ૮૬) તા. ૧૭-૨-૨૬ના દેવલોક પામેલ છે. તે મીનાબેનના પતિ. સંજય, મમતાના પિતા. સ્વ. અરવિંદભાઇ ભૂપેન્દ્રભાઇ, રવિન્દ્ર તથા અશોકના મોટાભાઇ. તિર્થ અને વંશીલના દાદા. સરખેજવાળા સ્વ. અંબાલાલ નરસિંહદાસ વ્યાસના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૨૩-૨-૨૬ના સવારના ૯થી ૧૧. ઠે. ૩૦/એ ન્યૂ મહાવીર બિલ્ડિંગ, માટુંગા પોસ્ટ ઓફીસ પાસે, ૩૯૬ તેલંગ રોડ, માટુંગા (સેન્ટ્રલ રેલવે), મુંબઇ-૪૦૦૦૧૯.

**કોળી પટેલ**

ધમડાછા નિવાસી હાલ વિલેપાર્લે સ્વ. કાંતિલાલ શંકરભાઈ પટેલના ધર્મપત્ની જસુબેન કાંતિલાલ પટેલ તે વિજય, હેમંત, ભારતી, નિલેશ, દર્શનાના માતુશ્રી તથા પ્રભુતા, જાગૃતિ, જિગ્ના, ઠાકોરભાઈ, ધર્મેન્દ્રના સાસુ. કિશનભાઇ, ભરતભાઈ, સ્વ. દિનેશભાઇ, કલ્પનાબેનના ભાભી. મીના - અલકા - નૈનાના જેઠાણી. તે નૈતિક, ભક્તિ, ઓમ, દિયા, નિયતિના દાદી. તે સ્વ. સોમાભાઈ પટેલ (ગણદેવી)ના બેનનું તા.૨૧ ફેબ્રુઆરી ૨૦૨૬ના નિધન થયેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૩ ફેબ્રુઆરી ૨૦૨૬ના બપોરે ૩ થી ૫ ઠે. મુક્તિધામ જોશી જાગીર હોલ, (શાંતિધામ), સહાર રોડ, ચકાલા, પારસીવાડા, અંધેરી (પૂર્વ), લૌકિક પ્રથા બંધ છે.

**શ્રીમાળી સોની**

અ. સૌ. સ્વ. શીતલ માધવ ઝવેરી તે સ્વ. વિઠ્ઠલદાસ કપૂરચંદ ઝવેરીના પુત્રવધૂ. તે સ્વ. કિર્તીકુમાર નારણજી માંડલીયા (કચ્છ-માંડવી)ના સુપુત્રી. તે તા. ૨૧-૨-૨૬ શનિવારના શ્રીજીચરણ પામ્યા છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા સોમવાર, તા. ૨૩-૨-૨૬ના સાંજે ૪.૩૦થી ૬.૩૦. ઠે. કેવલ બાગ ટ્રસ્ટ, કીલાચંદ રોડ, ફલાયઓવર નીચે, શંકરલેન સામે, કાંદિવલી (વેસ્ટ).

**કચ્છી ભાટિયા**

ગામ જખૌ (હાલ બોરીવલી) ગં. સ્વ. રક્ષાબેન (વીણા) રમેશ સંપટ (ઉં. વ. ૭૧) તે સ્વર્ગવાસી વિજયાલક્ષ્મી (રતનબેન) વિરજીભાઈ સંપટના પુત્રવધૂ. તે દિલીપના ભાભી. તે અ. સૌ. બીના દીપક આશરના માતુશ્રી. તે ધ્રુવી અને પ્રેક્ષાના નાનીમાં. તે સ્વર્ગવાસી ગિરધરદાસ મોરારજી આસરના પુત્રી, રવિવાર તા. ૨૨.૨.૨૬ના રોજ શ્રીજી ચરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થના સભા રાખેલ નથી. તેમજ લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**ખંભાત દશા શ્રીમાળી વણિક**

કાંદીવલી નિવાસી ગં.સ્વ. અનસુયા બેન અને સ્વ શીરીષચંદ્ર શાહના સુપુત્ર હિતેશ શાહના ધર્મપત્ની અ. સૌ. કેતકી શાહ (કેટી) (ઉં. વ. ૬૫)તે ધનિલનાં માતુશ્રી. સુનિલનાં ભાભી તા.૨૧.૨.૨૬ શનિવારનાં રોજ શ્રીજી ચરણ પામ્યા છે. લૌકિક પ્રથા બંધ છે.

**સૌરાષ્ટ્ર લેઉવા પટેલ**

ગામ મોટા કણકોટ નિવાસી નનુભાઈ રવજીભાઈ દુધાત (ઉં. વ. ૮૦) તે ૮/૨/૨૬ના રામશરણ પામેલ છે. તે હંસાબેનના પતિ. સ્વ. હિંમતભાઇના ભાઈ. નબુબેનના જેઠ. હરેશ, અલ્પેશ તથા શીતલના પિતા. હિતેશ રાદડિયા, રિટા તથા હેતલના સસરા. મહેક, સ્નેહ તથા સ્મિતના નાના. નિર્મિત, સૃષ્ટિ, વૃષ્ટિના દાદા. અમિત તથા નિહાના મોટા પપ્પા તેમની પ્રાર્થનાસભા ૨૩/૨/૨૬ ના રોજ ૫ થી ૭ સૌરાષ્ટ્ર પટેલ સમાજ, બીજે માળે, દહિસર ઈસ્ટ

**પરજીયા સોની**

સ્વ. દિલીપ ભાઈ અમૃત લાલ સતીકુંવર, રેખા દિલીપભાઈ સતીકુંવરના પુત્ર રોનક (ઉં. વ. ૩૮) તા -૧૯/૨/૨૬ ગુરુવારના શ્રીજી ચરણ પામેલ છે, તે રસિકભાઈ, ઘનશ્યામ ભાઈ, રાજેન્દ્ર ભાઈના ભત્રીજા. દેવાંગ, રોહન, ખુશ્બુના ભાઈ. છાયાના દિયર. હ્રિદય, જીલના કાકા. એમની સાદડી ૨૩/૦૨/૨૬ સોમવારે સાંજે ૪ થી ૬ કલાકે. સોનીવાડી બોરીવલી વેસ્ટ માં રાખેલ છે.

**હાલાઈ લોહાણા**

મૂળ વતન જામસલાયા હાલ કાંદીવલી નિવાસી પિયુષભાઈ તન્ના (ઉં. વ. ૫૬) તા.૨૧/૨/૨૬ ને શનિવારે શ્રીજી ચરણ પામ્યા છે. તે સ્વ.જેઠાલાલ ગીરધરલાલ તન્ના અને ગં. સ્વ. પદ્માબેનના પુત્ર. કિરણબેનના પતિ. તેમજ વૃષભ અને પાર્થના પિતા. તેમજ ભાવેશભાઈ ને પારૂલબેન પી.જસાણીના મોટાભાઈ. સ્વ. વલ્લભદાસ હંસરાજભાઇ ભાયાણીના જમાઈ તેમની બંને પક્ષ તરફથી પ્રાર્થનાસભા તા.૨૩/૨/૨૬ ને સોમવારે સાંજે ૪ થી ૬ માં રાખેલ છે સ્થળઃ શ્રી હાલાઈ લોહાણા મહાજનવાડી,બીજે માળે,એસ.વી.રોડ, શંકર મંદિરની બાજુમાં, કાંદીવલી (વેસ્ટ).

**કપોળ**

મહુવા નિવાસી સ્વ. ધીરજલાલ શામળદાસ શેઠના ધર્મ પત્ની ગં. સ્વ. હંસાબેન (હસુમતી બેન) (ઉં. વ. ૯૦) તે ભરત, મહેશ, દિલીપ, જયંત તથા પ્રફુલના માતુશ્રી. તે હર્ષા, સ્વ આશા, જાગૃતિ, ઉષા, તથા પ્રીતિના સાસુ. તે ડુંગરવાળા સ્વ. મૂળજીભાઈ પરમાનંદદાસ મહેતાના દીકરી તા. ૧૯/૦૨/૨૬ને ગુરુવારના રોજ મહુવા મુકામે શ્રીજી ચરણ પામ્યા છે. સર્વ લૌકિક વહેવાર બંધ છે.

**પચ્ચીસ ગામ ભાટિયા**

બિપીનભાઈ ભાટિયા (ઉં. વ. ૭૯) તે સ્વ. લીલાવંતી મથુરાદાસ ભાટિયાના પુત્ર. તે લલિતાબેનના પતિ. તે સ્વ. પ્રભુદાસ પોપટલાલ આશરના જમાઈ. તે મનિષ, અનિષ, ગં.સ્વ. નિશાચંદ્રા અને શીતલના પિતા. તે સ્વ. અશોક, સુભાષ અને ગં. સ્વ. મનિષા સુરેશના ભાઈ તે ચેતના અને હરયાલીના સસરા. તે ક્રિષીકા, ઋષિ અને સ્તોત્રના દાદા. શુક્રવાર તા. ૨૦/૦૨/૨૬ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા તેમજ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપડવંજ મોઢ બ્રાહ્મણ (સામવેદી)**

કપડવંજ નિવાસી (હાલ-ગોરેગાંવ મુંબઈ) ભવ્યકુમાર માધવલાલ ત્રિવેદી (ઉં. વ. ૮૪) તે ચંદ્રિકાબેનના પતિ. કેયુરભાઈ અને નિકુંજભાઈના પિતા અને તૃપ્તિબેન અને શશીબેનના સસરા તથા ક્રિષ્ના જય ત્રિપાઠી અને ધ્રિશાંનના દાદા. અને સ્વ. રતિલાલ છોટાલાલ ત્રિવેદીના જમાઈ તથા સ્વ. અનિલભાઈ, પંકજભાઈ તથા દિલીપભાઈના બનેવી. તા. ૨૧/૦૨/૨૬ના શ્રીજી ચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૪/૦૨/૨૦૨૬ ને મંગળવાર ના રોજ રાખેલ છે. પ્રાર્થના સભા સ્થળઃ સરદાર વલ્લભભાઇ પટેલ હોલ, (જવાહર નગર હોલ), એસ.વી. રોડ, ગોરેગાંવ ( વેસ્ટ), સમય : સાંજે ૫.૦૦ થી ૭.૦૦, લૌકિક વ્યવહાર બંધ છે .

**કચ્છી રાજપૂત**

મૂળ ગામ મોટી ઉનડોઠ અને હાલ મુલુંડ સ્વ. ગોવિંદજી માણસંગજી રાઠોડ (ઉં. વ. ૭૨) તા. ૨૧/૦૨/૨૬, શનિવારના રોજ રામશરણ પામ્યા છે.તે સ્વ. કેસરબેનના પતિ. મુકેશભાઈ રાઠોડ તથા દિલીપભાઈ રાઠોડના પિતાશ્રી. ડિમ્પલબેન અને અલકાબેનના સસરા. તે સ્વ.લક્ષ્મી કાનજી સોલંકીના જમાઈ. તેમજ મનન, જીલ, જીયા અને કૃષિવના દાદાશ્રી. પ્રાર્થનાસભા તા.: ૨૩/૦૨/૨૬, સોમવારે સાંજે ૪ થી ૬ સ્થળઃ મુક્તેશ્વર મહાદેવ મંદિર, મુલુંડ (વેસ્ટ).

## પારસી મરણ

સામી દારા લાલા તે ગુલુ સામી લાલાના ખાવીંદ. તે મરહુમો મહેરૂ તથા દારા લાલાના દીકરા. તે રીશાદ લાલા ને રશ્ના મહેતાના પપ્પા. તે નતાશા લાલા ને પરવેઝ મહેતાના સસરા. તે ફિરોઝ લાલા (ફીલી)ના ભાઇ. તે ઝારા દસ્તુર ને રોશન લાલાના બપાવા. તે દાનીશ મહેતા ને દારાયસ મહેતાના મમાવા. (ઉં. વ. ૮૨) રે. ઠે. ૭૯૮ ટેહમી વીલા, ૪થે માળે, જામે-જમશેદ રોડ, પારસી કોલોની દાદર, મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૪-૨-૨૬ને બપોરે ૩.૪૫ કલાકે દાદર મધે રૂસ્તમ ફરામ અગિયારીમાં.

## જૈન મરણ

**દશાશ્રીમાળી સ્થા. જૈન**

મુળ રાજકોટ નિવાસી, હાલ અંધેરી ઈસ્ટ, મુંબઈ મીનાબેન (મધુબેન) કિરણભાઈ દફતરી (ઉં. વ. ૭૮) તા. ૨૧-૨-૨૬ના અરિહંત શરણ પામેલ છે. તે કિરણભાઈ દફતરીના ધર્મપત્ની, શીતલ અને નેમીષના માતુશ્રી. તે શ્વેતા અને સ્નેહાના સાસુ. તે સ્વ. ચંદ્રીકાબેન અનસુખલાલ રાયચંદભાઈ હેમાણી (વેરાવળ) ના સુપુત્રી. તે સ્વ. લલીતાબેન ખેલશંકર દફતરીના પુત્રવધૂ. તે જીતેન્દ્રભાઈ, શૈલેષભાઈ, સ્વ. જયેશભાઈ, ભરતભાઈ અને સુશીલાબેન હેમાણીના બહેન, તે સ્વ. દીપકભાઈ, સ્વ. મધુભાઈ, સતીષભાઈના ભાભીની પ્રાર્થના સભા તા. ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ, મંગળવારે સવારે ૧૦:૩૦ થી ૧૨:૦૦ દરમ્યાન જલારામ હોલ, નોર્થ સાઉથ રોડ નંબર ૬, હાટકેશ સોસાયટી, જેવીપીડી સ્કીમ, વિલે પારલે વેસ્ટ, મુંબઈ ૪૦૦ ૦૪૯, મુકામે રાખેલ છે. લૌકીક વહેવાર બંધ રાખેલ છે.

**સ્થાનકવાસી જૈન**

ધામેલ નિવાસી હાલ વસઈ, સ્વ. પ્રાણલાલ ભાઈચંદ વોરાના સુપુત્ર સંજય વોરાના ધર્મપત્ની શિલ્પાબેન (ઉં. વ. ૫૮) તા. ૨૧-૦૨-૨૬ ના રોજ અરિહંતશરણ પામેલ છે.તે સ્વ. સંગીતાબેન ધર્મેશ શેઠ, સ્વ. પ્રફુલ્લભાઈ (બાબુભાઈ) અને જુગલભાઈના ભાભી, યશ, કૃપાના માતુશ્રી. સનાના સાસુ. સ્વ. નિર્મલાબેન મનસુખલાલ બિલખિયાની સુપુત્રી, મનીષભાઈ, જ્યોતિબેન પરેશ ભાયાણી, ગીતાબેન પ્રકાશ બદાણી, નીતાબેન અજિત હેમાણી, સંગીતાબેન દીપક સંઘાણીની બહેન.બંને પક્ષની પ્રાર્થના સભા તા. ૨૩-૦૨-૨૦૨૬, સોમવારના રોજ ૩:૦૦ થી ૫:૦૦. સ્થળઃ શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન ઉપાશ્રય, ગુજરાતી સ્કૂલની પાછળ, માણિકપુર, વસઈ રોડ (વેસ્ટ).

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ધર્મતેજ

## મનન

# હે ચંદ્રમૌલી હે ચંદ્રશેખર

હેમંત વાળા
feedback@bombaysamachar.com



શિવજીની આરાધના ચંદ્રના ઉલ્લેખ વગર અધૂરી રહે. જ્યોતિર્લિંગની યાદીમાં પણ પ્રથમ સ્થાન સોમનાથનું છે. આ સોમનાથ એ જગ્યા છે જ્યાં ચંદ્ર એ પોતાને લાગેલા શ્રાપના નિવારણ માટે શિવજીની આરાધના કરી હતી. શ્રાપનું સંપૂર્ણ નિવારણ તો ઈચ્છનીય ન હતું, તેથી વરદાન તરીકે જે ઇચ્છનીય હતું તે, શ્રાપમાંથી અંશતઃ મુક્તિ મળી. કામાંધ, એક પત્ની પ્રત્યે પક્ષપાત રાખનાર, પોતાના સૌંદર્ય માટે અભિમાની, વડીલોની સલાહ-સૂચનનો આદર ન કરનાર, અને મનસ્વી પ્રમાણે વ્યવહાર કરનાર ચંદ્રને સંપૂર્ણતામાં તો માફ ન જ કરી શકાય. શિવજીના શરણે ગયા પછી ક્રમશઃ તેનો ક્ષય ચાલુ રહે અને પછી ક્રમશઃ તે પોતાનું મૂળ સ્વરૂપ પ્રાપ્ત પણ કરી શકે. આ ચંદ્રના આરાધ્ય એટલે ચંદ્રમૌલી કે ચંદ્રશેખર. પ્રસન્ન થયા પછી મહાદેવે ચંદ્રને પોતાના મસ્તક પર, પોતાની જટામાં ધારણ કરેલો છે.

પ્રશ્ન એ થાય કે ચંદ્રમૌલી અને ચંદ્રશેખર વચ્ચે કોઈ તાત્વિક ભેદ છે કે નહીં. શિવજી માટે જ્યારે આ બે ભિન્ન નામ સ્થાપિત કરવામાં આવે ત્યારે તેમાં થોડો તાત્વિક ભેદ તો હોય જ. એક સમજ પ્રમાણે ચંદ્રમૌલીમાં ચંદ્ર સમાન રાજમુગટની વાત થતી હોય તેમ જણાય છે જ્યારે ચંદ્રશેખરમાં માથાની જટાની જ રાજમુગટ તરીકે વાત થતી હોય તેમ લાગે છે. એકમાં માથાની શોભા માટે બાહ્ય ઉપકરણની સહાય લેવાય છે જ્યારે બીજામાં માથાના જ એક ભાગ સમા કેશથી આભૂષણનો હેતુ સિદ્ધ થાય છે.

મુગટ એ બાહ્ય ઉપકરણ છે. તેની રચના જે તે વ્યક્તિના ચહેરાના માપ તથા આકાર પ્રમાણે નક્કી થાય છે. આ સ્વાભાવિક છે. વળી મુગટનો એક ચોક્કસ હેતુ હોય, તેની એક ચોક્કસ શ્રેણી હોય, તેનાથી ચોક્કસ પ્રકારની પ્રતિભા ઊભરે તેવી અપેક્ષા હોય. તેનો દેખાવ - તેની સુંદરતા માનવીના વ્યક્તિત્વને અનુરૂપ હોય તે ઇચ્છનીય છે. વળી જરૂરિયાત પ્રમાણે ચોક્કસ પ્રકારની છાપ ઊભી કરવા માટે પણ મુગટનો ઉપયોગ થતો હોય છે. પણ મહાદેવની બાબતમાં આમ ન હોઈ શકે. મહાદેવની આભા, પ્રભા વ્યક્તિત્વનો નિખાર મુગટને આધીન ન હોય.

શિવજીને મુગટની જરૂર નથી. શિવજીના વ્યક્તિત્વને નિખારવા બાહ્ય આડંબર જરૂરી નથી. કોઈપણ પ્રકારના મુગટથી શિવજીની આભા તથા પ્રતિભાને કોઈ અસર ન થાય. શિવજી તો સત્ય સ્વરૂપ છે, સત્યને આભૂષણની શી જરૂર. શિવજી તો આધ્યાત્મિકતાનો શ્વાસ છે, શ્વાસની સાથે સુંદરતાને સાંકળવાની શી જરૂર. શિવજી સચ્ચિદાનંદ સ્વરૂપ છે, તેમને અન્ય સ્વરૂપે સ્થાપિત થવાની જરૂર જ નથી. અન્ય બધા જ સ્વરૂપ સચ્ચિદાનંદ સ્વરૂપ કરતા નીચેના સ્તરે આવે. છતાં પણ ચંદ્રમૌલી તરીકે તેઓ ઓળખાવા તૈયાર છે. આ ઓળખ શિવજી માટેની નથી પણ ચંદ્ર માટેની છે. ચંદ્રથી શિવજી રૂપાળા નથી લાગતા પણ શિવજીને કારણે ચંદ્રનું મહત્ત્વ સ્થાપિત થાય છે. શિવજી છે એટલે ચંદ્ર છે. ચંદ્રમૌલી બનીને, મુગટ ધારણ કરવો એ તો તેમની લીલા છે.

જ્યારે જટાની રસપ્રદ ગુંથણીની વાત હોય ત્યારે શિવજીને ચંદ્રશેખર તરીકે વર્ણવવામાં આવે. અહીં બાહ્ય કોઈ અલંકાર નથી, અન્ય ભૌતિક તત્ત્વોનો આડંબર નથી, સ્થુળ વિશ્વમાંથી કોઈ પણ પદાર્થ ગ્રહણ કરવાનું કોઈ પ્રયોજન નથી, જે છે તેની ગોઠવણી કરી એક સૌમ્ય છબી ઊભરે તેનો પ્રયત્ન થાય છે. માનવ ઉત્ક્રાંતિનો ઇતિહાસ સાક્ષી છે કે કેશકલાનું એક આગવું મહત્ત્વ હોય છે. ચંદ્રને કારણે, ચંદ્રને યોગ્ય સ્થાન મળે તે માટે, ચંદ્રને યોગ્ય આધાર મળે તે માટે શિવજીએ ચંદ્રશેખરનું બિરુદ સ્વીકાર્યું હશે.

આમ તો શિવજી માટે કોઈપણ પ્રકારના સાકાર સ્વરૂપના નિરૂપણનો આગ્રહ ન હોય તે સ્વાભાવિક છે. જે ઇષ્ટદેવ સ્મશાનમાં રહેતા હોય, ખોપરીઓની માળા પહેરતા હોય, સર્પો જેમની માટે આભૂષણ હોય, આખા શરીરે ભસ્મ ચોળતા હોય, જેમને પોતાના દેખાવ માટે કોઈપણ પ્રકારનો અભિપ્રાય ન હોય, દરેક પરિસ્થિતિને જે છે તે સ્વરૂપે, જેમની તેમ, સ્વીકારવાની જેમની અભિલાષા હોય તેવા મહાદેવને ચંદ્રમૌલી શું કે ચંદ્રશેખર શું.

ભક્તોની ખુશી જેમની ખુશી છે, ભક્તોની ઈચ્છાનો જેઓ સદાય આદર કરે છે, ભક્તોની રુચિની વિવિધતાને કારણે જુદી જુદી સાકારતાને જેઓ સ્વીકારે છે અને ભક્તો સાથે સંવાદ સ્થાપવા માટે જે પ્રતિકોનો ઉપયોગ કરે છે, તેમને કોઈ પણ પ્રકારના માધ્યમ કે સ્વરૂપની જરૂર ન હોય. તેવા મહાદેવને ચંદ્રમૌલી શું કે ચંદ્રશેખર શું. કોઈપણ પ્રકારના આડંબર વગર તટસ્થતાથી જેઓ ભક્તોની વચ્ચે જઈ શકે છે અને ભક્તો સાથે પ્રેમનો વિનિમય કરે છે, તેમને કોઈ પણ પ્રકારના મુગટ કે જટાની શી જરૂર, તેમને પોતાના દેખાવને રૂડો-રૂપાળો બનાવવાની શી જરૂર. તેમના ભક્તજન માટે તો તેમની ઐશ્વરીય ક્ષમતા, તેમનું કરુણાસભર ભોળું વ્યક્તિત્વ, નોંધારાના આધાર સમાન તેમનો સથવારો, જ્ઞાનીને જ્ઞાન અને યોગીને માર્ગદર્શન આપવાની તેમની ક્ષમતા, ભક્તજનોને ભક્તિની પરાકાષ્ઠા સુધી લઈ જવાની જેમની મહેચ્છા, તથા તેમનો શાશ્વત, નિરંતર, તટસ્થ સાક્ષીભાવ જ અગત્યના છે. જેમની આસપાસ સત્ય વીંટળાયેલું રહેતું હોય, જેમના સાનિધ્યમાં ધર્મ પાંગરતો હોય, જેમના અસ્તિત્વમાં આધ્યાત્મ પ્રતીત થતું હોય તેમને સ્વયંના દેખાવ માટે કોઈ પણ પ્રકારના આડંબરનું શું પ્રયોજન.

ચંદ્ર તો એક બહાનું છે. ચંદ્રમૌલી તથા ચંદ્રશેખર જેવા નામ તો એક આકસ્મિક ઘટના છે, દેખાવમાં સૌમ્યતા લાવવાની વાત તો છેતરામણી છે, સત્ય છે કે શિવજી સ્વયમ સૌથી સુંદર છે, સૌથી આનંદદાયી છે, આધ્યાત્મિક તૃપ્તિની પૂર્ણતાના સાક્ષી છે. ત્રિપુરારીનો નાશ કરવા તેમણે જેમ આડંબર સ્વીકારેલો, તેવી જ રીતે આ બધા નામ તો એક સાધન માત્ર છે જેનાથી શિવજીના મહત્ત્વની, શિવજીની લીલાની, શિવજીની કરુણાની, શિવજીના સ્વભાવની સમજ વિકસી શકે. ■

# આહાર ને અનિયંત્રિત વિહાર શરીરના રોગનાં મૂળ કારણ છે

## માનસ મંથન



મોરારિબાપુ
feedback@bombaysamachar.com



કુંભકર્ણ ધાર્મિક પણ છે અને અધાર્મિક પણ છે. બંનેનું મિશ્રણ છે. રાવણ જ્યારે એને જગાડે છે ત્યારે આ માણસ એને ઠપકો આપે છે. આ માણસે બોધ શરૂ કર્યો છે. એ જોતા એમ લાગે કે આ માણસ બહુ ધાર્મિક છે. રાવણને એણે કહ્યું, 'તે આ શું કર્યું? જાનકી તો જગતની માતા છે. હે શઠ, તું માનું અપહરણ કરીને કલ્યાણ ઈચ્છે છે? તેં આ બહુ મોટી ભૂલ કરી છે. તેં મને પહેલા કેમ ન જગાડ્યો?' આદિ-આદિ વાતો કરી છે, પરંતુ કલાકના આ સંવાદ પછી રાવણે શરાબ મંગાવ્યો અને અભક્ષ ભક્ષણ એ બધું મંગાવ્યું. પહેલા ધર્મની ચર્ચા કરનારો, આપણને પગે લાગવાનું મન થાય એવા કુંભકર્ણને પણ એક કલાક પછી એ માણસે જે ખાધું અને પીધું ને પછી એના તમામ વિચારો દબાઈ ગયા અને સાક્ષાત ધર્મરૂપ રામ છે એની સામે તેણે અધર્મની યાત્રા શરૂ કરી ! એટલે એ ધર્મ અને અધર્મનું મિશ્રિત રૂપ છે.

માણસ બહુ સારો હોય, પણ માણસ થોડો નશો કરે અને ન ખાવાનું ખાય એટલે એના વિચારો ફરે જ. સીધી વાત છે. એટલે જ આપણા ધર્મો કહે છે કે ભાઈ, બને એટલા વ્યસનથી દૂર રહો. બને એટલા વ્યસન ઓછા કરો. ધીરે-ધીરે છોડો. હમણાં મને કોઈએ કહ્યું કે ફલાણા ભાઈ બહુ શરાબ પીવે છે. મેં કીધું, હવે એમાં કોઈ ફેરફાર થાય તેમ નથી, પણ એને એટલો સંદેશો આપજો કે તું દારૂ ન છોડે તો વાંધો નહીં, પણ બાપુએ કીધું છે, મહેરબાની કરી અને દ્વેષ છોડી દેજે. હા, દારૂ નુકસાન તો કરે જ છે, પણ ન છૂટે ને દ્વેષ છૂટી જાય તો પણ કેટલું મોટું કામ થઈ જાય? માણસના વિચારો ફરે છે અમુક ખાવાથી, પીવાથી. અહીં તો આપ બધા વૈષ્ણવો છો એટલે આવું નહીં કરતા હો અને કરતાં હો કદાચ વાર-તહેવારે અથવા તો રિસેપ્શન વખતે કરતા હો ! ખેર! અત્યારે આપણો એ વિષય નથી. પણ કુંભકર્ણનું જે રૂપ છે તે મને ગુરુકૃપાથી સમજાયું છે કે તેમાં ધર્મ-અધર્મ બંનેનું મિશ્રણ છે. વિભીષણ એક એવું પાત્ર છે જે ધર્મશીલ છે. તમે સૌ વર્ષોથી વિદેશમાં રહો છો તેમ છતાં ધર્મને ટકાવવાના પ્રયત્નો કર્યા છે.

આમ તો ઘણા મુદ્દાઓ આપી શકાય, પરંતુ શરીરની બીમારી અને મનની બીમારીના મુખ્યતઃ બે-બે કારણ છે અને એ ચારેય પ્રકારે ક્યારેક મને અને તમને માનસિક અને શારીરિક બીમારી લાગે ત્યારે આપણા જીવનમાં કોઈ હનુમાનજી જેવા વૈદની, સદ્ગુરુની જરૂર ઊભી થાય. આહાર અને અનિયંત્રિત વિહાર શરીરના રોગના મૂળ કારણ છે. રાવણના આ બંને ખરાબ છે. વિચાર અને નિહાર એ બે માનસિક બીમારીના કારણો છે. આ સર્વકાલિક સૂત્ર છે. હવે આવી ચારે ચાર વસ્તુથી જીવ જયારે ગ્રસ્ત હોય,ત્યારે એને હનુમાનજીની જ જરૂર પડે. રાવણનો આહાર ખરાબ છે,એનો વિહાર નિયંત્રિત નથી. બેફામ છે. અપ્સરાઓ, કિન્નરોની કન્યા, ગંધર્વોની કન્યા, નાગદેવતાઓની કન્યા, ઋષિ કન્યાઓ આ બધાંના અપહરણ કરીને સતત ભોગમાં જીવતો જીવ.

અતિશય રાગ થાય તો રોગ થાય. એ ગણિત છે. પણ અતિશય રોગ થાય તો ક્યારેક-ક્યારેક રાગ ઓછો થઇ જાય. અને તેથી પ્રેમ એ અતિશય રોગ નથી મહારોગ છે. જેને પ્રેમ થયો એનો રાગ ઓછો થઇ જાય. માણસને તાવ આવે તો જે-જે વસ્તુ ખાવાની ઈચ્છા થતી હોય એ બધી કડવી લાગવા માંડે. મહારોગ પ્રેમ છે. અને એ રોગનું કેવલ ભગવદ્ પ્રાપ્તિ સિવાય કોઈ ઓસડ નથી.

તો બાપ ! આહાર અને વિહાર શારીરિક રોગનું મૂળ છે. તમે બહુ જ માનસિક રીતે ચિંતન કરો અને શાસ્ત્ર એને પ્રમાણ આપે છે. એટલે કહું છું કે, 'તમારો આહાર બરાબર ન હોય ને! તોપણ તમે બરોબર પ્રેમ ન કરી શકો. તમારો શુદ્ધ આહાર પ્રેમ માટે પણ ખૂબ જરૂરી છે.' હવે તમે એમ કહી શકો કે, જે અભક્ષ ભક્ષણ પશુઓ કરે છે એ પ્રેમ નથી કરતા? કરે છે. કામચલાઉ, પછી અભક્ષ ભક્ષણ કરનારા પશુઓ બધાના સંબંધો ભૂલી જાય છે. એના સંબંધો ક્ષણ-જીવી હોય છે. જે માણસો મનુષ્ય શરીરમાં આવીને અભક્ષ ભક્ષણ કરે છે ઈંડા, માંસ આદિ... એના પ્રેમની આવરદા મોટી નથી હોતી. એનો પ્રેમ એક જગ્યાએ કેન્દ્રિત નથી હોતો. તેથી ઘણી વ્યવસ્થાઓમાં બહુપત્નીની વાતો આવી. કારણ કે તમારા આહાર વિપરીતને કારણ તમે એકમાં પ્રેમ ટકાવી શક્યા નથી. એ સ્પષ્ટ દર્શન છે. ઘણા કહેને 'પ્રેમને શું બંધન નડે?' નહિ. બહુ જ સૂક્ષ્મ દ્રષ્ટિથી પ્રેમ તો ઋષિ-મુનિઓએ કર્યો. કારણ કે એમનો આહાર શુદ્ધ હતો. પ્રેમ તો શુદ્ધ અંતઃકરણથી થાય. અને આહાર શુદ્ધિ વગર સત્વશુદ્ધિ? શાસ્ત્રોએ ના પાડી છે. પ્રેમ કઈ રીતે થઇ શકે? ભક્તિ તત્ત્વ એટલું પ્રબળ ત્યાં નથી બન્યું. ભક્તિ તો દ્રવિડમાં થઇ. ભલે ક્યાંક નાની થઇ, ક્યાંક મોટી થઇ પણ આખરે તો ભારતની પેદાશ છે. જન્મભૂમિ, હિંદુસ્તાન છે.

ગુજરાતમાં જઈને ભક્તિ ઘરડી થઇ એમ પણ કહી શકાય અને ગુજરાતમાં જઈને ભક્તિ પ્રૌઢ થઇ એમ પણ કહી શકાય. જે હોય તે. આહાર શુદ્ધિ ભજન કરવા માટે પણ જરૂરી છે. પીણું પણ આહાર છે. ખરાબ પીણાં છોડો. કેટલી જુવાની ભ્રષ્ટ થઇ જાય દેશની! અને હવે તો પોતાની જાતને સુશિક્ષિત દેખાડવા માટે બહેનો પણ પીતી થઇ. હં! એક વસ્તુને હું વંદન કરું-કથામાં આવીને લોકો નિખાલસ ઘણા થઇ ગયાં. કેટલી બહેનો-દીકરીઓ મને વાત કરે છે, પત્રમાં જણાવે છે કે 'બાપુ,અમે કથા સાંભળી, પણ એક વખત ભૂલમાં સોબતમાં પીવાઈ ગયું. એની નિખાલસતાને, કબુલાતને વંદન.' જે તમને પી જાય એને તમે ન પીઓ. એ આખરે તમને પી જાય. એ તો હકીકત છે. એવું ન પીઓ, એવું પીઓ જે મને ને તમને પુષ્ટ કરે. હરિનામ પીઓ. તો ગુરુ દક્ષિણામાં આ આપજો. છોડી દો ખોટા પીણાં. કેટલી મોટી ક્રાંતિ થાય! સાંભળનારા લોકો જો સંકલ્પ કરવા માંડે તો હં !

મારો કહેવાનો અર્થ બાપ! કથા સાંભળીને એક ધડાકે ઓછું કરી દો તો તો બહુ સારું, તો તો એના જેવું એકેય નહિ. પણ ઘણી જૂની આદત હોય અને એક ધડાકે ઓછી ન થાય... હું બહુ ચા પીતો. એક ધડાકે ન ઓછી કરી શક્યો. હવે ઓછી થઇ ગઈ. પાંચ-સાત ઘૂંટડા પીઉં છું. નહિતર મારી ચા એટલે..! ઓ...હો...હો...હો..! અડધો અડધો કલાકે ચા જ પીધા કરતો. કોઈ કહે 'ચા?' તો કહું ભગવાન તને હો વરસનો કરે. બનાવ... બનાવ' હવે એની મેળે ઓછી થઇ ગઈ. હજી પીવી જોઈએ. પણ ધીરે-ધીરે. મારે તમને એક સાધુની અપીલ છે બાપ! હં! ધીરે-ધીરે ઓછું કરી દેજો. કારણકે શારીરિક બીમારીનું મૂળ છે આ. પરદેશમાં પણ આપણને આવા દાખલા મળે ચોવીસે કલાક માણસો પીવે અને પછી કહે કે અમારા ફેંફસા ખલાસ થઇ ગયાં. તે ખલાસ ન થાય તો શું થાય? એમાં બગીચા થાય? ફૂલ ખીલે? માનસિક બીમારીથી બચવા માટે વિચાર શુદ્ધ અને નિહાર,એટલે દર્શન શુદ્ધ રાખવું. મનુષ્ય જેવો મનુષ્ય ઇન્દ્રિયોનો ગુલામ થઇ ગયો છે ! ભગવદકથાને અનુષ્ઠાનનું રૂપ બનાવો. આપ કામધંધા છોડીને અહી નવ દિવસ બેસવાના છો તેનું કોઈ ઠોસ પરિણામ આવવું જોઈએ તો બહુ સુંદર ફળ મળશે.

(સંકલન : જયદેવ માંકડ)■

# માર્કંડેય પુરાણનું વાંચન-મનન ને પઠન કરનાર મારી વિશેષ કૃપાનો અધિકારી બનશે!

## શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombaysamachar.com




શિવ ભક્તિ જ આપણા પુત્રને અલ્પઆયુથી દીર્ઘાયુષ્ય તરફ લઈ જશે એવી અડગ શ્રદ્ધાથી બંને પતિપત્ની શિવઆરાધનામાં વ્યસ્ત થઈ ગયા. બાળક માર્કંડેય ધીમે ધીમે મોટો થવા માંડયો. માર્કંડેયનું આયુષ્ય આજે પૂર્ણ થઈ જશે એવું માર્કંડેયને ખબર પડતાં માર્કંડેય શિવલિંગ પાસે બેસી 'ૐ નમઃ શિવાયઃ' પંચાક્ષરી જાપની શરૂઆત કરે છે. પરોઢ થતાં પહેલાં જ યમદૂતો માર્કંડેયને શોધતાં શોધતાં ઋષિ મૃકુંદુની કુટિર પાસે પહોંચે છે, તેઓ જુએ છે કે માર્કંડેય શિવ આરાધનામાં લીન છે. એક યમદૂત દ્વારા માર્કંડેય પર યમપાશ ફેંકતાં જ શિવલિંગમાંથી એક અગ્નિની તરંગ નીકળે છે અને યમદૂતને મૂર્છિત કરી દે છે. એ જોઈ બીજા યમદૂત પણ માર્કંડેય પર યમપાશ ફેંકે છે. યમપાશ માર્કંડેય તરફ આવતા ફરી શિવલિંગમાંથી એક અગ્નિતરંગ નીકળતાં બીજો યમદૂત જોજન દૂર ફેંકાઇ જાય છે. ફંગોળાયેલો યમદૂત યમલોક પહોંચી યમદેવને કહે છે કે માર્કંડેય શિવ આરાધના કરી રહ્યો છે અને શિવલિંગમાંથી નીકળતી અગ્નિની તરંગો માર્કંડેયના પ્રાણ હરવા દેતી નથી. ક્રોધિત યમરાજ અને તેના દૂત સૌ સાથે મળી મૃકુંદુ ઋષિના આશ્રમ પહોંચે છે. ક્રોધિત યમરાજના ભયાનક રૂપને જોઈ બાળક માર્કંડેય ગભરાય જાય છે અને શિવલિંગને વળગી જાય છે અને 'ૐ નમઃ શિવાયઃ' જાપ ચાલુ રાખે છે. ક્રોધિત યમરાજ પોતાની ગદાનો પ્રહાર કરવા જતાં જ ભગવાન શિવ અને માતા પાર્વતી ત્યા પ્રગટ થાય છે અને યમરાજ સહિત તેમની ગદાને બંદી બનાવે છે. ભગવાન શિવ અને માતા પાર્વતીને જોઈ યમરાજ કહે છે 'પ્રભુ હું તો મૃત્યુના અટલ નિયમોનું પાલન કરનારો છું, ચિત્રગુપ્તના લેખનમાં માર્કંડેયની આયુ આજની રાત જેટલી જ દાખવી છે.' સમજાવતાં ભગવાન શિવ કહે છે, 'તમે નિયતિના સંચાલન માટે નિયુક્ત છો, તમે કાલ છો તો હું મહાકાલ છું. શરણાગતની રક્ષા કરવી મારું કર્તવ્ય છે. મારી ભક્તિની ચરમસીમા પર પહોંચેલા બાળકને કઈ રીતે મારી શકાય? નિયતીના લેખનમાં માર્કંડેય દ્વારા મારી ભક્તિ બાદ અમરતાનું વરદાન પણ લખવામાં આવ્યું છે, ચિત્રગુપ્તના લેખનમાં ત્રુટી રહી ગઈ છે, તમે પરમજ્ઞાની છો તમને એટલું તો જ્ઞાત હોવું જ જોઈએ કે તમારા પાશ તૂટવા પાછળ કોઈ કારણ હોવું જોઈએ. માર્કંડેયની અલ્પઆયુનો શ્રાપ સમાપ્ત થઈ ગયો છે, માર્કંડેય હવે અમરતાનું વરદાન મેળવી સંસારના કલ્યાણ માટે કાર્ય કરશે. તમે યમલોક જઈ તમારા કાર્યને પાછું સંભાળી લો.' યમરાજ વિદાય થતાં માર્કંડેય ભગવાન શિવ અને માતા પાર્વતીના આશિર્વાદ લે છે. પ્રસન્ન માતા પાર્વતી કહે છે 'માર્કંડેય તમે ફક્ત શિવ કૃપાના જ પાત્ર નથી, તમે મારા પુત્ર કાર્તિકેય અને ગણેશની જેમ દેવ છો. હું તમને મારા પુત્રોની જેમ જ સ્નેહ અને સિદ્ધિઓ પ્રદાન કરીશ.

* * *

પોતાની કુટિર બહાર કોઈ શક્તિ ઉપસ્થિત હોવાની અનુભૂતિ થતાં જ ઋષિ મૃકુંદુ અને સુતપા બહાર આવે છે. એજ સમયે માતા લક્ષ્મી, બ્રહ્માજી અને દેવર્ષિ નારદ ત્યાં પધારે છે. ઋષિ મૃકુંદુ અને સુતપા સમસ્ત દેવગણનું સ્વાગત કરી આશીર્વાદ લે છે.

સુતપાઃ 'હે સર્વેશ્વર ભોળેનાથ, માતા પાર્વતી, માતા સરસ્વતી, બ્રહ્માજી અને દેવર્ષિ નારદના દર્શન અલભ્ય તો ખરા જ! અને આ બધાના એકસાથે દર્શન કોઈ પુણ્યશાળીને જ મળે.'

ભગવાન શિવઃ 'સુતપા તમે અને ઋષિ મૃકંદુ ખરેખર પુણ્યશાળી છો, જેથી આપને માર્કંડેય જેવો પુત્ર પ્રાપ્ત થયો છે.'

ઋષિ મૃકંદુઃ 'હે સર્વેશ્વર, અમને માફ કરો, અલ્પઆયુ પુત્રની આયુ બાબતે ભયભીત રહી અમે પૂર્ણપણે તમને સમર્પિત ન થઈ શક્યા, એ બદલ માફી ચાહીએ છીએ. હે કૃપાનિધાન તમારી કૃપા અપરંપાર છે, તમે દયાના સાગર છો. તમારી ભક્તિ અસંભવને પણ સંભવ બનાવે છે. એકવાર કોઈ નિષ્ઠાપૂર્વક તમારાં શ્રીચરણોમાં સમર્પિત થઈ જાય તો તેણે પોતાની સમસ્ત ચિંતા તમારા પર છોડી દેવી જોઈએ અને તમારી ભક્તિમાં લીન થઈ જવું જોઇએ, પરંતુ અમે પુત્રની અલ્પઆયુની ચિંતામાં એવું ન કરી શક્યાં.'

માતા પાર્વતીઃ 'પુત્રની ચિંતા કોને નહીં હોય? હું પોતે પણ પુત્ર દૂર થયાં નથી કે ચિંતા કરવા લાગી જાઉં છું.'

ભગવાન શિવઃ 'પુત્રની ચિંતા કરવી એ મા-બાપનો સ્વાભાવિક કર્તવ્ય છે, અમારું અહીં ઉપસ્થિત થવાનું કારણ એ નથી કે તમારી ચિંતા દૂર કરવી, અમે તો અહીં માર્કંડેયની અવિરત ભક્તિથી પ્રસન્ન થઈ તેને અમરતાનું વરદાન આપવા આવ્યા છીએ. પુત્ર માર્કંડેય તમે અમારી વિશેષ સ્નેહના પાત્ર છો.'

માર્કંડેયઃ 'માતા આપની આજ્ઞા હોય તો આપના ચરણોમાં હું એક નિવેદન પ્રસ્તુત કરવા માગું છું.'

માતા પાર્વતીઃ 'પુત્ર બોલો, તમારી દરેક મનોકામના પૂર્ણ થશે.'

માર્કંડેયઃ 'દુષ્ટ દૈત્ય-દાનવોને અંત કરનારી અને માતા આપની શક્તિઓનું પ્રદર્શન કરનારી વાર્તા મને બહુ પ્રિય છે, મારી માતા અને પિતાએ આપની ઘણી વાર્તા મને સંભળાવી છે. આપ સૌના આશીર્વાદ હોય તો લોકકલ્યાણઅર્થે હું માતા પાર્વતીની શક્તિ, દયા-માયા અને પરાક્રમને સાંકળી લેતો એક ગ્રંથ લખવા ઇચ્છુક છું.'

ભગવાન શિવઃ 'તમારી કલ્પના અને ઇચ્છા ખૂબ ઉત્તમ છે. તમારી ઇચ્છા પૂર્ણ કરવા હું તમને આશીર્વાદ આપું છું કે, તમારા દ્વારા રચિત ગ્રંથ માર્કંડેય પુરાણ તરીકે જગવિખ્યાત થશે. આવનારા અનેક યુગો સુધી દેવી પાર્વતીના ભક્તો માટે આ ગ્રંથ ભક્તિ અને પ્રેરણાનું મુખ્ય સ્રોત બનશે.'

માતા પાર્વતીઃ 'પુત્ર માર્કંડેય તમારા દ્વારા રચિત આ માર્કંડેય પુરાણના વાંચન, મનન અને પઠન કરનાર મારી વિશેષ કૃપાનો અધિકારી બનશે અને મારો પરમભક્ત કહેવાશે.'

ભગવાન શિવઃ 'પુત્ર એટલું જ નહીં, માર્કંડેય પુરાણના દરેક શ્લોક પાપીથી પાપી મનુષ્યના પાપ દૂર કરી શિવકૃપા પ્રાપ્ત કરવા સક્ષમ બનશે.'

માતા સરસ્વતી અને બ્રહ્માજીએ પણ માર્કંડેયને આશીર્વાદ આપી કહ્યું કે, 'માર્કંડેય પુરાણનું પઠન, ચિંતન અને મનન કરનારા મનુષ્યનો પરિવાર અમારી વિશેષ કૃપાને પાત્ર બનશે અને પરમ જ્ઞાની બનશે.'

ભગવાન શિવ, માતા પાર્વતી, બ્રહ્માજી, માતા સરસ્વતી અને દેવર્ષિ નારદ માર્કંડેયને આશિર્વાદ આપી ત્યાંથી વિદાય લે છે.

* * *

થોડા જ સમયમાં માર્કંડેય દ્વારા માર્કંડેય પુરાણની રચના કરવામાં આવી, અને આજે એ દુર્ગા સપ્તશતી તરીકે પણ પ્રખ્યાત છે. જે માનવ શ્રદ્ધા અને ભાવથી માર્કંડેય પુરાણ ઉર્ફે દુર્ગા સપ્તશતીનું પઠન, મનન કે વાંચન કરે છે તે સમગ્ર જીવન દરમિયાન માતા પાર્વતીની કૃપાથી ઉત્તમ માનવ તરીકે જીવન વિતાવે છે અને કાલમાં વિલય થયા બાદ શિવકૃપા પ્રાપ્ત કરી શિવગણ તરીકે કૈલાસ ખાતે સ્થાન મેળવે છે.

* * *

માતા પાર્વતી અને ભગવાન શિવને એકસાથે પરત ફરેલા જોઈ શિવગણો ઉત્સાહ મનાવે છે. (ક્રમશઃ)■

ચિંતન

હેમુ ભીખુ
feedback@bombaysamachar.com



# નિયતં કુરુ કર્મ ત્વમ્

ગીતામાં ભગવાન અર્જુનને આ વાત કહે છે. તેઓ પોતાના પરમ મિત્ર - શિષ્યને જણાવતા કહે છે કે તું તારું નિયત થયેલું કર્મ કર, કેમ કે, કર્મ ન કરવા કરતા કર્મ કરવું વિશેષ છે. નિયત થયેલ કર્મ કરવું એટલે જ ધર્મનું પાલન.

નિયત-કર્મ ત્રણ બાબતોને આધારિત હોય છે. મા-બાપની સેવા જેવા કેટલાક નિયત-કર્મ જન્મની સાથે નિર્ધારિત થઈ જાય છે. આપણી હાજરીમાં, રસ્તે કોઈકને અકસ્માત થયો હોય તો તેમને હોસ્પિટલ સુધી પહોંચાડવાનું નિયત-કર્મ સંજોગો દ્વારા સ્થાપિત થાય છે - કેટલીક પરિસ્થિતિ નક્કી કરે કે કયા કર્મ નિર્ધારિત થયેલ છે. કેટલાક નિયત-કર્મ સિદ્ધાંત કે વિચારધારાને આધારિત હોઈ શકે. આ ત્રણેય પરિસ્થિતિમાં માત્ર કર્મ કરવું જરૂરી નથી પણ તે કર્મ નિર્લેપતાથી કરવું જરૂરી છે.

નિયત-કર્મ માટે લગાવ ન હોવો જોઈએ. નિયત-કર્મ એ એક પ્રકારે ઉત્તરદાયિત્વ છે. આ કર્મ, અકર્મતાના ભાવથી થવું જરૂરી છે. સાથે સાથે કર્મ નિર્દોષ તેમજ સત્ય આધારિત હોવું જરૂરી છે. કોઈ વિશેષ સંજોગોમાં આ પ્રકારના માળખામાંથી બહાર જવાની જરૂરિયાત જણાય ત્યારે થયેલ નુકસાની ભરપાઈ કરી આપવાની તૈયારી હોવી જોઈએ.

કોઈપણ કર્મ હંમેશાં ફળની આશાનો ત્યાગ કરીને કરાવવું જોઈએ. પણ જ્યારે નિયત કર્મ કરવાનું હોય ત્યારે પરિણામ-લક્ષી હોવું ઇચ્છનીય છે. મા-બાપની સેવા કરવાથી મા-બાપને સારું લાગે તેવી ઈચ્છા રાખવી વ્યાજબી છે.

કુટુંબનું ભરણપોષણ કરવું તે નિયત-કર્મ છે. તેની માટે પરિશ્રમ કરવો જરૂરી છે અને તે પરિશ્રમના પરિણામે કશુંક પ્રાપ્ત થાય તેવી ઈચ્છા રાખવી સહજ છે - તો જ કુટુંબનું ભરણપોષણ શક્ય બને. એમ જણાય કે આવા સંજોગોમાં નિયત-કર્મ સાથે અપેક્ષાઓ જોડાયેલી હોય છે, પણ આમ નથી. વિશેષ સંજોગોમાં નિયત-કર્મ પાસેથી પરિણામની અપેક્ષા રાખવી એ પણ નિયત-કર્મના એક ભાગ સમાન જ હોય છે. અહીં પરિસ્થિતિ સમગ્રતામાં જોવાની હોય.

જ્યારે કોઈ ઘાયલ વ્યક્તિને હોસ્પિટલ લઈ જવામાં આવે ત્યારે એવી અપેક્ષા રાખવી સ્વાભાવિક છે કે તે વ્યક્તિ સાજો થઈ જાય. આ પ્રકારની અપેક્ષા વ્યક્તિગત ન હોવાથી - તેની સાથે વ્યક્તિગત લગાવ ન હોવાથી સ્વીકાર્ય છે.

પુરુષાર્થ કરવો એ નિયત-કર્મ છે. પુરુષાર્થ વગર શરીરનો વ્યવહાર તો નથી જ ટકતો પણ સાથે સાથે સામાજિક માળખું પણ વેરવિખેર થઈ જાય. માનવ તરીકે જન્મ લીધા પછી જ્ઞાન કે ભક્તિના સહારે મોક્ષ તરફ પ્રયાણ કરવું તે પણ નિયત-કર્મ છે. સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવતા નિભાવતા વ્યક્તિગત ઉન્નતિ માટે પણ કાર્યરત રહેવું જરૂરી છે.

વ્યક્તિનું ઉત્તરદાયિત્વ માત્ર અન્ય પ્રત્યે નથી, સ્વયં પ્રત્યે પણ છે. સ્વયમ્ યોગ્ય માર્ગે આગળ વધી શકે તે માટે માનસિક, શારીરિક, આધ્યાત્મિક તેમજ સામાજિક તંદુરસ્તી જળવાયેલી હોવી જોઈએ - આ પણ એક પ્રકારનું ઉત્તરદાયિત્વ છે. નિયત થયેલા કર્મનો વ્યાપ વિશાળ છે અને દરેક પાસા પર સંમિલિત થવાની જરૂર છે. છતાં પણ જો કોઈ એક પાસા પર ધ્યાન કેન્દ્રિત હોય તો, એમ જણાય છે કે, અન્ય પાસા પણ આપમેળે ગોઠવાતા જાય.

પ્રકૃતિનું દરેક તત્ત્વ પોતાનું નિયત થયેલ કર્મ નિભાવે છે. અગ્નિ દાહ આપે છે તો જળ શીતળતા બક્ષે છે. વૃક્ષ ફળ આપે છે તો ધરતી આધાર આપે છે. ઋતુઓ પોતાના ચક્ર પ્રમાણે પરિવર્તનશીલ રહે છે તો રાત પછી દિવસ જીવનમાં પ્રવેશવા તૈયાર જ હોય છે.

લીંબુએ ખટાશ આપવાની હોય છે જ્યારે મધ મીઠાશ આપવા માટે સર્જાયું છે. સૃષ્ટિનું દરેક તત્ત્વ તેના ગુણધર્મને આધારિત પોત પોતાના કાર્ય કરે છે. એમાં નથી કોઈ અપેક્ષા કે નથી કોઈ અપવાદ. મૃત્યુ પોતાનું કામ કરે અને જન્મ નિયત કર્મ માટે કાર્યરત થવાનું કારણ બને.

ક્યાંક નિયત-કર્મ શૃંખલાના ભાગ સમાન હોય છે. વૃક્ષનું કાર્ય છે કે બીજનું સર્જન થાય અને બીજનું કાર્ય છે કે વૃક્ષ અસ્તિત્વમાં આવે. આ શૃંખલા આમ જ ચાલ્યા કરે. સૃષ્ટિમાં ઘણા નિયત-કર્મો પરસ્પર આધારિત રહે છે.

આ ચક્રમાં એક સ્થાને ખલેલ પહોંચે તો અન્ય તત્ત્વ એ ખલેલને સરભર કરવા સમર્થ હોય છે જ, પણ ક્યાંક થોડા સમયગાળા માટે વિચલિત પરિસ્થિતિ ઊભી થઈ શકે. નિયત-કર્મોનો સમૂહ, સૃષ્ટિની કેટલીક બાબતો માટે આધાર સમાન છે.

નિયત થયેલ કર્મ કરવાથી બંધન લાગતું નથી. નિયત-કર્મ નિર્દોષ છે. નિયત-કર્મ ધર્મ અને સત્યને આધારિત હોય છે. નિયત-કર્મ એ વિધાતાની ઈચ્છાને આધીન બાબત છે. ■

વિશેષ

રાજેશ યાજ્ઞિક
mahendra.punatar@bombaysamachar.com

# મૃત્યુ પછી આત્માની ગતિની સમજણ આપતું ગરુડ પુરાણ



**પરિવારમાં** જ્યારે કોઈ આપ્તજનનું મૃત્યુ થાય છે, ત્યારે પરિવારના સભ્યો શોક સંતપ્ત બને તે સ્વાભાવિક છે. ધર્મના દૃષ્ટિકોણથી વાત કરીએ તો, આ શોક આપણા મોહનું પરિણામ છે. આપણો જેની સાથે સંબંધ હતો તે શરીર માત્ર આ ભવ પૂરતું હતું. પણ તેનો આત્મા તે પહેલા પણ હતો, અને તે પછી પણ હશે, જ્યાં સુધી તે મોક્ષ પ્રાપ્ત ન કરી લે. આ વાત આપણા ધર્મ શાસ્ત્રોએ અલગ અલગ રીતે, અનેકવાર સમજાવી છે. સંસારના ચક્રનો સાર એટલો જ છે કે શરીર વિનાશી છે અને આત્મા અવિનાશી છે. ઘરમાં કોઈનું મૃત્યુ થાય ત્યારબાદ, ૧૩ દિવસ સુધી ગરુડ પુરાણનું પારાયણ કરવાની પરંપરા છે.

મહર્ષિ વેદ વ્યાસને આપણે મોટાભાગે મહાભારતના રચયિતા તરીકે ઓળખીએ છીએ. પણ તેઓએ પુરાણોની પણ રચના કરી છે, જેમાં વિજ્ઞાનનો ભંડાર છે. ગરુડ પુરાણ એ હિન્દુ ધર્મના અઢાર મહાપુરાણોમાંનું એક છે. ગરુડ પુરાણમાં ૧૯,૦૦૦ શ્લોક છે અને તે બે ભાગમાં વહેંચાયેલું છે. પહેલા ભાગમાં વિષ્ણુ સાથે સંકળાયેલી ભક્તિ અને ઉપાસના વિધિઓનું વર્ણન છે. આ ભાગમાં, આપણે મૃત્યુ પછી ગરુડ પુરાણના મહત્ત્વ વિશે જાણી શકીએ છીએ. આ પુરાણ ભગવાન વિષ્ણુને સમર્પિત છે અને ગરુડ અને ભગવાન વિષ્ણુ વચ્ચેના સંવાદના રૂપમાં રજૂ કરવામાં આવ્યું છે.

ગરુડ પુરાણનું પારાયણ શામાટે કરવામાં આવે છે? જેથી શોક સંતપ્ત આપ્તજનોને એ સમજાય કે જનાર વ્યક્તિનો શોક કરવો વ્યર્થ છે. આપણે પણ ભવિષ્યમાં આત્મા રૂપે આ રીતે જ અનંતની યાત્રાએ જઈશું. ગરુડ પુરાણમાં પાપ અને પુણ્યના ફળ બતાવ્યા છે, જેથી વ્યક્તિ જાગૃત થઈને ધર્મના માર્ગને વળગી રહે.

ભગવાન વિષ્ણુ પક્ષીરાજ ગરુડને કહે છે કે, જે સદાય પાપપરાયણ રહે છે, દયા અને ધર્મથી રહિત રહે છે, દુષ્ટોની સંગતમાં રહે છે, શાસ્ત્રો અને સત્સંગથી વિમુખ રહે છે, જે અહંકારી બને છે તથા જે ધન અને માનના મદમાં પ્રચુર રહે છે તેમને આસુરી શક્તિ મળે છે, પણ દૈવી સંપત્તિથી રહિત બને છે. જે રીતે સર્પ ધીમે પગલે આવીને શિકારને વીંટળાઈ વળે, તે રીતે આવા પાપીઓને કાળ પોતાનો કોળિયો બનાવે છે.

ગરુડ પુરાણ કહે છે કે, અંતિમ સમયે આત્માને એ દિવ્ય દ્રષ્ટિ પ્રાપ્ત થાય છે, જેનાથી તે આલોક અને પરલોક બંનેને જોઈ શકે છે. પરંતુ અજિતેન્દ્રિય (જેણે મનુષ્ય જન્મ પ્રાપ્ત કરીને પણ પોતાની ઇન્દ્રિયોને જીતી નથી) વ્યક્તિના પ્રાણ નીકળે ત્યારે તે સંજ્ઞાશૂન્ય બની જાય છે. અર્થાત કે કંઈ પણ કહેવા માટે અસમર્થ બને છે. જેવી રીતે અપરાધીઓને લઇ જવામાં આવે તેવી રીતે પાપીઓને યમદૂત ગાળામાં પાશ નાખીને નરકનું વર્ણન કરતા કરતા લઇ જાય છે. પોતાના પાપનું સ્મરણ કરતા જીવ તરસ્યો અને થાકેલો સતત ચાલતો રહે છે. યમલોકમાં તેને બે થી ત્રણ મુહૂર્ત (એક મુહૂર્ત ૪૮મિનિટ, એટલે બે ઘડી નો હોય છે) નારકી યાતનાઓનું દર્શન કરાવાય છે. બાદમાં તે પાછો મૃત્યુલોકમાં આવે છે. અનાદિ વાસનાથી પીડિત તે પોતાના શરીરમાં ફરી પ્રવેશવા માગે છે. પણ યમ પાશથી બંધાયેલો તે એવું કરી શકતો નથી અને રડતો રહે છે.

ગરુડ પુરાણ જણાવે છે કે પાપ કે પુણ્ય જે પણ કર્મ હોય તેને ભોગવવા જ પડે છે. ૧૩ દિવસ સુધી જીવ તેના ઘરમાં જ રહે છે. પોતાના માટે થતા ધર્મ કાર્યોને જુએ છે અને સ્વજનો દ્વારા તેને યાદ કરાઈ રહ્યા છે તે જોઈને સંતુષ્ટ થાય છે. મનુષ્યના મૃત્યુ પછી પિંડદાન શામાટે કરવું જોઈએ તે પણ તેમાં જણાવ્યું છે. વ્યક્તિના મૃત્યુ પછી યમમાર્ગની યાત્રામાં પાપી આત્માઓને ભોગવવા પડતા કષ્ટોનું વિગતવાર વર્ણન થયું છે. તે સમયે જીવ પોતાના પાપકર્મોનો યાદ કરીને રડે છે. સાથે અનેક જન્મોના મોહથી પીડિત તે મારો દેહ, મારુ ઘર, મારો પરિવાર ક્યાં ચાલ્યા ગયા તેનો વિચાર કરીને પણ રડતો રહે છે.

એવું કહેવાય છે કે આત્મા લગભગ એક વર્ષ સુધી વિવિધ ક્ષેત્રોમાં પ્રવાસ કરે છે. તેથી આપણે ત્યાં એક વર્ષ સુધી તેના માટે માસિક પિંડદાન કરવાની પરંપરા રહી છે. આ એક વર્ષના સમયગાળાને ધ્યાનમાં રાખીને જ તેની વરસીની ક્રિયા પણ અસ્તિત્વમાં આવી છે. આ સમયગાળા દરમિયાન, આત્માના જીવનભરના કાર્યોના લેખાં જોખાં સંકલિત કરવામાં આવે છે. યમરાજા આત્માને સજા આપનાર દેવ નથી, પરંતુ ન્યાયાધીશ છે. ■

શ્યામ સમીપે

જ્યોત્સના તન્ના
feedback@bombaysamachar.com

# આ રાધાથી સમસ્ત જગતની ઉત્પત્તિ થઈ છે

(ગતાંકથી ચાલુ)

**ઓરિસ્સાનાં** ભક્તકવિ દિવાકરદાસે લખ્યું, 'રાધાટિ સ્વયં જગન્નાથી, રાધાટિ સ્થૂલ રૂપે સ્થિત રાધાંગે વશ જગન્નાથ, રાધારુક્ષરિછિ જગત.' રાધા તો સ્વયં જગન્નાથ છે. આ રાધાથી સમસ્ત જગતની ઉત્પત્તિ થઈ છે. એમ પણ માનવામાં આવે છે કે વિષ્ણુ ચતુર્ભુજરૂપે લક્ષ્મી સાથે વૈકુંઠ - ગોલોકમાં વસે છે અને દ્વિભૂજકૃષ્ણરૂપે રાધા સાથે આ પૃથ્વી પર હોય છે. અહીં વૈકુંઠ અને વસુધાનો મેળ બેસાડવામાં આવ્યો છે. આ બધાં ગ્રંથોમાં રાધાનું મહત્ત્વ તો ઘણું જ છે, એ બધાંની જુદા જુદા સમયે અને સ્થળે રચના થઈ હતી.



પુષ્ટિમાર્ગના પ્રણેતા મહાપ્રભુ વલ્લભાચાર્યે રાધાનો અનેક વાર ઉલ્લેખ કર્યો છે. શ્રીકૃષ્ણ માટે રાધાસર્વસ્વસંપુષ્ટ, રાધિકા-રતિલંપટ, રાધિકાવલ્લભ, રાધાવિશેષસંભોગ પ્રાપ્ત દોષનિવારક વગેરે શબ્દોનો ઉપયોગ કર્યો છે. અહીં પુષ્ટિમાર્ગીય સંપ્રદાયમાં સચ્ચિદાનંદ પૂર્ણપુરુષોત્તમ કૃષ્ણની શક્તિ રાધા છે. જે સ્વામિની છે. તેમના અનુગામી વિઠ્ઠલનાથના સમયમાં રાધાતત્ત્વનો વિસ્તાર થયો. તેમણે શ્રી સ્વામિન્યષ્ટકની રચના કરી છે. સાધકના જીવનની ચરમ અભિલાષા હોય છે કે શ્રી રાધાના કૃપાપાત્ર બનવું. તેમને મોક્ષ, સ્વર્ગ, યોગ, જ્ઞાન, વિષયસુખ - કંઈ જ ન જોઈએ. જોઈએ ફક્ત રાધાનું એંઠું ભોજન, ચરણામૃત અને પગ નીચેની ધૂળ મસ્તક પર. નિંબાર્કાચાર્યે પોતાના સ્તોત્ર 'વેદાન્તકામધેનુ'માં ભગવાન શ્રીકૃષ્ણની ડાબી બાજુએ વિરાજમાન હજારો સખીઓથી સેવાતી શ્રીકૃષ્ણને અનુરૂપ સૌભાગ્યવાળી વૃષભાનુની પુત્રી રાધિકાનું સ્મરણ કર્યું છે. જે બધી કામનાઓની પૂર્તિ કરે છે. ગૌડીય વૈષ્ણવકવિઓ મહાપ્રભુ ચૈતન્યથી પ્રભાવિત થયા છે. તેઓ માટે રાધા સર્વસ્વ છે. કૃષ્ણ દેવાધિદેવ અને રાધા તેમની પરમ હ્લાદિની શક્તિ છે. સાક્ષાત્ 'મન્મથમન્મથ' શ્રીકૃષ્ણ રાધાના વિરહમાં દુઃખી હોય છે. રાધા પણ વિહ્વળ છે. છેવટે વિરહવ્યાકુળ થઈ કૃષ્ણ રાધાને મળવા કુંજમાં આવે છે. માધવમિલન પછી રાધા ભાવવિભોર બની ધન્યતા અનુભવે છે. મૈથિલી ભાષાના પ્રસિદ્ધ કવિ મૈથિલકોકિલ કહેવાતા કવિવર વિદ્યાપતિની થોડી પંક્તિઓ જોઈએ. 'કિ કહબ હે સખિ આનંદ ઓર, ચિર દિને માધવ મંદિર મોર.' રાધાનું બધું દુઃખ દૂર થઈ જાય છે. પૂર્ણ ઔષધિ મળે પછી કોઈ વ્યાધિ બાકી રહે? આ પદ સાંભળીને અને ગાતાં ચૈતન્ય ભાવવિભોર થઈ બેભાન થઈ ગયા હતા એમ કહેવાય છે.

મથુરાના કારાગારના ચિરંતર અંધકારથી નીકળી એક અષ્ટમીની મધરાતે બાલકૃષ્ણ વ્રજના નવા મુક્ત પ્રકાશમય વાતાવરણમાં આવી ગયા. આ દૈવી શિશુના અલૌકિક માનસમાં બંસીની દૈવી. તાલબદ્ધ મધુર સંગીતમય લહેરો ઊઠી. અને તે તાલબદ્ધ પ્રેમભર્યા સંગીતની મૂરત સાથે જોડાઈ ગયું એક નાજુક ગોપાંગનાનું પ્રેમમય હૃદય. રાધાકૃષ્ણના આ અજર અમર પ્રેમમાં ગ્રામીણ ધરતીની નિર્દોષતા અને માધુર્ય સાથે અપ્રતિમ અપાર્થિવ પ્રેમલક્ષણાભક્તિનું અસ્તિત્વ ભળ્યું. કવિઓએ અગણ્ય વર્ષોથી પોતાની પ્રતિભા દ્વારા શબ્દમય શિલ્પોનું અભિરામ સર્જન કર્યું છે. ચિત્રકારના રંગોના પ્રયોગની જેમ કવિઓ પણ કલ્પનાની પીંછી લઈને સુંદર શબ્દચિત્રો રચે છે. અજંતાનાં ભિત્તિચિત્રો પર કાળનો પ્રભાવ પડ્યો. પ્રાચીન મહાલયોની ભવ્યતા નષ્ટ થઈ ગઈ. પણ આપણા પ્રાચીન કવિઓનાં કવન આજે પણ સૂરજ જેવાં પ્રકાશે છે. વૃંદાવન, શરદપૂનમ, યમુનાપુલિન, રાસમંડળ, ખેલક્રીડા, પ્રેમભરી રાધા અને મનમોહન સાંવરિયાની બંસી - આજે પણ કાળના સ્તોત્રની પેલે પાર પહોંચી કવિઓની કલ્પનાસરિતામાં નિતનવી લહેરો ઉત્પન્ન કરતાં રહ્યાં છે.

જયદેવરચિત 'ગીતગોવિંદ'થી રાધામાધવની વાત બધે ફેલાઈ, મંદિરોમાં પણ તેનો સ્વીકાર થયો. શ્રીકૃષ્ણ રાધાને કહે છે, 'તું જ મારું આભૂષણ, તું મારું જીવન, તું મારા ભવસાગરનું રત્ન, તું સદા મારા પર કૃપા કરતી રહે એ માટે મારું હૃદય ઘણા પ્રયત્ન કરે છે. પ્રિયે 'ચારુશીલે, અકારણ માન છોડી દે.' અહીં કૃષ્ણ અને રાધાના વિરહથી પૂર્ણ શૃંગારનું વર્ણન છે. કવિ આ કથાને 'હરિચરણસ્મૃતિસાર' કહે છે. એ સમયની દરબારી રીત પ્રમાણે અહીં રાધાના માધ્યમથી કવિએ નાયિકાભેદ પણ વર્ણવ્યા છે, જે છે - સ્વાધીનપતિકા, વાસકસજ્જા, વિરહોત્કંઠિતા, ખંડિતા, કલહાન્તરિતા, વિપ્રલબ્ધા, પ્રોષિતપતિકા, માનિની અને અભિસારિકા. ભક્તિ અને શૃંગારનું આ ઐક્ય જયદેવની અમર પ્રતિભાનો વિલાસ છે. હરિસ્મરણ સાથે વિલાસકેલિનું મૌલિક સર્જન છે ગીતગોવિંદ. હિંદી ભાષાના રીતિકાવ્ય પરંપરાના અગ્રણી કવિ કેશવદાસ પણ 'રસિકપ્રિયા'માં રાધાકૃષ્ણના શૃંગારનું વર્ણન કરીને આ જ આધાર પર નાયિકાભેદ વર્ણવે છે.

વળી પ્રશ્ન એ જ કે આ રાધા કોણ? કૃષ્ણે રાધાને પહેલી વાર જોઈ અને સુરદાસના પદ પ્રમાણે પૂછી બેઠા 'બૂઝત શ્યામ કૌન તૂ ગોરી, કહાં રહતિ, કાકી હૈ બેટી, દેખી નહીં કહૂં બ્રજખોરી.' ચંડીદાસે પણ એવું જ કર્યું, કૃષ્ણે પૂછ્યું 'સજનિ ઓ ધનિ કે કહ બટે, ગોરોચના ગોરિ નવીના કિશોરી, નાહિતે દેખિલૂં ઘાટે - હે સખી, ચંદન જેવા રંગવાળી, ગૌરવર્ણી સુંદર કિશોરી કોણ છે. જે ઘાટ પર સ્નાન કરે છે?' રાધા વૃષભાનુની પુત્રી છે, પણ સીતા અને દ્રૌપદીની જેમ અયોનિજા છે. પદ્મપુરાણ પ્રમાણે વૃષભાનુની યજ્ઞભૂમિમાં રાધા પ્રગટ થઈ. ગોલોકમાં તો રાધાકૃષ્ણ નિત્ય રાસમંડળમાં રમમાણ હોય છે. શ્રીકૃષ્ણને વિરજા ગોપી પર આસક્ત થયેલા જોઈ રાધાએ ક્રોધ કર્યો. ભયથી શ્રીકૃષ્ણ અદૃશ્ય થઈ ગયા અને વિરજા નદી બની ગઈ. શ્રીકૃષ્ણના સખા અને અનુયાયી શ્રીદામાએ રાધાની વાતનો વિરોધ કર્યો તો રાધાએ તેને અસુર થવાનો શાપ આપ્યો. તેથી શ્રીદામાએ પણ સામો શાપ આપી તેને મનુષ્યલોકમાં અવતરી શ્રીકૃષ્ણવિરહનો શાપ આપ્યો. પછી તો પરમેશ્વરની લીલા પ્રમાણે કૃષ્ણ જ્યાં અતવાર કાર્ય માટે જન્મ લેવાનો હતો ત્યાં રાધાએ પણ અવતરણ કર્યું. આ બાળપુત્રી પહેલાં જડ જેવી લાગતી. નરાદમુનિને ખબર હતી કે શ્રીકૃષ્ણનો અવતારી જન્મ થઈ ચૂક્યો હતો. તે રાધાનો પણ ત્યાં જ ક્યાંક જન્મ થયો હોવો જોઈએ. આખર શોધ કરતાં વૃષભાનુપુત્રીને નારદ ઓળખી ગયા અને જડ લાગતી બાળકી સ્વસ્થ થઈ ગઈ.

કૃષ્ણ રાધાને જોઈ પરિચય પૂછી બેઠા. રાધાના મનમાં તો શ્યામ વસી જ ગયા, સુરદાસ વર્ણન કરે છે 'નૈનનિ અંતર હોત ન કબહૂં, કહતી કહા રી અલિ એકૌ પલ હરિ હોત ન ન્યારે, નીકેં દેખે નાહીં. સુરદાસ પ્રભુ ટરત ન ટારૈ, નૈનનિ સદા બસાહિં.'

આંખોથી દૂર થતા જ નથી. એક પળ પણ હરિ દૂર નથી થયા. બરાબર જોયા જ નથી. સુરદાસ (રાધા) કહે છે કે કૃષ્ણ ટાળ્યા ન ટળે, કારણ કે આંખોમાં જ વસી ગયા છે. રાધાની તો બે આંખો છે, કૃષ્ણના કૃપાજહાજ વગર શ્યામસુંદરરૂપી અગાધ સાગરને કેમ પાર કરી શકશે? રાજેન્દ્ર શાહે કહ્યું 'હરિ મારે નયને બંદીવાન. પાંપણને બારણિયે દીધી. મેં જનમ જનમની આણ.'

રાધા અને કૃષ્ણના પ્રેમનાં અનેક સુંદર પદો આપણને વૈષ્ણસંપ્રદાયના અષ્ટસખા કવિઓ પાસેથી મળે છે. આ યુગલના માધ્યમથી વિરહથી શૃંગારના અનેક ભાવરંગ કવિઓએ કલ્પનાથી ભરી દીધા. રમણરેતી, સુરમ્ય યમુનાકિનારો, સર્વસ્વ છોડી ભાગી આવતી પ્રેમવિહ્વળ ગોપીઓ, રસમંજરી રાધા અને રસેશ્વર શ્રીકૃષ્ણ મધુરો મુરલીનાદ - કવિઓને ગમતું મળી ગયું. દૈવી લક્ષ્મીનારાયણને બદલે માનુષી રાધામાધવની લીલા કાવ્યનો વિષય બની ગઈ એ યુગમાં ભક્તિનો જુવાળ આવ્યો. જેમાં જોગી, જતિ, ઋષિ, વિદ્વાનો અને સામાન્ય માનવી પણ અપિરમેય માધુર્યથી પ્લાવિત થઈ ગયા. યુગલસ્વરૂપ અને નિકુંજલીલા રાધાકૃષ્ણ અને ગોપીઓ સાથે નિકટતાથી જોડાઈ ગયા. જયદેવે ગાયું -

'પૂર્વ યત્ર સમં ત્વયા રતિપતેઃ આસાહિતાઃ સિદ્ધયઃ
તસ્મિન્નેવ નિકુંજમન્મથમહાતીર્થે પુનઃ માધવઃ'

***'શ્યામ સમીપ' પુસ્તકમાંથી સાભાર.***

***પ્રકાશકઃ એન.એમ. ઠક્કરની કંપની.*** ■

આચમન

અનવર વલિયાણી
feedback@bombaysamachar.com

# દુઃખનો જનક લોભઃ ગીતામાં લોભને કામ- ક્રોધ ને વિનાશકારી નરકના દ્વારની સંજ્ઞા આપી છે

**લોભ** શબ્દની ઉત્પતિ 'લુભ' ધાતુથી થઈ છે, જેનો અર્થ છે


* લાલચ,* લિપ્સા અને લાલસા.

- આ એક એવી પ્રબળ માનવીય ઈચ્છા છે, જેની પૂર્તિ થઈ જવા છતાં તેનાથી ક્યારેય સંપૂર્ણ તૃપ્તિ કે સંતુષ્ટિ મળતી નથી.
- વ્યક્તિને જેમ જેમ લાભ થાય છે તેંમ તેમ તેનો લોભ પણ વધતો જાય છે.
- આમ લાભથી લોભમાં નિરંતર વૃદ્ધિ થતી રહે છે અને વ્યક્તિનો લાભ ક્યારે લોભમાં પરિણમે છે તેનું કશું કોઈ ઠેકાણું હોતું નથી.

-હિતોપદેશમાં કહેવાયું છે કે સઘળા અનર્થોનું મૂળ લોભ છે.

* મનુષ્ય મોહ-માયા તથા લોભ અને લાલચની ગર્તામાં એટલો તો ડૂબી ગયો છે કે તેને શાશ્વત સત્યની અનુભૂતિ થતી જ નથી.

- લોભની સાથે ક્ષોભ પણ હંમેશાં રહે છે.
- લોભ આપણા મનોભાવો પર અમરવેલની માફક છવાઈ જાય છે.



- વ્યક્તિ પ્રત્યેક ક્ષણે લાલસાની અગ્નિમાં ધધકતો રહે છે.
- સંત તુલસીદાસે આગળ લખ્યું છે કે
- આ સંસારમાં લોભથી તુચ્છ અને વિનાશકારી તત્ત્વ અન્ય કોઈ જ નથી.
- વળી હિતોપદેશે લોભને પાપનો જન્મદાતા બતાવ્યો છે.
- લોભ પાપસ્ય કારણમ્ ।।

* લોભ એ પાપનું મૂળ છે.
* લોભ મનુષ્યનાં બુદ્ધિ અને વિવેકને હરી લે છે.
* જેનાથી મનુષ્ય પાપ કરી બેસે છે.

- સુંદરકાંડમાં માનસકારે

* કામ, * ક્રોધ અને મોહની સાથે
* લોભને પણ નરકનો સરળ માર્ગ જણાવ્યો છે.

- 'ધર્મતેજ' પૂર્તિના વ્હાલા જિજ્ઞાસુ વાચક મિત્રો!

* કામ, ક્રોધ તથા લોભ

- રજોગુણથી ઉત્પન્ન થાય છે.
- ભગવાન શ્રીકૃષ્ણે લોભને રજો સમુદ્ભવઃ કહ્યો છે તથા
- ગીતામાં તેને

* કામ, ક્રોધ અને લોભને વિનાશકારી નરકના દ્વારની સંજ્ઞા આપી છે.

**બોધઃ**

- પોતાના પરિશ્રમ અને ઈશ્વરકૃપાથી મળી જાય તેમાં જ પ્રસન્ન તથા સંતુષ્ટ રહેવાનું શીખવું જોઈએ.

*** *** ***


*** ક્રોધને ન તો બીજા કોઈ પર ફેંકો કે ન પોતાની ભીતર દબાવો.**

*** ઉદ્દત વર્તન એટલે નબળા માણસે કરેલી તાકાતની નકલ.** ■

ભજનનો પ્રસાદ

ડૉ. બળવંત જાની
feedback@bombay samachar.com

# મોરાર શિષ્ય આણંદરામની ભજનવાણી



સંત શ્રી મોરાર સાહેબ

ભાઈ નિરંજન રાજયગુરુ સાથે પ્રવાસમાં હોઈએ લોકસંતના સૈદ્ધાંતિક પાસા મને અભ્યાસને આધારે જણાયા હોય એને વાતોનો વિષય બનાવીને તેની સમક્ષ મૂકું. ગિરનાર સાહિત્યોત્સવ - જૂનાગઢ જતા પહેલા આનંદઆશ્રમનું આતિથ્ય માણીને એમને સાથે લઈને જૂનાગઢ જવા નીકળ્યા. સાથે જીવાભગતના અભ્યાસી ડૉ. ભાવેશ જેતપરિયાને પણ આ વખતે લીધેલા. રાત્રીના આઠેક વાગ્યાથી અમારી વાતો આરંભાઈ.

ભાઈ નિરંજને હમણાં રવિસાહેબ શિષ્ય લાલદાસ-લાલસાહેબ- પાટણ વિશે પ્રકાશિત કરેલા પુસ્તકની વાતો કહી. મને લાગ્યું છે કે મેં તાજેતરના લોકગુર્જરીના મહેશ મકવાણાના સંશોધન લેખથી કબીર પરંપરા ગુજરાતમાં પ્રારંભાઈ એ એમાંથી બે આગવી પરંપરા સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાતમાં ફેલાઈ. એનું મૂળ તો કબીર સાહેબના ત્રીજા શિષ્ય પદ્મનાભ (સિદ્ધપુર- પાટણ) તથા એવા જ એક શિષ્ય જ્ઞાનીજી(સાંઝા-રાજપીપળા) માં જ માનવાનું રહે.

પદ્મનાભના શિષ્ય નીલકંઠદાસજી દુધરેજમાં સંત કબીર કે રામ કબીર પરંપરાને પ્રચલિત કરી.એ પરંપરામાં રઘુનાથદાસ, યાદવદાસ અને એના ષષ્ટમદાસ એમનાં બે સમર્થ શિષ્યો લબ્ધરામ અને ભાણસાહેબ. આદરણીય પલાણસાહેબ આનો નકાર કરે છે. એમના મત સાથે સંમત થવાતું નથી. ભાઈ નિરંજનનું લાલદાસ પુસ્તક મહત્ત્વનું છે. ભાણસાહેબ વિશેનો એમને પણ ઊંડો અભ્યાસ છે. અમે સહુ મિત્રો ભાણસાહેબનો ગુરુદ્વારો દુધરેજ અને ગુરુ ષષ્ટમદાસને જ અધિકૃત માનીએ છીએ.

સદ્ગુરુ પરત્ત્વેની શ્રદ્ધા અને સદ્ગુરુમાં જ સર્વસ્વને સમજનારા, માનનારા આણંદરામની ભજનવાણીના એ ભાવને પ્રગટાવતી ભજનવાણીને આસ્વાદીએ.

*સત ચિત્ત આનંદ મેરા, સદ્ગુરુ સત ચિત્ત આનંદ મેરા*
*(ટેક)...૧*

*આદિ અંત મધ્યે આપ બિરાજો, ઘાટ અઘાટ સબે તેરા;*
*નામ રૂપ સબ કલ્પિત જાણો, અસ્તિ ભાતિ પ્રિયા, સત. ...૨*

*મન બુદ્ધિ ચિત્ત ઓર અહંકારાદિ, નહિ કોઈ વાહી કો હેરા;*
*પરા પશ્યંતિ મધ્યમા વૈખરી, તાસે રહેત હે નેરા, સત. ...૩*

*શ્રુતિ સ્મૃતિ વેદ સબે મીલ, નેતિ નેતિ કર હેરા;*
*આનંદરામ સદ્ગુરુ કે ચરણે, બલ જાવું વેરા વેરા, સત. ...૪*

આણંદરામ ગાય છે કે મારા જીવનમાં સત્, ચિત્ત અને આનંદનું પ્રાગટ્ય ગુરુકૃપાને કારણે જ થયું છે. આવું ટેક પંક્તિમાં પુનરુચ્ચાર કરીને કહે છે. એ એમની દૃઢ શ્રદ્ધાનું પરિચાયક છે.

પોતાના આદિ, મધ્ય અને અંત સ્વરૂપમાં ઘાટ-વિશ્રામ અને ક્રિયાશીલના એમ તમામ સ્થળે ગુરુનું જ અસ્તિત્વ એની ઉપસ્થિતિ છે. નામરૂપને ભ્રાંતિ-કલ્પના માનવી અર્થાત્ ભૌતિક સંબંધોને સ્થુળ માનવી અને જે પ્રિય છે એને પણ ભ્રાંતિ માનવાનું વલણ-મોહ-મમત્વ ને દૂર કરવાના લક્ષણવાળું વ્યક્તિત્વ એમની કૃપાથી જ ઘડાયું.

મને ગુરુકૃપાથી જ મન બુદ્ધિ અને અહંકાર વગેરે સતાવતા નથી. પરેશાન કરતા નથી. પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી એમ વાણીના ચારેય રૂપની જાણકારી મેં મેળવી લીધી.

તેમના દ્વારા જ શ્રુતિ, સ્મૃતિ અને વેદ આમ બધા શાસ્ત્રોનું તત્ત્વ સમજાવાયું અને અંતે નેતિ-નેતિ ભાવની પ્રતીતિ પણ સદ્ગુરુ થકી જ થઈ. આણંદરામ સદ્ગુરુ મોરારને ચરણે સમર્પિત થઈને વિલય પામવા ઈચ્છે છે. બલ જાઉ - બળી જાઉ. જાત સમર્પિત કરી દેવી, વેરા-વેરા, ક્ષણે-ક્ષણે આવો ભાવ મનમાં ધારણ કરીને જે કંઈ પ્રાપ્ત થયું અને થવાનું છે એમાં માત્ર ને માત્ર ગુરુકૃપા જ કારણભૂત છે, પોતે નહીં.

સાધનામાં સફળ થવા માટે સ્વનો લોપ સાધક માટે આવશ્યક છે. પોતે કશું જ નથી. આવા ભાવથી જ પછી પોતે જ બ્રહ્મ છે એવું સત્ય ઉચ્ચારવાની શક્તિ આપે. આનંદરામનું ગુરુમહિમાગાન ખરા અર્થમાં રવિ-ભાણ પરંપરાની સાધનાની ક્રિયાનું એક સોપાન છે. ■

અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@bombaysamachar.com

# કોણ આવશે આગળ? આપણી વિસરાતી વિરાસતને બચાવવા?



આજે ધીરેધીરે લોકવિદ્યાના જાણકાર મરમીઓની પરંપરા લૂપ્ત થઈ રહી છે. સાચા લોક ગાયકો, ભજનિકો, દૂહાગીરો, વાર્તાકારો, નાટ્યકલાકારોની પેઢી વિનાશને આરે ઊભી છે. પશ્ચિમી સંસ્કૃતિની અસર નીચે ગામડાંઓની કળા ધીરેધીરે ઘસાતી રહી છે, ત્યારે સાહિત્ય, સંગીત, ઈતિહાસ, કલા, પુરાતત્વ, ધર્મ, લોક માન્યતાઓ, રીતરિવાજો, પરંપરિત વિધિવિધાનો અને ભવ્ય સંસ્કાર વારસાની પરંપરાઓ વિશે સર્વાંગ સંપૂર્ણ સંશોધનની તાતી જરૂરિયાત ઊભી થઈ છે.

ગુજરાતના ગામડાઓમાં લોકનૃત્યકારોની મંડળીઓ, ભજન મંડળીઓ, લોકનાટ્ય-ભવાઈના મંડળો, મનોરંજક કલાઓની રજુઆત કરતા લોકકલાકારો, આખ્યાનકારો, લોકવાર્તાકથકો, લોકગાયકો ધીરેધીરે અદ્રશ્ય થતાં જાય છે. રજુઆતની કલાઓની સુવિશાળ પરંપરા આજે મનોરંજક વિજાણુ માધ્યમોને કારણે-ટી. વી. ચેનલ તથા મોબાઈલના યુગમાં-મૃત્યુને આરે પહોંચી ગઈ છે, છતાં એના જીવંત અવશેષો એટલા જ પ્રાણવાન છે. આજે પરંપરિત કલાકારોની કલા ઉપર સુગમ સંગીત, શાસ્ત્રીય સંગીત અને મનોરંજક તત્ત્વો ધરાવતા વિદેશી સંગીતનું આક્રમણ એટલી હદે થયું છે કે આકાશવાણી કે દૂરદર્શન જેવી સંસ્થાઓ પાસે પણ અસલ-તળપદી જૂની પરંપરાગત લોકવિદ્યાઓના કલાધરો ઉપલબ્ધ નથી. ગામડાઓમાં ગણ્યાગાંઠ્યા પાંસઠ-સિત્તેરની ઉંમર વટાવી ચૂકેલા લોકકલાકારો પાસે જ એ સ્વર-શબ્દ-સંગીત જળવાયાં છે. અમુક મંડળીઓ પૂરતું જ એ જ્ઞાન સીમિત છે, ખરેખર તો કંઠસ્થ પરંપરાથી ઊતરી આવેલું અને ક્યાંક ક્યાંક હસ્તપ્રતોમાં જળવાયેલું આ સાહિત્ય ધીરે ધીરે લૂપ્ત થઈ રહ્યું છે. લોકકંઠે જેમની સેંકડો રચનાઓ સચવાઈ રહી છે અને છતાં સાહિત્યના ઈતિહાસમાં જેની નાનકડી અમસ્તી નોંધપાત્ર પણ નથી મળતી એવા કેટલાય સાહિત્ય સાહિત્ય સર્જક સંત-ભક્ત કવિઓ લોકકવિઓથી ગુજરાતી સાહિત્યના અભ્યાસીઓ અજાણ છે. ત્યારે અભ્યાસીઓ-સંશોધકો-વિદ્યાર્થીઓ માટે તદ્દન નવી વિશાળ ફલક ધરાવતી સંશોધન દિશા આપણી રાહ જોઈ રહી છે.

ભારતીય સંસ્કૃતિ, સાહિત્ય અને સંગીતનો કેવો ભવ્ય ઉજ્જવળ વારસો પરંપરાથી લોકોમાં સચવાતો રહ્યો છે તેનું નિદર્શન જગતભરના લોકવિદ્યાના અભ્યાસીઓ સમક્ષ કરાવી શકાય એ માટે નાત, જાત, ધર્મ, પંથ, સંપ્રદાય, જ્ઞાતિ, ભાષા, પક્ષ કે પ્રદેશના ભેદભાવ વિના લોકોમાં તમામ પ્રકારની કેળવણીનો પ્રચાર-પ્રસાર થાય,

શિક્ષણ,આરોગ્ય,સાહિત્ય,લલિત અને લલિતેતર કલાઓ, લોકવિદ્યા, લોકસંસ્કૃતિ, લોકસાહિત્ય,લોકકલાઓ, ભારતીય સંતસાહિત્ય,ચારણી- બારોટી સાહિત્ય, લોકસંગીત, ભક્તિસંગીતના એકત્રીકરણ, સંશોધન, સંપાદન, સ્વરાંકન, પ્રકાશન, અધ્યયન- સંશોધન અને ઉત્કર્ષ માટે ગ્રંથોનું પ્રકાશન થાય, વ્યાખ્યાનમાળાઓ, પરિસંવાદો, મેળાઓનું આયોજન કરનારી એક સંસ્થા હોય અને જે માત્ર ને માત્ર આપણી લૂપ્ત થતી રહેલી ભવ્ય વિરાસતનું જતન કરે એ આજના સમયની માગ છે.

આવી સંસ્થા દ્વારા લોકસમુદાય, એની બોલી-ભાષા, સંસ્કૃતિ, રીતરિવાજો, સંગીત, ચિત્ર, શિલ્પ-સ્થાપત્ય, નૃત્ય, મેળા-ઉત્સવો, જાતિગત ખાસિયતો-વિભિન્નતાઓ; ધાર્મિક, સામાજિક, ઐતિહાસિક, રૂઢિગત પરંપરાઓ વગેરે લોકજીવનનાં સંપૂર્ણ પાસાંઓ વિશે સંશોધનકાર્ય થવું જોઈએ.

આપણા મરમી કવિશ્રી મકરન્દભાઈના મનમાં એક સ્વપ્ન હતું. ભજન વિદ્યાપીઠ ઊભી કરવાનું. ડૉ. હરિવલ્લભ ભાયાણીસાહેબ સાથેના એમના પત્રવ્યવહારના પુસ્તક 'સેતુબંધ'માં એમણે અને ભાયાણીસાહેબે આ અંગે ખૂબ જ વિચારણા અને ચિંતાઓ પ્રગટ કરેલી, એ પછી નિરંજન રાજ્યગુરુ સાથેના પત્રવ્યવહારના પુસ્તક 'મરમ જાણે મકરન્દા'માં પણ મકરન્દભાઈએ ભજન-સંતવાણીના સંશોધન અંગે પોતાના વિચારો પ્રગટ કરેલા. એ સિવાય પણ અનેક મિત્રોને લખેલા પત્રોમાં મકરન્દભાઈએ આ પ્રવૃત્તિનો મનોરથ સેવેલો.

ભજનગાનનું એક ચોક્કસ વિજ્ઞાન છે, એક તો જાણે એ નાદબ્રહ્મની ઉપાસના છે. એની સાથે ચોક્કસ સાધના સાથેનો શબ્દ જોડાયેલો છે. એનો અર્થ છે, પરંપરા છે. એની પરિભાષા છે. પણ તેની સાથે-સાથે એ શબ્દ જ્યારે ગવાય છે, સ્વરમાં આવે છે ત્યારે સાહજિક રીતે જ એનો પ્રભાવ અનેકગણો થઈ જાય છે. એક ભજનિક જ્યારે ભજન ગાવા બેઠો હોય ત્યારે સ્વાભાવિક રીતે તેણે પલાંઠી વાળી બેસવું પડે. પદ્માસન આપોઆપ વળી જાય. એના ખોળામાં રામસાગર હોય. જે તેને તાલ સ્વર અને સૂર આપે તેવું લોકવાદ્ય છે. ભજનિકને ભજનના શબ્દો યાદ રાખવા પડે, તો જ એ ગાઈ શકે. તે સાથે સાથે શબ્દોના આરોહ-અવરોહ, રાગના ભાવ મુજબ તેના શ્વાસોનું નિયમન આપોઆપ થાય. જે ભજન જે સ્વરોનું હોય એ સ્વર સુધી એણે પોતાના અવાજને પહોંચાડવાનો હોય. એટલે ત્યાં સુધી પહોંચવા તેણે પ્રાણ ઉપર નિયંત્રણ રાખવું જ પડે. પ્રાણ ઉપર નિયંત્રણ રાખે એટલે સહજ રીતે એના પ્રાણની ગતિ ભજનના લયની ગતિ સાથે એકરૂપ થાય. એની સાથે તેની સૂરતા તો શબ્દમાં જ હોય. શબ્દમાં એની સૂરતા રમમાણ હોય. લગન, ધ્યાન, તલ્લીનતા ભજનમાં જ હોય. તેનો અર્થ એ જાણતો હોય કે આ વિરહનું ભજન છે કે મસ્તીનું ભજન છે. ગુરુમહિમાનું પદ હોય કે ઉપદેશનું પદ છે તે તેને ખબર હોય. ભજન જ્યારે ગવાતું હોય ત્યારે ગાયક તો એ ભાવમાં હોય પણ આખો શ્રોતાસમુદાય પણ એ જ ભાવમાં હોય. તેવી સમજથી ભજનો ગવાતાં. આજે એ પરંપરા લુપ્ત થવાને આરે છે ત્યારે એને એના મૂળ સ્વરૂપે જાળવી લેવાનો પ્રયાસ કરવો એ આજની તાતી જરૂરિયાત છે.■

ગીતા મહિમા

સારંગપ્રીત
bhandev@bombay samachar.com

# હરિ કૃપા ને સિદ્ધિ



ગત અંકમાં સિદ્ધિ માટે અધિષ્ઠાન, કર્તા, કરણ અને ચેષ્ટાનું મહત્ત્વ દર્શાવીને હવે ભગવાન કૃષ્ણ દૈવ એટલે ભગવાનની કૃપાનું મહત્ત્વ બતાવે છે, તે સમજીએ.

પ્રાયઃ મનુષ્ય એવું માનતો હોય છે કે મારા પ્રયત્નોથી જ સફળતા મળે છે, પરંતુ ઘણી વખત પ્રયત્ન હોવા છતાં પરિણામ નથી મળતું, અને ક્યારેક નાની મથામણથી જ અદ્ભુત, અદ્વિતીય, અસાધારણ, આશ્ચર્યજનક સફળતા મળે છે.

**આ પાછળનું પરિબળ જાણો છો?**

એક ખેડૂત દરરોજ મહેનતથી ખેતરમાં કામ કરતો. બીજ વાવતો, પાણી આપતો, ખાતર નાખતો. છતાં ક્યારેક પાક સારો ન થતો. એક દિવસ તે નિરાશ થઈને ગામના મંદિરમાં ગયો અને પ્રાર્થના કરી, 'હે ભગવાન! હું મહેનત કરું છું, પણ પરિણામ કેમ નથી મળતું?' ત્યારે પૂજારીએ સમજાવ્યું કે 'તું મહેનત કરે છે એ તારું કર્તવ્ય છે, પણ વરસાદ, પવન, ઋતુનું સંતુલન એ બધું તારાં હાથમાં નથી. એ તો ભગવાનની કૃપા પર છે.' ખેડૂતે સમજી લીધું કે માનવીનો પુરુષાર્થ જરૂરી છે, પણ અંતે ભગવાનની કૃપા વિના સફળતા અશક્ય છે. આમ, પ્રયત્ન પછી પણ અંતિમ પરિણામ માટે ભગવાનની કૃપા અત્યંત જરૂરી છે. ખેડૂતે પ્રભુની આરાધના કરી અને અંતે પ્રભુકૃપાથી સફળતા પ્રાપ્ત કરી.

ભગવદ્ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે અનેક સ્થાને પોતાની કૃપાની મહત્તા સમજાવી છે. તેઓ કહે છે કે ભક્તના હૃદયમાં રહેલા અજ્ઞાન અંધકારને હું જ્ઞાનના દીપથી દૂર કરું છું. તેનું યોગક્ષેમનું વહન કરું છું, અને અંતે મારા ધામ સુધી પહોંચાડી આપું છું.

અહીં ભગવાન સ્પષ્ટ કરે છે કે કૃપા વિના સાચું જ્ઞાન પ્રાપ્ત થતું નથી. જ્ઞાન, સમજની પ્રાપ્તિ અને કાર્યની નિર્વિઘ્ન સમાપ્તિ માટે કૃપા અનિવાર્ય છે. સિદ્ધિ, સુરક્ષા અને જય તો હરિકૃપા વગર અશક્ય જ છે.

હિરણ્યકશિપુએ ભગવાન વિષ્ણુની ભક્તિ કરતા પોતાના પુત્ર પ્રહલાદને અનેક યાતનાઓ આપી, મારી નાખવાના પ્રયત્નો કર્યા. પણ ભગવાનની કૃપાથી તેઓ દરેક યાતના વચ્ચે પણ સુરક્ષિત રહ્યા. અર્જુન પણ મહાભારતમાં પોતાના કર્તવ્ય વિશે મૂંઝાયેલો હતો. પણ ભગવાન શ્રીકૃષ્ણની કૃપા અને માર્ગદર્શનથી જ તે ધર્મયુદ્ધ લડીને વિજયી થયો.

ખરેખર, જ્યાં માનવ શક્તિ અધૂરી પડે છે, ત્યાં ભગવાનની કૃપા જીવને ઉંચાઇ આપે છે. માનવી પ્રયત્ન કરે છે, પણ ભગવાનની કૃપા થાય તો જ પરિણામ શુભ થાય છે. જે ભક્ત હૃદયપૂર્વક ભગવાનને યાદ કરે છે, તેમની પર ભગવાન કૃપા વરસાવે છે. કૃપા વિના મોક્ષ અશક્ય છે, જ્ઞાન, યોગ કે તપસ્યા બધું ભગવાનની કૃપા વિના અધૂરું છે.

આ 'ભગવાનની કૃપા' એટલે તેમની અનુકંપા, આશીર્વાદ અથવા દયા! જે ભક્તોને જીવનમાં સુખ, શાંતિ અને મુશ્કેલીઓમાંથી બહાર આવવામાં મદદ કરે છે. જે ભક્તિ, પ્રાર્થના અને સાચા આચરણથી પ્રાપ્ત થાય છે. ભગવાનની કૃપા મેળવવા માટે હૃદયમાં શુદ્ધભાવ, અન્ય લોકો પ્રત્યે પ્રેમ અને ક્ષમાભાવ રાખવો, તેમજ સદ્ગ્રંથોનું અધ્યયન અને સત્સંગ કરવો આવશ્યક છે. ભગવાનમાં વિશ્વાસ રાખવો એ કૃપા પ્રાપ્ત કરવાનું પહેલું પગલું છે. પોતાના જીવનને સંપૂર્ણ રીતે પ્રભુ પ્રત્યે સમર્પિત કરવું, મન અને બુદ્ધિથી તેમની શરણમાં જવું, ભગવાનની કૃપા મેળવવાનો એક મહત્ત્વપૂર્ણ માર્ગ છે.

પ્રમુખસ્વામી મહારાજ વારંવાર કહેતા, ભગવાન પર ભરોસો રાખો, કૃપાથી બધું શક્ય બને છે. એક વખત એક યુવાને તેમને પૂછ્યું, 'સ્વામીજી! હું ઘણી મહેનત કરું છું છતાં સફળતા નથી મળતી.' પ્રમુખસ્વામી સ્મિત સાથે બોલ્યા, 'મહેનત કર, પ્રાર્થના કર, પછી ભગવાનની કૃપા પર છોડી દે. પરિણામ સારું જ આવશે.'

મહંત સ્વામી મહારાજ કહે છે, ભગવાનની કૃપા માણસને હલકો બનાવે છે. ચિંતા, તણાવ, દુઃખ બધું ઓગળી જાય છે. ભગવાનની કૃપા પ્રાપ્ત કરવા માટે શ્રદ્ધા, ભક્તિ અને સમર્પણ આવશ્યક છે. ભક્તિ અને પ્રાર્થના હૃદયની શુદ્ધિ લાવે છે, તે સત્યના માર્ગ પર ચલાવશે અને જીવનમાં શાંતિનો અનુભવ કરાવશે. સત્સંગ અને ધર્મગ્રંથોના અધ્યયનથી માનસિક શક્તિ વધે છે, અને સકારાત્મક વિચાર અને સદ્આચરણ દ્વારા આપણે ભગવાનને પ્રસન્ન કરી શકીએ છીએ. પ્રસન્નતા કૃપા મેળવી આપે છે.

રોજિંદા જીવનમાં કૃપાનો અનુભવ ઘણીવાર તે સમયે થાય છે જ્યારે કોઈ મુશ્કેલીમાં અચાનક માર્ગ મળી જાય, અસંભવ લાગતું કાર્ય સરળ બની જાય, અથવા દુઃખ વચ્ચે હૃદયમાં શાંતિ અનુભવાય. હા, ભગવાનની કૃપાથી નાનકડી નૌકા પણ મહાસાગર પાર કરે છે. નિસ્સંદેહ, જીવનમાં સફળતા, સુખ, શાંતિ અને અંતિમ મુક્તિ મેળવવા માટે પુરુષાર્થ (પ્રયત્ન) સાથે ભગવાનની કૃપા પર ભરોસો રાખવો જરૂરી છે. ■

વિશેષ પ્લસ

કવિતા યાજ્ઞિક
feedback@bombay samachar.com

# એ મંદિર જ્યાં રીંછ પણ આવે છે દર્શન કરવા!



આપણા દેશમાં ઘણાં મંદિરો ચમત્કારો અને આધ્યાત્મિક શક્તિઓ માટે પ્રખ્યાત છે, પરંતુ છત્તીસગઢના મહાસમુંદ જિલ્લામાં આવેલું ચંડી દેવી મંદિર એવી ઘટના માટે પ્રખ્યાત છે, જે ત્યાં રોજ બને છે. આ મંદિરમાં ફક્ત માણસો જ પૂજા કરતા નથી, પરંતુ દરરોજ રીંછનો એક આખો પરિવાર પણ દેવીના દર્શન કરવા આવે છે. દરરોજ સેંકડો ભક્તો પોતાની મનોકામનાઓ લઈને મંદિરમાં પહોંચે છે, જ્યારે તેઓ રીંછોની દેવી પ્રત્યેની ભક્તિનું આ દૃશ્ય જુએ છે, ત્યારે તેમના શ્વાસ થંભી જાય છે. ચાલો જાણીએ દેવીમાના આ અનોખા ભક્તો વિશે.

છત્તીસગઢનું આ ચંડી મંદિર મહાસમુંદ જિલ્લાના ઘુંચાપાલી ગામમાં આવેલું છે. આ મંદિર અનેક ટેકરીઓથી ઘેરાયેલું છે, જે દૃશ્યને અદ્ભુત બનાવે છે. મંદિર સુધી પહોંચવા માટે, ભક્તોએ બે ટેકરીઓ વચ્ચેથી પસાર થવું પડે છે. આ ટેકરી ઉપરના મંદિરનો ઇતિહાસ આશરે ૧૫૦ વર્ષ જૂનો છે. દેવી ચંડીની મૂર્તિ કુદરતી છે, અર્થાત્ સ્વયંભૂ છે. ગ્રામજનો કહે છે કે ચંડી માતાનું આ મંદિર પહેલા તંત્ર સાધના માટે પ્રખ્યાત હતું, ઘણા સાધુ, સંતો, તપસ્વીઓ અને તાંત્રિકો અહીં પડાવ નાખતા હતા.

અગાઉ, આ સ્થળ તંત્ર સાધના કરનારાઓ દ્વારા ગુપ્ત રાખવામાં આવ્યું હતું, પરંતુ ૧૯૫૦-૫૧માં તેને સામાન્ય લોકો માટે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. આ સ્થળે માતાજીની સ્વયંભૂ પ્રગટ થયેલી મૂર્તિ છે. આશ્ચર્યની વાત એ છે કે, આ મૂર્તિનું કદ ઘણું વિરાટ, લગભગ સાડા ૨૩ ફૂટ ઊંચાઈનું છે. મંદિરના પૂજારીના કહેવા મુજબ. ચંડી માતાની મૂર્તિ પ્રગટ થઇ ત્યારે અન્ય મૂર્તિઓની જેમ સામાન્ય કદની જ હતી, પણ તેમાં સતત વધારો થતો ગયો અને હવે તે ૨૩ ફૂટ ઊંચી થઇ ગઈ છે. ઉપરાંત આ મૂર્તિ દક્ષિણમુખી હોવાથી આ પ્રતિમાનું વિશેષ ધાર્મિક મહત્ત્વ છે. તેથી આ સ્થળે કાયમ ભક્તોની ભીડ જોવા મળે છે.

પણ મનુષ્ય ભક્તો ઉપરાંત અહીં દેવીના ભક્તોમાં એક વિશેષ પ્રાણી પણ રોજ હાજરી પુરાવે છે. જે આ મંદિરની વિશેષતા પણ છે અને રહસ્ય પણ. એવું કહેવાય છે કે વર્ષોથી આ ખાસ ભક્તો સાંજ પડતાની સાથે જ માતાના મંદિરે આવવાનું શરૂ કરી દે છે. દરરોજ સાંજે આરતીના સમયે, આખો રીંછ પરિવાર ચંડી દેવીના દર્શન કરવા માટે આવે છે. રીંછ પરિવાર માતાનો પ્રસાદ લે છે અને પછી કોઈને નુકસાન પહોંચાડ્યા વિના જંગલમાં પાછો ફરે છે.

જ્યારે રીંછનો પરિવાર આવે છે, ત્યારે તેમાંથી એક મંદિરની બહાર ઊભો રહે છે, પછી બાકીના રીંછ મંદિરમાં પ્રવેશ કરે છે. મોટાભાગે તેઓ સંધ્યા આરતીના સમયે જ મંદિરમાં આવે છે. આ પછી આખો પરિવાર ચંડી માતાની મૂર્તિની પરિક્રમા પણ કરે છે. આ દૃશ્ય જોયા વિના આપણે માની ન શકીએ કે ખરેખર આવું બનવું શક્ય છે. આશ્ચર્યજનક વાત એ પણ છે કે રીંછ મંદિરમાં આવે છે અને ભક્તો સાથે સંપૂર્ણપણે મૈત્રીપૂર્ણ વર્તન કરે છે જાણે તેઓ પાલતુ હોય.

ચંડી માતાના દર્શન અને પરિક્રમા કર્યા પછી, રીંછ પરિવાર ત્યાં ધરાવેલો પ્રસાદ ગ્રહણ કરે છે. ત્યારબાદ ચુપચાપ જંગલ તરફ પ્રયાણ કરે છે. સૌથી આશ્ચર્યજનક વાત એ છે કે ક્યારેક પૂજારીઓ તેમને પોતાના હાથે પ્રસાદ ખવડાવે છે.

વન્યજીવન નિષ્ણાતો કહે છે કે દેવી મંદિરમાં રીંછ અને માણસો વચ્ચેનો મુકાબલો આશ્ચર્યજનક છે. તેમનું કહેવું છે કે સામાન્ય રીતે જો જંગલમાં કોઈ વ્યક્તિની સામે રીંછ આવી જાય, તો હુમલો થવાની પ્રબળ શક્યતા હોય. જ્યારે અહીં તો રીંછ શ્રદ્ધાળુઓ સાથે એવું વર્તન કરે છે જાણે ઘરના સભ્ય હોય!

ગામલોકો કહે છે કે રીંછ ક્યારેય હિંસક નથી હોતા અને આજ સુધી ક્યારેય કોઈને નુકસાન પહોંચાડ્યું નથી. હા, તેમને જોવા ભેગી થયેલી ભીડના કોલાહલને કારણે ક્યારેક તેઓ નારાજગી જરૂર દર્શાવે છે. તેમ છતાં ક્યારેય કોઈને પરેશાન કરતા નથી. ગ્રામ્યજનોને એવી શ્રદ્ધા છે કે, આ રીંછ પરિવાર રામાયણના રીંછ જામવંતનો છે. તેથી જ તેમનામાં આવી શ્રદ્ધા અને ભક્તિ જોવા મળે છે. ■

## ક્લાસિફાઈડ

**૧૦. મહિલાઓ માટે**

**કાનનાં મોટા કાણાં**
દવાથી એક જ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી: 9969388693 / 7506569229. (બી-૧૭૦૩૯)

**૧૪. નોકરી ખાલી છે**

SECOND EARNING OPPOrtunity in Finance Sectors. Required Retired / Businessman / Housewives. 9869837079. (B-17120)

**૧૭. જગ્યા આપવી છે**

**LEAVE & LICENCE**
Brech Candy 3 BHK 1150' Carpet 2 Lac Sea View Peddar Road 4 BHK 1400 CP 1 Garage. 2.50 Lac 9892710071 / 9619048555. (B-17134)

**GHATKOPAR EAST**
**FOR SALE/ RENT**
**Luxurious 3 BHK Flat with 1020 Sq. ft. With 2 Car Parks**
**Ready Possession With Full OC**
**PRITY CHSL, Off Hingwala Lane.**
**Mob - 9537765423**
(B-17146)

**૧૯. ફેક્ટરી વર્કશોપ**

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

**૨૦. ધંધાદારી જગ્યા**

**SOUTH MUMBAI**
Residential / Commercial Properties available for Rent / Sale 9892710071 / 9619048555. (B-17135)

**૨૯. મશીનરી**

**MACHINERY**
For Sale Running condition Plastic Injection Moulding Machine 2015 Toshiba 180 ton in Mumbai. Contact: 9821177235. (SDB-3109)

**૩૩. ધંધાદારી**

**"પ્રતાપ પેકર્સ-મુવર્સ"**
52 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૨૧-એ)

**૩૫. જ્યોતિષ ભવિષ્ય**

**શાસ્ત્રીજી**
જુના જાણકાર ઘેરબેઠા ફોન પર ઉપાય, પર્સનલ પ્રોબ્લેમ, પ્રેમમાં ધોકા શત્રુપીડા તુરંત નિકાલ. (Home Visit) 9765396401. (મુંબઈ). (બી-૧૭૧૪૨)

**રાજમળી જ્યોતિષ**
જીવનની તમામ સમસ્યાઓનું સમાધાન. ગૃહકલેશ, સૌતન, સંતાન, વિવાહ, છૂટાછેડા, લવ પ્રોબ્લેમ. 9987679488. (મીરારોડ) (બી-૧૭૧૪૧)

**૫૨. કુરીઅર્સ**

**ફોરેન**
પાર્સલ માટે એક માત્ર જુનું વિશ્વસનીય નામ રમેશભાઈ - 9702251440 / 9224320626. (બી-૧૬૮૩૫)

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


# ટૉસ શ્રીલંકા જીત્યું, પણ બાજી મારી ગયા બ્રિટિશરો



પલ્લેકેલ: ટી-૨૦ વર્લ્ડ કપના સહ-યજમાન શ્રીલંકાના કૅપ્ટન દાસુન શનાકાએ રવિવારે બપોરે ઇંગ્લૅન્ડ સામે સુપર-એઇટ મુકાબલા માટેનો ટૉસ જીત્યો ત્યારે શ્રીલંકન ટીમમાં અને હજારો પ્રેક્ષકોમાં આનંદ છવાઈ ગયો હતો અને ત્યાર બાદ બ્રિટિશ ટીમે બૅટિંગ મળતાં શરૂઆતથી જ ધબડકો દેખાડીને ૨૦ ઓવરમાં નવ વિકેટે માંડ ૧૪૬ રન કર્યા ત્યારે પ્રેક્ષકોમાં ખુશીની કોઈ સીમા નહોતી, પરંતુ છેવટે શ્રીલંકાની ટીમનો દાવ ૯૫ રનમાં સમેટાઈ ગયો ત્યારે લોકોએ નિરાશ હાલતમાં પાછા જવું પડ્યું હતું. ઇંગ્લૅન્ડની ટીમે આ મૅચ જીતવાની સાથે સુપર-એઇટના ગ્રૂપ-૨માં બે પૉઇન્ટ સાથે મોખરાનું સ્થાન મેળવી લીધું હતું. આ ગ્રૂપમાં પાકિસ્તાન અને ન્યૂ ઝીલૅન્ડના એક-એક પૉઇન્ટ છે અને શ્રીલંકાનું ખાતું નથી ખૂલ્યું.

શનિવારે કોલંબોમાં વરસાદ પડતાં પાકિસ્તાન અને ન્યૂ ઝીલૅન્ડની ટીમે એક-એક પૉઇન્ટ વહેંચી લીધો હતો, પરંતુ પલ્લેકેલમાં શ્રીલંકાના હાથમાં એકેય પૉઇન્ટ ન આવ્યો. શનિવારે રાત્રે ખૂબ વરસાદ પડ્યો હતો એમ છતાં રવિવારે મેઘરાજા પણ તેમની વહારે નહોતા આવ્યા. બ્રિટિશ ટીમે લો-સ્કોરિંગ મૅચમાં ૫૧ રનના મોટા માર્જિનથી જીત હાંસલ કરી હતી.

### પાંચેય બ્રિટિશ બોલરને વિકેટ મળી

બૅટિંગમાં ઓપનર ફિલ સૉલ્ટ (૬૨ રન, ૪૦ બૉલ, બે સિક્સર, છ ફોર) તેમ જ બોલિંગમાં વિલ જૅક્સ (૪-૦-૨૨-૩), આદિલ રાશીદ (૩.૪-૦-૧૩-૨), જોફ્રા આર્ચર (૩-૦-૨૦-૨), લિઆમ ડૉસન (૪-૦-૨૭-૨) અને જૅમી ઓવર્ટન (૨-૦-૧૩-૧)એ દમદાર પર્ફોર્મ કર્યું હતું.

### શનાકાના ૩૦ રન ટીમમાં હાઈએસ્ટ

ઇંગ્લૅન્ડ સામે શ્રીલંકાને માત્ર ૧૪૭ રનનો લક્ષ્યાંક મળ્યો હતો, પરંતુ દાસુન શનાકાની ટીમ ૧૦૦ રન પણ ન બનાવી શકી અને ૧૬.૫ ઓવરમાં ફક્ત ૯૫ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ હતી. શનાકાના ૩૦ રન ટીમમાં હાઇએસ્ટ હતા.

### બોલર્સની મહેનત પર બૅટ્સમેનોએ પાણી ફેરવ્યું

એ પહેલાં, ઇંગ્લૅન્ડની ઇનિંગ્સમાં સૉલ્ટની હાફ સેન્ચુરીને બાદ કરતાં બીજો કોઈ બૅટ્સમૅન પચીસ રન પણ નહોતો કરી શક્યો. બ્રિટિશ ટીમે ચોથી ઓવરથી જ વિકેટ ગુમાવવાનું શરૂ કરી દીધું હતું અને સમયાંતરે વિકેટ ગુમાવી હતી. ૧૯મી ઓવરના છેલ્લા બૉલમાં આઠમી તથા નવમી વિકેટ તેમણે ગુમાવી હતી. દાસુન શનાકાના સુકાનમાં શ્રીલંકન ટીમે બોલિંગમાં અસરદાર પર્ફોર્મ કર્યું હતું. તમામ દુશાન હેમન્થાને બાદ કરતા બાકીના ચારેય બોલરને વિકેટ મળી હતી જેમાં સ્પિનર દુનિથ વેલાલાગેએ સૌથી વધુ ત્રણ વિકેટ મેળવી હતી. જોકે પછીથી શ્રીલંકાના જ બૅટ્સમેનોએ દાટ વાળ્યો હતો. ■

# ભારતીય મહિલા ક્રિકેટરો એશિયા કપ રાઈઝિંગ સ્ટાર્સમાં ફરી ચૅમ્પિયન

## બાંગ્લાદેશની ટીમને ૮૮ રનમાં આઉટ કરીને જીતી લીધું ટાઇટલ



કૅપ્ટન રાધા યાદવ

બૅન્ગકૉક: મુંબઈની રાધા યાદવના સુકાનમાં ભારતીય મહિલા ક્રિકેટરોની ઇન્ડિયા-એ ટીમે અહીં રવિવારે વિમેન્સ એશિયા કપ રાઇઝિંગ સ્ટાર્સ ટી-૨૦ ટૂર્નામેન્ટ સતત બીજી વખત જીતીને ટાઇટલ પર ફરી કબજો કર્યો હતો. ઇન્ડિયા-એ ટીમે બાંગ્લાદેશ-એ ટીમને ૪૬ રનથી માત આપી હતી. બૅટિંગમાં પુણેની રાઇટ-હૅન્ડ બૅટર તેજલ હસબનીસ (૫૧ અણનમ, ૩૪ બૉલ, બે સિક્સર, ત્રણ ફોર) અને બોલિંગમાં લેગ-સ્પિનર પ્રેમા રાવત (૪-૦-૧૨-૩)ના પર્ફોર્મન્સ સૌથી ચડિયાતા હતા જેને લીધે ભારતીય ટીમનો વિજય આસાન થઈ ગયો હતો.

બાંગ્લાદેશની ટીમ ૧૩૫ રનના લક્ષ્યાંક સામે ૧૯.૧ ઓવરમાં માત્ર ૮૮ રનમાં આઉટ થઈ ગઈ હતી. સોનિયા મેંઢિયા તથા તનુજા કંવરે બે-બે વિકેટ લીધી હતી, જ્યારે સઇમા ઠાકોર, મિન્નુ મણી અને ખુદ કૅપ્ટન રાધા યાદવે એક-એક વિકેટ લઈને બાંગ્લાદેશની ટીમ પરના આક્રમણને વધુ તીવ્ર બનાવીને એને ૧૦૦ રન સુધી પણ નહોતી પહોંચવા દીધી.


એ પહેલાં, ભારતીય ટીમે ૨૦ ઓવરમાં સાત વિકેટે ૧૩૪ રન કર્યા હતા જેમાં તેજલના અણનમ ૫૧ ઉપરાંત રાધા યાદવ (૩૬ રન, ૩૦ બૉલ, એક સિક્સર, બે ફોર)નું પણ મહત્ત્વનું યોગદાન હતું. ઇન્ફૉર્મ બૅટર વૃંદા દિનેશ (૧૯ રન, ૧૭ બૉલ, ચાર ફોર)એ શરૂઆત સારી કરી હતી, પણ તે લાંબી ઇનિંગ્સ નહોતી રમી શકી. તેજલને પ્લેયર ઑફ ધ ફાઇનલનો પુરસ્કાર આપવામાં આવ્યો હતો. ■

## હાર્દિકની ચાર કરોડની કિંમતના કારની ભેટ



હાર્દિક પંડ્યાએ ભૂતપૂર્વ પત્ની નતાશા તથા પુત્ર અગસ્ત્યને ચાર કરોડ રૂપિયાની કિંમતની એયુવી કાર ભેટ આપી છે.

## શિખરે સૉફી શાઈન સાથે નવી શાઈનિંગ લાઈફ શરૂ કરી



ભારતના ભૂતપૂર્વ ઓપનિંગ બૅટ્સમૅન શિખર ધવને શનિવારે આયરલૅન્ડની પ્રોફેશનલ સૉફી શાઇન સાથે લગ્ન કર્યા (જમણે) ત્યાર બાદ રવિવારે ઈન્સ્ટાગ્રામ પર તેમણે મૅરેજ પછીની તસવીર પોસ્ટ કરી હતી. શિખરના આ બીજા લગ્ન છે. તેણે આયેશાને ડિવૉર્સ આપ્યા હતા. રોહિત અને ઈરફાન પઠાણે દિલ્હીમાં શિખર-સૉફીના લગ્નમાં હાજરી આપી હતી.

## ઝિમ્બાબ્વેની મુંબઈમાં આજે પહેલી ટી-૨૦

### આજે કૅરિબિયનોની આકરી કસોટી

મુંબઈ: વાનખેડે સ્ટેડિયમમાં આજે (સાંજે ૭.૦૦ વાગ્યાથી) 'અન્ડરડૉગ' ઝિમ્બાબ્વે પહેલી જ વખત ટી-૨૦ મૅચ રમશે અને એમાં એણે એવી ટીમને નમાવવાની છે જે આ વખતનો વર્લ્ડ કપ જીતવા માટે ફેવરિટ છે. અગાઉ બે વખત ચૅમ્પિયન બનેલા વેસ્ટ ઇન્ડિઝે એવી ટીમ સામે ટકરાવાનું છે જેણે ઑસ્ટ્રેલિયા અને શ્રીલંકાને હરાવીને સુપર-એઇટમાં પ્રવેશ મેળવ્યો છે.

બે વર્ષ પહેલાંના વર્લ્ડ કપમાં ઝિમ્બાબ્વે ક્વૉલિફાય પણ નહોતું થયું જ્યારે હવે એણે વર્લ્ડ કપની દરેક ટીમને સાવધ કરી દીધી છે. યાદ રહે, ગુરુવારે ચેન્નઈમાં ભારતે અને રવિવારે દિલ્હીમાં સાઉથ આફ્રિકાએ ઝિમ્બાબ્વેનો પડકાર ઝીલવાનો છે.

સિકંદર રઝાના સુકાનમાં બ્રાયન બેનેટ અને બ્લેસિંગ મુઝરબાની જેવા ખેલાડીઓ આખા વર્લ્ડ કપમાં છવાઈ ગયા છે. ગ્રેમ ક્રીમર, રાયન બર્લ, વેલિંગ્ટન માસાકાદ્ઝા, બ્રાડ ઇવાન્સ વગેરે ખેલાડીઓથી ઝિમ્બાબ્વેની ટીમ મજબૂત બની છે અને સેમિ ફાઇનલમાં જવા માટે ફેવરિટ ગણાય છે.

જોકે શાઇ હોપની કૅરિબિયન ટીમમાં આઇપીએલનો બહોળો અનુભવ ધરાવતા ખેલાડીઓ (શેરફેન રુધરફર્ડ, શિમરૉન હેટમાયર, જેસન હોલ્ડર વગેરે) સામેલ છે અને તેઓ વાનખેડેમાં ઘણું રમી ચૂક્યા છે. ■

## વર્લ્ડ કપની ટ્રોફી સાથે બે દિગ્ગજ



ક્રિકેટ-લેજન્ડ સુનીલ ગાવસકર અને ગૂગલના સીઈઓ સુંદર પિચાઈએ રવિવારે અમદાવાદમાં ભારત-સાઉથ આફ્રિકા મૅચ પહેલાં વર્લ્ડ કપની બહુમૂલ્ય ટ્રોફી સાથે મેદાન પર આગમન કર્યું હતું.

## વૈભવને ₹ ૫૦ લાખનું ઈનામ



તાજેતરમાં ઇંગ્લૅન્ડ સામેની અન્ડર-૧૯ વર્લ્ડ કપ ફાઇનલમાં મૅચ-વિનિંગ ૧૭૫ રન કરનાર ૧૪ વર્ષના વૈભવ સૂર્યવંશીને બિહારના મુખ્ય પ્રધાન નીતીશકુમારે ૫૦ લાખ રૂપિયાના ઈનામનો ચેક અર્પણ કર્યો છે.



'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

વિરુદ્ધ શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| જૂજ | એકલા |
| જૂઠ | નવલ |
| જૂનું | સંઘાતે |
| જુદું | મબલક |
| જૂથ | સાચ |

## માતૃભાષાની મહેક

પથ્થર અને પાણીના સંબંધની વાત છે. મુશળધાર મેઘથી રાત દિવસ ભીંજાય, કાળો પાણો ક્યારેય નરમ ન થાય. મેઘરાજા મન મૂકીને અનરાધાર વરસે ત્યારે બધું જળબંબાકાર થઈ જાય, કોઈ પદાર્થ ઓગળી જાય તો કોઈ ઢીલો પડી જાય, પણ પાષાણ એટલે કે પથ્થર ગમે એટલું પાણી પડવા છતાં રતીભાર નરમ ન થાય. પથ્થર એનો સ્વભાવ ન છોડે.

## ગુજરાત મોરી મોરી રે

બે માળ ઊંચું પ્રવેશદ્વાર ધરાવતા ઓગણીસમી સદીમાં બંધાયેલા કચ્છ જિલ્લાના સૌથી ઊંચા શિખરબંધ જિનાલયનું નામ જણાવો.
અ) સોનગઢ તીર્થ
બ) તારંગા તીર્થ
ક) દેવગઢ તીર્થ
ડ) કોઠારા તીર્થ

## ઈર્શાદ

*શું એ વધુ છે કિંમતી, કે કિંમતી સ્વમાન છે?*
*મૂકી સંબંધ ત્રાજવે, તું બેધડક સવાલ કર!*
-- ભાર્ગવ ઠાકર

## શબ્દલાલિત્ય કાન્તા વોરા

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ■ | ૧ | ■ | ૨ | | | ૩ | ■ | ૪ | ■ |
| ૫ | | | | ■ | ■ | ૬ | ૭ | | ૮ |
| | ■ | ■ | | ■ | ૯ | | | ■ | |
| ૧૦ | ૧૧ | ■ | ૧૨ | ૧૩ | ■ | | ■ | ૧૪ | |
| ૧૫ | | ૧૬ | ■ | ૧૭ | ૧૮ | ■ | ૧૯ | | ■ |
| ■ | ૨૦ | | ■ | ૨૧ | | ■ | ૨૨ | | ૨૩ |
| ૨૪ | | ■ | ૨૫ | ■ | ૨૬ | ૨૭ | ■ | ૨૮ | |
| | ■ | ૨૯ | | | ■ | | ■ | ■ | |
| ૩૦ | ૩૧ | | | ■ | ■ | ૩૨ | | ૩૩ | |
| ■ | | ■ | ૩૪ | | | | ■ | | ■ |

### આડી ચાવી

૨. બળીને ખાખ થયેલું (૪)
૫. અતિશય કીમતી (૪)
૬. રૂબરૂ, સમક્ષ (૪)
૯. પાંગળું (૩)
૧૦. ઝીણી ધૂળ (૨)
૧૨. માથું (૨)
૧૪. ઢોરને ખાવાનાં પાંદડા (૨)
૧૫. સર્વ, બધું (૩)
૧૭. અહંકાર, ગર્વ (૨)
૧૯. હસ્ત, હાથ (૨)
૨૦. ના (૨)
૨૧. વલણ, પક્ષપાત (૨)
૨૨. તર્ક, વિચાર (૩)
૨૪. મૃત્યુ (૨)
૨૬. ઉપાધિ, લફરું (૨)
૨૮. સિનેમાના દૃશ્યોની લાંબી પટ્ટી (૨) (અં)
૨૯. યાચના ન કરનારું (૩)
૩૦. કર્મનું ફળ જણાવનારું કથન (૪)
૩૨. માછલાં પકડવાનો ધંધો કરનાર (૪)
૩૪. ધર્મ વિધિમાં વપરાતી તાંબાની તાસક (૪)

### ઊભી ચાવી

૧. (ઠાકોરજીને) --- કરવા=ઠાકોરજી માટે પોષાક ભેટ ધરવો (૨)
૨. સારું નરસું (૪)
૩. પ્રકૃતિના ત્રણ ગુણોમાંનો એક ગુણ (૪)
૪. વખત (૨)
૫. મોંઘવારી (૪)
૭. તલવારની જોડીદાર (૨)
૮. પૂંજ (૩)
૧૧. જામીનગીરી (૪)
૧૩. શિવનું વાદ્ય (૩)
૧૪. પાણી ભરનારી (૪)
૧૬. પૃથ્વી (૨)
૧૮. નડતર, પજવણી (૩)
૧૯. સહાયતા, પક્ષ (૨)
૨૩. પડકાર (૪)
૨૪. --- રાખવું=મુલતવી રાખવું (૩)
૨૫. અભય, ભયથી પર (૪)
૨૭. માપ, પરિમાણ (૪)
૨૯. આંસુ (૨)
૩૧. શરમ (૨)
૩૩. પંખીનું ઘર (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ આ | નુ | ૨ વં | ૩ શી | ૪ ક | ■ | ૫ ભ | ૬ ર | ચ | ૭ ક |
| દ | ■ | ૮ શ | ક | દા | ૯ ર | ■ | જ | ■ | પિ |
| ૧૦ ત | ન | ■ | ૧૧ સ્ત | વ | ન | ■ | મા | ■ | ■ |
| ■ | ■ | ૧૨ અ | ■ | ર | ■ | ■ | ૧૩ ત્ર | ક્ષે | ૧૪ ક |
| ૧૫ ગ | પા | ટ | ૧૬ ક | ■ | ૧૭ ભા | ૧૮ વ | ■ | ■ | દા |
| વા | ■ | ■ | ૧૯ મી | ન | ■ | ૨૦ ક | ૨૧ ચ | ક | ચ |
| ૨૨ ક્ષ | ત્રી | ૨૩ ય | ■ | ■ | ૨૪ ક | ■ | ક્ષુ | ■ | ■ |
| ■ | ■ | જ | ■ | ૨૫ ક | ણ | ૨૬ ક | ■ | ૨૭ તં | ૨૮ ત |
| ૨૯ ઘા | ■ | મા | ■ | ૩૦ મ | સ | લ | ૩૧ ત | ■ | બા |
| ૩૨ સ | મા | ન | તા | ■ | ૩૩ લા | પ | ર | વા | હી |

## ઓળખાણ પડી?



ભારત બહાર ઘણા હિન્દુ મંદિર જાણીતા છે. બેનમૂન કોતરણી માટે પ્રખ્યાત શ્રી મરીયમ્મન મંદિર કયા દેશમાં સ્થિત છે એ જાણો છો?

અ) ભૂતાન બ) સિંગાપોર ક) મલેશિયા ડ) મોરોક્કો

## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'વ્હાલા, વગડો વળોટી વહેલા આવજો' પંક્તિમાં વળોટીનો અર્થ શું થાય એ જણાવો.
અ) વળાંક બ) વેરાન ક) ઓળંગી ડ) સમેટી

## માઈન્ડ ગેમ

સાત કરોડ નવ હજાર બાવનમાંથી ચાર કરોડ ૬૮ લાખ ૬૪ હજાર ૩૯૮ બાદ કર્યા પછી જવાબ શું મળે એ ગણતરી કરી જણાવો.
અ) ૨,૩૧,૪૪,૬૫૪ બ) ૨,૮૧,૬૮,૩૪૭
ક) ૩,૦૨,૨૨,૭૫૫ ડ) ૩,૧૫,૯૯,૦૫૪

## સુડોકુ-૯૨૨૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૮ | ૩ | | | | ૯ | | |
| | ૧ | | | ૭ | | | | |
| ૬ | ૫ | | | | ૪ | | | ૮ |
| | ૬ | | | | ૮ | | | |
| ૯ | | | | | | | | ૫ |
| | | | ૧ | | | | ૬ | |
| ૩ | | | ૯ | | | | ૪ | ૨ |
| | | | | ૨ | | | ૩ | |
| | | ૫ | | | | ૬ | ૮ | ૭ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-૯૨૨૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૭ | ૫ | ૪ | ૨ | ૯ | ૧ | ૬ | ૩ |
| ૨ | ૬ | ૯ | ૩ | ૮ | ૧ | ૭ | ૪ | ૫ |
| ૧ | ૩ | ૪ | ૬ | ૫ | ૭ | ૨ | ૯ | ૮ |
| ૫ | ૪ | ૩ | ૧ | ૯ | ૮ | ૬ | ૭ | ૨ |
| ૬ | ૯ | ૮ | ૨ | ૭ | ૪ | ૫ | ૩ | ૧ |
| ૭ | ૧ | ૨ | ૫ | ૬ | ૩ | ૪ | ૮ | ૯ |
| ૯ | ૮ | ૬ | ૭ | ૧ | ૨ | ૩ | ૫ | ૪ |
| ૩ | ૫ | ૧ | ૯ | ૪ | ૬ | ૮ | ૨ | ૭ |
| ૪ | ૨ | ૭ | ૮ | ૩ | ૫ | ૯ | ૧ | ૬ |

## ગયા સોમવારના જવાબ

| A | B |
|---|---|
| જુદાઈ | સંગમ |
| જુગુપ્સા | મોહક |
| જુલમ | રહેમ |
| જુસ્સો | ઢીલાશ |
| જુવાની | બુઢાપો |

**ગુજરાત મોરી મોરી રે:** ભાવનગર

**ઓળખાણ પડી?** કાઠમંડુ

**માઈન્ડ ગેમ :** ૮૯,૦૨,૫૪૭

**ચતુર આપો જવાબ અર્થ જણાવો:** તાબે

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) પુષ્પા ખોના (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) મુલરાજ કપૂર (૪) ભારતી બુચ (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૬) સુભાષ મોમાયા (૭) વિપીન શાહ (૮) નૂતન વિપીન શાહ (૯) નીતા દેસાઈ (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) શ્રદ્ધા આશર (૧૨) પુષ્પા પટેલ (૧૩) હર્ષા મહેતા (૧૪) લજિતા ખોના (૧૫) પ્રવીણ વોરા (૧૬) મીનળ કાપડિયા (૧૭) જ્યોતિ ખાંડવાલા (૧૮) નિખિલ બંગાળી (૧૯) અમીશી બંગાળી (૨૦) ભરત કજરિયા (૨૧) મહેશ સંઘવી (૨૨) તાહેર ઔરંગાબાદવાલા (૨૩) શીરીન ઔરંગાબાદવાલા (૨૪) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૫) મનીષા શેઠ (૨૬) ફાલ્ગુની શેઠ (૨૭) કમલ માતલિયા (૨૮) મહેન્દ્ર લોઢાવિયા (૨૯) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૦) અરવિંદ કામદાર (૩૧) ભાવના કર્વે (૩૨) વિણા સંપટ (૩૩) દેવેન્દ્ર સંપટ (૩૪) અંજુ ટોલિયા (૩૫) કિશોર સંઘરાજકા (૩૬) ડાયના સંતોકે (૩૭) અલકા વાણી (૩૮) વિજય આસર (૩૯) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૦) નિતીન જયંતિલાલ બજરિયા (૪૧) નયના ગિરીશ મિસ્ત્રી (૪૨) કિરીટ છેડા (૪૩) ચેતના છેડા (૪૪) રમેશભાઈ દલાલ (૪૫) ઈનાક્ષીબેન દલાલ (૪૬) હિનાબેન દલાલ (૪૭) જ્યોત્સના ગાંધી (૪૮) ડો. પ્રકાશ કટકિયા (૪૯) મહેશ દોશી (૫૦) ધીરેન્દ્ર મુલરાજ ઉદેશી (૫૧) પ્રતિમા પમાણી

# ઊર્જાની આવશ્યકતામાં વધારો થતાં કોલસાની માગ વધશે

નવી દિલ્હીઃ વર્તમાન નાણાકીય વર્ષના આરંભમાં કોલસાની માગ નબળી રહ્યા બાદ હવે આગામી દિવસોમાં દેશમાં ઈલેક્ટ્રિસીટીના વપરાશમાં તીવ્ર વધારો થતાં કોલસાની માગ પણ વધે તેવી શક્યતા ઉદ્યોગના નિષ્ણાતો વ્યક્ત કરી રહ્યા છે. સેઈલ અને ટાટા સ્ટીલના સંયુક્ત સાહસના બીટૂબી ઈ-કોમર્સ પ્લેટફોર્મ ધરાવતી એમ જંક્શન સર્વિસીસ લિ.નાં મેનેજિંગ ડિરેક્ટર વિનય વર્માએ જણાવ્યું હતું કે ગત ઑક્ટોબર અને નવેમ્બર મહિનામાં નકારાત્મક વૃદ્ધિદર જોવા મળ્યા બાદ ડિસેમ્બર મહિનામાં પાવરની માગમાં ૬.૩ ટકાની વૃદ્ધિ જોવા મળી હતી.

વધુમાં જાન્યુઆરી મહિનામાં પણ ખાસ કરીને આકરો શિયાળો અને ઔદ્યોગિક પ્રવૃત્તિ વધતાં ડિસેમ્બર મહિનામાં જોવા મળેલી માગ વૃદ્ધિ જળવાઈ રહી હોવાથી અમારું માનવું છે કે આગામી દિવસોમાં માગ જળવાઈ રહેશે.

નોંધનીય બાબત એ છે કે દેશમાં કોલસા ક્ષેત્રે એક અબજ ડૉલરના ઉત્પાદનનો સીમાચિહ્નરૂપ લક્ષ્યાંક હાંસલ કરવાની સાથે આશ્ચર્યજનક રીતે માગમાં ઘટાડો થયો હોવાથી મોટી જાહેર ક્ષેત્રની કંપનીઓ અને કોમર્શિયલ ધોરણે ખનન કરતાં નવાં એકમો માગની અનિશ્ચિતતાને ધ્યાનમાં લેતા વિસ્તરણ અંગે પુનર્વિચાર કરતાં થઈ ગયા છે. આ પડકારોને પરિપ્રેક્ષ્યમાં રાખીને એમ જંક્શને કોલકતા ખાતે આગામી ૨૪-૨૫ ફેબ્રુઆરીના રોજ ૧૯મી ઈન્ડિયન કોલ માર્કેટ્સ કોન્ફરન્સ કોલોસ્ચીમઃકોલ બેટલગ્રાઉન્ડનું આયોજન કર્યું છે. આ પરિસંવાદમાં કોલસા, પાવર, સિમેન્ટ, સ્પોન્જ આયર્ન, સ્ટીલ, ટ્રેડિંગ, એક્સચેન્જ અને પરિવહન ક્ષેત્રના ટોચના ૩૬ પ્રવક્તાઓ વિવિધ મુદ્દાઓ પર સંબોધન કરશે તેમ જ દેશનાં કોલસા અને પાવર ક્ષેત્રનાં વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરશે.

# ટ્રમ્પનાં ટૅરિફના નિર્ણયની અસરો અને એફ ઍન્ડ ઓની એક્સપાયરી વચ્ચે ઈક્વિટી માર્કેટ વોલેટાઈલ રહે તેવી શક્યતા

નવી દિલ્હીઃ ગત સપ્તાહ દરમિયાન ભારે ચંચળતા વચ્ચે સ્થાનિક ઈક્વિટી માર્કેટ સાપ્તાહિક ધોરણે સાધારણ સુધારા સાથે બંધ રહેવામાં સફળ રહ્યા બાદ વર્તમાન સપ્તાહે ખાસ કરીને સ્થાનિક સ્તરે જાહેર થનારા ત્રીજા ત્રિમાસિકગાળાના જીડીપીના ડેટા, મંથલી એફ એન્ડ ઓ (ફ્યુચર ઍન્ડ ઓપ્શન)ની એક્સપાયરી તેમ જ વૈશ્વિક સ્તરે ખાસ કરીને ગત સપ્તાહના અંતે અમેરિકી સુપ્રીમ કોર્ટે ટ્રમ્પ ટૅરિફને ગેરકાયદેસરની ઠેરવ્યા બાદ અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ટૅરિફ વધારાની જાહેરાત કરતાં તેની અસરોને ધ્યાનમાં લેતા વૈશ્વિક બજારોના વલણને આધારે સ્થાનિક બજારમાં પણ ચંચળતાનું વલણ જળવાઈ રહે તેવી શક્યતા બજાર વર્તુળો જોઈ રહ્યા છે. આ ઉપરાંત બજારની નજર વિદેશી રોકાણકારોની લે-વેચ, અમેરિકા-ઈરાન વચ્ચેની ન્યૂક્લિયર બાબતેની ડીલની પ્રગતિ અને ક્રૂડતેલના ભાવની વધઘટ પર પણ બજારની અસર જોવા મળશે.

એકંદરે આગામી ૨૪ ફેબ્રુઆરીના રોજ એફ એન્ડ ઓની એક્સપાયરી છે અને ૨૭મી ફેબ્રુઆરીના રોજ દેશનાં ત્રીજા ત્રિમાસિકગાળાના જીડીપીના ડેટાની, વિદેશી હૂંડિયામણની અનામતના ડેટાની અને વર્ષાનુવર્ષ ધોરણે ઈન્ફ્રાસ્ટ્રક્ચર આઉટપૂટના ડેટાની જાહેરાત થનાર હોવાથી બજારમાં ચંચળતાનું વલણ જળવાઈ રહે તેવી શક્યતા રેલિગેર બ્રોકિંગનાં રિસર્ચ વિભાગના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ અજિત મિશ્રાએ વ્યક્ત કરી હતી.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે અમેરિકી સુપ્રીમ કોર્ટે ટ્રમ્પ ટૅરિફને ગેરકાયદેસરની ઠેરવ્યા બાદ ટ્રમ્પે જાહેર કરેલા નવાં એક્ઝિક્યુટીવ ઓર્ડરના ટૅરિફના માળખાની વૈશ્વિક સ્તરે વેપાર પર કેવી અસર થશે તેની આકારણી રોકાણકારો કરી રહ્યા છે. ગત શુક્રવારે સુપ્રીમ કોર્ટના ચુકાદા પશ્ચાત્ ટ્રમ્પે વિશ્વના તમામ દેશોથી થતી અમેરિકામાં આયાત સામે ૧૫૦ દિવસ સુધી ૧૦ ટકા ટૅરિફ લાદવાની જાહેરાત કર્યા બાદ ૧૫ ટકા ટૅરિફની જાહેરાત કરતાં બજારમાં ફરી વખત વેપાર અંગેનો તણાવ સપાટી પર આવ્યો હોવાનું વિશ્લેષકો જણાવે છે. ગત શુક્રવારે અમેરિકી સુપ્રીમ કોર્ટે ટ્રમ્પે ઈન્ટરનેશનલ ઈમર્જન્સી ઈકોનોમિક પાવર એક્ટ ૧૯૯ હેઠળ લાદેલી ટૅરિફને ગેરકાયદેસરની ગણાવવાની સાથે સત્તાનો વધુ પડતો ઉપયોગ કર્યો હોવાનું જણાવ્યું હતું. વધુમાં જિઓજીત ઈન્વેસ્ટમેન્ટના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું કે સપ્તાહ દરમિયાન રોકાણકારોની મીટ અમેરિકા-ઈરાન વચ્ચેની ન્યૂક્લિયર ડીલની પ્રગતિ તેમ જ ક્રૂડ તેલના ભાવની વધઘટ પર ફેડરલ રિઝર્વ કેવી નાણાનીતિ અપનાવશે તેના સંકેતો અને સ્થાનિક સ્તરે જાહેર થનારા જીડીપીના ડેટા પર મંડાયેલી રહેશે.

તેમણે ઉમેર્યું હતું કે ગત સપ્તાહે સાવચેતી અને આશાવાદો વચ્ચે બજારમાં ભારે ચંચળતાનું વલણ જોવા મળ્યું હતું. તેમ છતાં બૅન્કિંગ, ફાઈનાન્સ, પાવર અને એફએમસીજી ક્ષેત્રના ચોક્કસ શૅરોમાં લેવાલીને ટેકે વૈશ્વિક અનિશ્ચિતતાની અસરો હળવી થઈ હતી. આથી ગત સપ્તાહે બૉમ્બે સ્ટોક એક્સચેન્જનો ૩૦ શૅરનો બૅન્ચમાર્ક સેન્સેક્સ સાપ્તાહિક ધોરણે ૦.૨૨ ટકા અથવા તો ૧૮૭.૯૫ પૉઈન્ટના સુધારા સાથે અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો ૫૦ શૅરનો બૅન્ચમાર્ક નિફ્ટી ૦.૩૯ ટકા અથવા તો ૧૦૦.૧૫ પૉઈન્ટના સુધારા સાથે બંધ રહ્યો હતો.

જોકે, એઆઈને કારણે વેપારો ખોરવાઈ જવાની અને માર્જિન દબાણ હેઠળ રહેવાની ભીતિને કારણે આઈટી શૅરો સપ્તાહ દરમિયાન દબાણ હેઠળ જ રહ્યા હોવાનું જણાવતા તેમણે ઉમેર્યું હતું કે પેક્સ સિલિકામાં ભારતનાં પ્રવેશ અને લાર્જકેપ, ચોક્કસ ક્ષેત્રના શૅરોમાં લેવાલીને ટેકે બજારમાં સાપ્તાહિક ધોરણે સુધારો જોવા મળ્યો હોવાનું તેમણે ઉમેર્યું હતું. એકંદરે વર્તમાન સ્થાનિક અને વૈશ્વિક જોખમી પરિબળોને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળામાં બજાર રેન્જ બાઉન્ડ અર્થાત્ બેતરફી વધઘટે અથડાતી રહે તેવી શક્યતા વિશ્લેષકો વ્યક્ત કરી રહ્યા છે.

# એપ્રિલથી જાન્યુઆરી દરમિયાન દેશની ઊર્જા ઉત્પાદન ક્ષમતામાં ઉમેરો ૫૦ ગિગા વૉટનો ઉમેરો

નવી દિલ્હીઃ વર્તમાન નાણાકીય વર્ષમાં ગત એપ્રિલથી જાન્યુઆરી દરમિયાન ઊર્જાના તમામ સ્રોતમાંથી દેશની ઊર્જા ઉત્પાદન ક્ષમતામાં ઉમેરો ૫૦ ગિગા વૉટની સપાટી પાર કરી ગયો હોવાનું એક અધિકૃત યાદીમાં જણાવાયું છે.

નોંધનીય બાબત એ છે કે કોઈપણ નાણાકીય વર્ષમાં થયેલો ઊર્જા ઉત્પાદન ક્ષમતામાં વધારો અત્યાર સુધીમાં થયેલા વધારા કરતાં સૌથી વધુ રહ્યો છે. અગાઉ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ૩૪,૦૫૪ ગિગા વૉટનો સૌથી વધુ વધારો થયો હોવાનું પાવર મંત્રાલયે એક યાદીમાં જણાવ્યું હતું.

વર્તમાન નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ગત ૩૧મી જાન્યુઆરી સુધીમાં ઊર્જા ઉત્પાદન ક્ષમતામાં વધારો ૫૨,૫૩૭ મેગા વૉટનો થયો હતો. જેમાં ૩૯,૬૫૭ મેગા વૉટનો ઉમેરો રિન્યુએબલ એનર્જી સ્રોતમાંથી થયો હતો અને તમાં ૩૪,૯૯૫ મેગા વૉટ સોલાર પાવર અને ૪૬૧૩ મેગા વૉટ વિન્ડ પાવરનો સમાવેશ થાય છે. વધુમાં યાદીમાં ઉમેર્યું હતું કે વર્તમાન નાણાકીય વર્ષમાં ગત ૩૧મી જાન્યુઆરી સુધીમાં ૧૧ ટકા કરતાં વધુ માત્રામાં સ્થાપિત ઊર્જા ઉત્પાદન ક્ષમતામાં વધારો થયો છે.

ગત ૩૧મી જાન્યુઆરી સુધીમાં દેશની કુલ સ્થાપિત ઊર્જા ઉત્પાદન ક્ષમતા ૫,૨૦,૫૧,૦૯૫ મેગા વૉટની થઈ હતી. જેમાં ફોસિલ ફ્યુઅલ આધારિત ક્ષમતા ૨,૪૮,૫૪,૧૬૨ મેગા વૉટની અને નોન ફોસિલ ફ્યુઅલ આધારિત ૨,૭૧,૯૬,૯૩૩ મેગા વૉટનો સમાવેશ થતો હતો. આ સિવાય ૮૭૮૦ મેગા વૉટ ન્યૂક્લિયર પાવર ક્ષમતા અને ૨,૬૩,૧૮,૯૩૩ મેગા વૉટ રિન્યુએબલ એનર્જી સ્રોતનો સમાવેશ થતો હોવાનું યાદીમાં ઉમેર્યું હતું.

# એમએસએમઈ માટે વિશિષ્ટ વ્યાજદરની પૅકેજ સ્કીમ માટે એપરલ કાઉન્સિલનો આરબીઆઈને અનુરોધ

નવી દિલ્હીઃ એપરલ નિકાસકારોની સંસ્થા એપરલ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાને માઈક્રો, સ્મોલ ઍન્ડ મિડિયમ એન્ટરપ્રિન્યોર (એમએસએમઈ) માટે વિશિષ્ટ વ્યાજદરની પૅકેજ સ્કીમ જાહેર કરવાની અરજ કરી છે.

કાઉન્સિલના ચેરમેન એ શક્તિવેલે જણાવ્યું હતું કે અમે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાના ગવર્નર સંજય મલ્હોત્રા સાથે મુંબઈ ખાતે યોજાયેલી બેઠકમાં એમએસએમઈ ક્ષેત્ર માટે અલગ નિકાસ નીતિ જાહેર કરવાની પણ માગણી કરી છે. હાલમાં બૅન્કો તેમની આંતરીક નીતિઓ અને બેલેન્સ શીટ્સને ધ્યાનમાં રાખીને ધિરાણના દર નિર્ધારિત કરતી હોય છે જેને કારણે અસંગતતાઓ સર્જાવાની સાથે વ્યાજ ખર્ચમાં પણ વધારો થતો હોવાનું તેમણે ઉમેર્યું હતું.

રિઝર્વ બૅન્કને કરેલી રજૂઆતમાં અમે જણાવ્યું હતું કે ભારતભરમાં મોટી સંખ્યામાં એપરલ નિકાસકારો અને તેમાં પણ મુખ્યત્વે એમએસએમઈ કાર્યકારી અને નિયમનકારી મુશ્કેલીઓનો સામનો કરે છે ખાસ કરીને અધિકૃત ડીલર (એડી) બૅન્કો, નિકાસ ફાઈનાન્સ યંત્રણા અને નિયમનકારી પાલનની ક્રિયાઓમાં વધુ મુશ્કેલી થઈ રહી છે.

એમએસએમઈ ક્ષેત્ર લોન સામેના ઊંચા વ્યાજદરનાં અને ધિરાણ ખર્ચમાં વધારા જેવા પડકારોનો સામનો કરી રહ્યું છે અને અસર સ્પર્ધાત્મકતા પર પડી રહી હોવાનું જણાવતા તેમણે ઉમેર્યું હતું કે ધિરાણ દર સિબિલ (ક્રેડિટ ઈન્ફોર્મેશન બ્યુરો ઑફ ઈન્ડિયા લિ.) સ્કોર સાથે જોડાયેલા હોવાથી નાના એકમો અને સૌ પ્રથમ વખત નિકાસકર્તાઓને ગેરલાભ થાય છે. આથી અમે એમએસએમઈને સંપૂર્ણ સમર્પિત એવી સ્પેશિયલ ઈન્ટરેસ્ટ પૅકેજ સ્કીમ રજૂ કરવાનો રિઝર્વ બૅન્કને અનુરોધ કર્યો છે.

# ટોચની ૧૦ કંપની પૈકી છ કંપનીઓનું માર્કેટકેપ વધીને ₹ ૬૩,000 કરોડની પાર

નવી દિલ્હીઃ ગત સપ્તાહ દરમિયાન સેન્સેક્સ હેઠળની ટોચની ૧૦ કંપનીઓ પૈકી છ કંપનીઓના માર્કેટકેપમાં સંયુક્તપણે રૂ. ૬૩,૪૭૮.૪૬ કરોડનો વધારો થયો હતો. જેમાં લાર્સન ઍન્ડ ટૂબ્રો તથા સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયામાં સૌથી વધુ વૃદ્ધિ જોવા મળી હતી. સપ્તાહ દરમિયાન ટોચની ૧૦ કંપનીઓ પૈકી લાર્સન ઍન્ડ ટૂબ્રો, સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયા, એચડીએફસી બૅન્ક, લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઑફ ઈન્ડિયા, બજાજ ફાઈનાન્સ અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના માર્કેટકેપમાં વધારો થયો હતો, જ્યારે ભારતી એરટેલ, આઈસીઆઈસીઆઈ બૅન્ક, ઈન્ફોસિસ અને ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસનાં માર્કેટકેપમાં ઘટાડો થયો હતો.

ગત સપ્તાહે લાર્સન ઍન્ડ ટૂબ્રોનું માર્કેટકેપ રૂ. ૨૮,૫૨૩.૩૧ કરોડ વધીને રૂ. ૬,૦૨,૫૫૨.૨૪ કરોડ, સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયાનું માર્કેટકેપ રૂ. ૧૬,૦૧૫.૧૨ કરોડ વધીને રૂ. ૧૧,૨૨,૫૮૧.૫૬ કરોડ, એચડીએફસી બૅન્કનું માર્કેટકેપ રૂ. ૯૬૧૭.૫૬ કરોડ વધીને રૂ. ૧૪,૦૩,૨૩૯.૪૮ કરોડ, લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશનનું માર્કેટકેપ રૂ. ૫૯૭૭.૧૨ કરોડ વધીને રૂ. ૫,૫૨,૨૦૩.૯૨ કરોડ, બજાજ ફાઈનાન્સનું માર્કેટકેપ રૂ. ૩૧૪૨.૩૬ કરોડ વધીને રૂ. ૬,૪૦,૩૮૭ કરોડ અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિ.નું માર્કેટકેપ રૂ. ૨૦૨.૯૯ કરોડ વધીને રૂ. ૧૯,૨૧,૬૭૮.૭૮ કરોડની સપાટીએ રહ્યું હતું. જોકે, તેની સામે ભારતી એરટેલનું માર્કેટકેપ રૂ. ૧૫,૩૩૮.૬૬ કરોડ ઘટીને રૂ. ૧૧,૨૭,૭૦૫.૩૭ કરોડ, આઈસીઆઈસીઆઈ બૅન્કનું માર્કેટકેપ રૂ. ૧૪,૬૩૨.૧૦ કરોડ ઘટીને રૂ. ૯,૯૭,૩૪૬.૬૭ કરોડ, ઈન્ફોસિસનું માર્કેટકેપ રૂ. ૬૭૯૧.૫૮ કરોડ ઘટીને રૂ. ૫,૪૮,૪૯૬.૧૪ કરોડ અને ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસનું માર્કેટકેપ રૂ. ૧૯૮૯.૯૫ કરોડ ઘટીને રૂ. ૯,૭૨,૦૫૩.૪૮ કરોડની સપાટીએ રહ્યું હતું. એકંદરે સપ્તાહ દરમિયાન વૅલ્યુએશન્સની દૃષ્ટિએ રિલાયન્સ ઈન્ડ્સ્ટ્રીઝે ટોચનું સ્થાન જાળવી રાખ્યું હતું. ત્યાર બાદ અનુક્રમે એચડીએફસી બૅન્ક, ભારતી એરટેલ, સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયા, આઈસીઆઈસીઆઈ બૅન્ક, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, બજાજ ફાઈનાન્સ, લાર્સન ઍન્ડ ટૂબ્રો, એલઆઈસી અને ઈન્ફોસિસનો સમાવેશ થતો હતો.

## ગુજરાત

# મહેસાણામાં વિધર્મી યુવકે રાહુલ નામ આપી યુવતી સાથે દુષ્કર્મ આચર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મહેસાણાના ખેરાલુના એક ગામની ૨૦ વર્ષની યુવતી પર વિધર્મી યુવકે દુષ્કર્મ આચરતા ચકચાર મચી ગઈ હતી. મળતી વિગતો મુજબ જાવેદ નામના યુવાને તે હિંદુ યુવતીને રાહુલ નામની ખોટી ઓળખ આપી હતી. તેમજ યુવતીને તેના ફોટા વીડિયો વાઈરલ કરવાની ધમકી આપીને ગેસ્ટ હાઉસમાં બોલાવી હતી. જો કે, આ દરમિયાન યુવક યુવતી ઝડપાઈ જતા ટોળાએ યુવકને માર મારીને બેભાન કર્યો હતો. ત્યાર બાદ યુવતીએ ખેરાલુ પોલીસ સ્ટેશનમાં દુષ્કર્મની અને યુવકના ભાઈએ મારામારીની ફરિયાદ નોંધાવી હતી. આ અંગે પોલીસ ફરિયાદમાં યુવતીના જણાવ્યા મુજબ આરોપી યુવાને ૨૧ ફેબ્રુઆરીના રોજ ફોટા હોવાનું કહીને તેને રાધે ગેસ્ટ હાઉસમાં બોલાવી હતી. તેમજ ત્યાં આરોપીએ યુવતીની મરજી વિરુદ્ધ શારીરિક સંબંધ બાંધ્યો હતો. આ મામલે પોલીસે ગુનો દાખલ તપાસ શરૂ કરી છે. જ્યારે બીજી તરફ આરોપી યુવકના ભાઈ મોહમદ યાસીનએ ખેરાલુ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખસો વિરુદ્ધ તેના ભાઈને માર માર્યાની ફરિયાદ નોંધાવી છે. રિક્ષામાં આવેલા લોકોએ જાવેદને ઢોર માર માર્યો હતો. જેથી તે ગંભીર રીતે ઘાયલ થતાં તેને ખેરાલુ સિવિલ હૉસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યો હતો.

# અમદાવાદમાં ૧૨ દિવસમાં પાંચ હત્યા, કાયદો અને વ્યવસ્થા રામભરોસે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં હત્યાના બનાવો ચિંતાજનક રીતે વધી રહ્યા છે. શહેરમાં છેલ્લા ૧૨ દિવસમાં ૫ લોકોની હત્યાથી પોલીસની કામગીરી પર સવાલો ઊઠી રહ્યા છે. શહેરના સરખેજ, વટવા, મણિનગર, નારોલ બાદ કાગડાપીઠમાં યુવકની હત્યા થતાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળી છે.

રાજ્યના આર્થિક પાટનગરમાં ગુનેગારો બેફામ બન્યા છે તે બાબત સૌથી વધુ ચોંકાવનારી છે. બહેરામપુરા વિસ્તારમાં ૨૧ ફેબ્રુઆરી શનિવારે રાત્રિના સમયે મોટરસાઇકલ પર પસાર થઈ રહેલા ૧૯ વર્ષીય હિમેશ પરમાર નામના યુવકને જાહેરમાં જ તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકીને હત્યા નીપજાવવામાં આવી હતી. ચાકુના ઘા મારી યુવકની પતાવી દીધો હતો. તે અગાઉ શહેરના મણિનગર વિસ્તારમાં ૧૧મી ફેબ્રુઆરીને બુધવારે રાતે ફલકનાઝ પઠાણ નામની યુવતીની તેના મંગેતર મહોમ્મદ આવેશ પઠાણે જ કોટાસ્ટોનના પથ્થરની ધારદાર અણીના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દીધી હતી. જ્યારે તે જ રાત્રે વટવા વિસ્તારમાં કેટરર્સનું કામ કરતા ૩૨ વર્ષીય મોહંમદ શકીલની હત્યા કરાઈ હતી.

જ્યારે ૧૧મી ફેબ્રુઆરીએ બોપલ વિસ્તારમાં બે-ત્રણ શખ્સોએ રૂપિયાની લેતીદેતી મુદ્દે છરીથી હુમલો કરી યુવકને મોતને ઘાટ ઉતારી દીધો હતો. જ્યારે શાહપુર વિસ્તારમાં રેટીયાવાડી પાસે આવેલા ગેરેજની બહાર અમર ઉર્ફે સબર દાતણીયા નામનો યુવક લોહીલુહાણ હાલતમાં મળી આવ્યો હતો. અજાણ્યા શખ્સોએ કોઈ બોથડ પદાર્થ વડે અમર પર જીવલેણ હુમલો કર્યો હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું.

# કીર્તિ પટેલની રાજસ્થાનમાંથી ધરપકડ, જૂનાગઢ લવાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વિવાદાસ્પદ સોશ્યલ મીડિયા ઈન્ફ્લુએન્સર કીર્તિ પટેલની જૂનાગઢ પોલીસ દ્વારા રાજસ્થાનમાંથી ધરપકડ કરી લેવામાં આવી હતી. પોલીસ કીર્તિ પટેલને રાજસ્થાનથી લાવીને જૂનાગઢ પહોંચી હતી. ત્યાર બાદ તેને સિવિલ હોસ્પિટલ લઈ જવાઈ હતી. જૂનાગઢમાં સાત દિવસમાં તેની સામે ત્રણ પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

કીર્તિ સામે ૧૬ ફેબ્રુઆરીએ જૂનાગઢમાં શિવરાત્રિના મેળામાં મહિલા પીઆઇ. કે.જે.મોડ (જૂનાગઢ રેન્જ કચેરી) દ્વારા નોંધાવવામાં આવી હતી. આ મહિલા પોલીસ અધિકારીએ તેની સાથે ધમકી, શાંતિ ભંગ અને ફરજમાં રૂકાવટ બાબતે પોલીસ ફરિયાદ કરી હતી.

ત્યાર બાદ ૧૮ ફેબ્રુઆરીના રોજ ભાલકાતીર્થ નજીક આવેલા નિરાલી ખોડિયાર ઉદાસીન આશ્રમના મહામંડલેશ્વર સ્વામી બજરંગદાસ ઉદાસીન બાપુ દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી હતી.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

## પબ્લિક નોટીસ

અહીં નીચે પરિશિષ્ઠમાં વર્ણવેલ મિલકતમાં સંયુક્તપણે પ્રમાણસર ૯૭.૫% અવિભાજીત હિસ્સો, હક્ક, ટાઈટલ અને હિતની માલિકી ધરાવનાર સહ-માલિકો "જેમ છે જ્યાં છે ધોરણ" પર તેમનો સદર ૯૭.૫% અવિભાજીત હિસ્સો, હક્ક, ટાઈટલ અને હિત વેચવાનો/નિકાલ કરવાનો ઈરાદો ધરાવે છે. સદર મિલકતમાં સહ-માલિકોનો સદર અવિભાજીત ૯૭.૫% હિસ્સો, હક્ક, ટાઈટલ અને હિત ખરીદવા ઈચ્છુક કોઈપણ શખ્સ તેમનો લેટર ઓફ ઈન્ટેન્ટ સીલબંધ કવરમાં નીચે સહી કરનારને દર્શાવેલ સરનામે નોટીસના પ્રકાશનની તારીખથી ૧૪ દિવસમાં સુપ્રત કરે એવી વિનંતી કરવામાં આવે છે.

**મિલકતનું પરિશિષ્ઠ**

પ્લોટ નં. ૪૮(એન) ધરાવતી જમીન માપમાં આશરે ૭૫૧ ચોરસ વાર બરાબર ૬૨૭.૯૩ ચો.મી. કે તે સુમારે તેની પર રહેલ ગ્રાઉન્ડ વત્તા ત્રણ ઉપરના માળ ધરાવતા બિલ્ડીંગ જે 'દુર્ગા નિવાસ' તરીકે જાણીતું છે અને સદર પ્લોટના કંપાઉંડમાં એક ગેરેજ સાથે જે મુંબઈ શહેરના નોંધણી જીલા અને પેટા જીલામાં આર. એ. કીડવાઈ રોડ, વડાલા ખાતે આવેલ, પડેલ અને રહેલ કોર્પોરેશનના સીવરી વડાલા એસ્ટેટનો ભાગ રચતા સદર બિલ્ડીંગના મોજૂદ ભોગવટેદારોના રાઈટ્સ અને હક્કોને આધીન છે.

પ્લોટનો એરીયાઃ ૭૫૧ ચો.વા.

મોજૂદ ભોગવટેદારોની સંખ્યાઃ ૧૧.

આજ તારીખ ૨૩મી ફેબ્રુઆરી ૨૦૨૬.

એ. મહેતા લાલજી એન્ડ કં.,
એડવોકેટ્સ,
કોમનવેલ્થ બિલ્ડીંગ, ૨જો માળ,
૮૨, નગીનદાસ માસ્ટર રોડ, ફોર્ટ,
મુંબઈ-૪૦૦૦૨૩.


# કિસાન કૉંગ્રેસના પાલ આંબલિયાનો આક્ષેપ, ઘેડના વિકાસ માટે જાહેર કરાયેલા ₹ ૧૫૦૦ કરોડ ક્યાં ગયા?

અમદાવાદઃ ગુજરાતના દરિયાકાંઠાના અને નીચાણવાળા 'ઘેડ' વિસ્તારના વિકાસ માટે રાજ્ય સરકારની જાહેરાત માત્ર કાગળ પર જ રહી હોવાનો આક્ષેપ ગુજરાત કિસાન કૉંગ્રેસના ચેરમેન પાલ આંબલિયાએ કર્યો હતો. તેમણે સરકારને વેધક પ્રશ્ન પૂછતા જણાવ્યું હતું કે સરકારે ઘેડ વિસ્તારના વિકાસ માટે રૂપિયા ૧૫૦૦ કરોડની ફાળવણી કરી હતી તેમાંથી કેટલો ખર્ચ થયો છે. તેનો સરકારે જાહેરમાં હિસાબ આપવો જોઈએ. તેમણે કહ્યું કે છેલ્લા ૨૫ વર્ષમાં સરકારની ઉપેક્ષાને કારણે ઘેડ વિસ્તાર ૨૫ હજાર હેક્ટરથી વધીને ૧.૨૫ લાખ હેક્ટરમાં ફેલાયો છે.

બજેટમાં ૧૫૦૦ કરોડની ફાળવણીના એક વર્ષ પૂર્ણ થવા છતાં હકીકતમાં કેટલો ખર્ચ થયો અને કેટલાં કામો પૂર્ણ થયા તેની સ્પષ્ટ માહિતી જાહેર ન થતા કિસાન કૉંગ્રેસના નેતા પાલ આંબલિયાએ સરકાર પર આકરા પ્રહાર કર્યા હતા. તેમણે સવાલ કર્યો હતો કે ૧૫૦૦ કરોડની ફાળવણીમાંથી કેટલા રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. તેમ જ કેટલા કામોના ટેન્ડર બહાર પડાયાં કે કેટલાં કામો ખરેખર પૂર્ણ થયા છે તેની વિગતો સરકારે જાહેર કરવી જોઈએ. તેમ જ આ રકમમાંથી કેટલા રૂપિયાની સૈદ્ધાંતિક અને વહીવટી મંજૂરી અપાઈ તેની વિગતો પ્રકાશિત કરવી જોઈએ.

વિકાસનાં વચનો છતાં ઘેડ વિસ્તારનો પ્રાણ પ્રશ્ન વર્ષોથી યથાવત્ છે.

# અમદાવાદમાં હવે એસટી અને લક્ઝરી બસો નહીં પ્રવેશી શકે, રિંગ રોડ પર જ લાગશે બ્રેક

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભારે વાહનોની અવરજવરને કારણે અમદાવાદમાં થતા ટ્રાફિકને અટકાવવા માટે અમદાવાદમાં ટ્રાફિક અંગેના નવા અનિયમો લાગુ થવાના સંકેત છે. અમદાવાદના મોબિલિટી પ્લાન નવેસરથી તૈયાર કરવાની દરખાસ્ત મુકવામાં આવી છે, જેમાં એસટી (જીએસઆરટીસી) અને ખાનગી લક્ઝરી બસો સહિતના ભારે વાહનોના શહેરમાં પ્રવેશ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાની યોજના છે. આ પહેલનો ઉદેશ્ય શહેરમાં ટ્રાફિકની સમસ્યા અને પ્રદૂષણનું નિયંત્રણ કરવું છે. શહેરી વિકાસ અને શહેરી આવાસ રાજ્ય પ્રધાન દર્શનાબેન વાઘેલાએ અમદાવાદ નેક્સ્ટ પ્રદર્શનના ઉદઘાટન પ્રસંગે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૩૦માં યોજાનારી કોમનવેલ્થ ગેમ્સને ધ્યાનમાં રાખીને આ પ્લાન તૈયાર કરવામાં આવી રહ્યો છે. હાલમાં અમદાવાદમાં દરરોજ અંદાજે ૭,૦૦૦ જેટલી બસોની અવરજવર રહે છે. નવી યોજના મુજબ, રિંગ રોડને ભારે વાહનો માટેનો અંતિમ એન્ટ્રી પોઈન્ટ બનાવવામાં આવશે. બહારથી આવતી તમામ બસો રિંગ રોડ પર જ અટકાવી દેવામાં આવશે અને ત્યાંથી શહેરની અંદર તેમના પ્રવેશ પર સદંતર પ્રતિબંધ રહેશે.

મુસાફરોની સુવિધા માટે શહેરની જાહેર પરિવહન સેવાઓ જેવી કે એએમટીએસ, બીઆરટીએસ અને મેટ્રો સાથે સાંકળવામાં આવશે. મુસાફરોએ રિંગ રોડ પર ઊતરીને શહેરના અંદરના ભાગોમાં જવા માટે જાહેર પરિવહનનો ઉપયોગ કરવો પડશે. તેમણે નાગરિકોને પણ વિનંતી કરી છે કે તેઓ ખાનગી વાહનોને બદલે જાહેર પરિવહનનો વધુ ઉપયોગ કરે. આ ઉપરાંત, બીજા રિંગ રોડ, લોજિસ્ટિક્સ પાર્ક અને સાબરમતી રિવરફ્રન્ટના વિસ્તરણ જેવા લાંબા ગાળાના પ્રોજેક્ટ્સ પર પણ સરકાર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

# ૧૮ વર્ષની વ્યક્તિને પોતાની મરજીથી લગ્ન કરવાનો હકઃ ગુજરાત હાઈ કોર્ટ

અમદાવાદઃ ગુજરાત હાઈ કોર્ટે એક પિતાની હિબસ-કોર્પ્સ પિટિશન ડિસમિસ કરી હતી અને કહ્યું હતું કે તેમની ૧૮ વર્ષીય દીકરીએ પોતાની મરજીથી લગ્ન કર્યા છે અને કાયદાકીય દૃષ્ટિએ તેને પોતાનો જીવનસાથી પસંદ કરવાની છૂટ છે. પિતાએ અરજીમાં જણાવ્યું હતું કે તેમની દીકરીને એક પુરુષે ગેરકાયદે પોતાની સાથે રાખી છે. જોકે દીકરીએ પરિવારની સંમતિ વિના પોતાની મરજીના પુરુષ સાથે લગ્ન કર્યા હતા. કોર્ટે આ મામલે નોંધ્યું હતું કે અરજદારની દીકરીને પૂરતી સુરક્ષા સાથે કોર્ટમાં બોલાવવામાં આવી હતી અને તેણે જણાવ્યું હતું કે તેણે પોતાની ઈચ્છાથી આ પુરુષ સાથે લગ્ન કર્યા છે. યુવતીએ કોઈપણ પ્રકારના દબાણનો ઈનકાર કર્યો હતો. આ સમયે તેનાં માતા-પિતા પણ હાજર હતા. પિતાએ પણ લગ્નનો ઈનકાર કર્યો ન હતો અને તેણે પોતાની અરજી સાથે મેરેજ રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ પણ જોડ્યું હતું. કોર્ટે નોંધ્યું કે અરજદાર પિતાએ તેમનાં પત્ની અને તેમની દીકરી સાથે વાતચીત કરી હતી, પરંતુ તેમની વચ્ચેનો મતભેદ ઉકેલી શકાયો ન હતો અને પિતા દીકરીને માફ કરવા તૈયાર ન હતા. દીકરીએ પણ સાફ કહ્યું હતું કે તે તેના પતિ સાથે જ રહેવા માગે છે.


BRIHANMUMBAI MAHANAGARPALIKA

**સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ આર/એન વોર્ડ**

એ.ઈ. (S.W.M.) / ૯૧૦૧/આર/નોર્થ વોર્ડ તા. ૧૮.૨.૨૦૨૬

બાબતઃ જાહેર ભાગીદારી દ્વારા આર/નોર્થ વોર્ડ હદમાં સાફસફાઈનું સ્તર વધારવા પ્રાયોગિક ધોરણે "રસ્તા સ્વચ્છતા યોજના" સ્કીમનું અમલીકરણ.

**હિતની અભિવ્યક્તિ (ઈઓઆઈ)**

બૃહદ્ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન આર/નોર્થ વોર્ડ રસ્તા, ફૂટપાથ અને જાહેર જગ્યાઓ પર સાફસફાઈનું શ્રેષ્ઠ સ્ટાન્ડર્ડ જાળવવા "રસ્તા સ્વચ્છતા યોજના"નું અમલીકરણ કરવા હિતની અભિવ્યક્તિઓ સ્વીકારવા અરજીઓ મંગાવે છે. કામની મુદત તા. ૧.૪.૨૦૨૬થી તા. ૩૧.૮.૨૦૨૬ સુધી આર/નોર્થ વોર્ડ એરીયામાં છે.

હિતની અભિવ્યક્તિ (ઈઓઆઈ) અંગે જાહેરાત બૃહદ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબસાઈટ portal.mcgm.gov.in પર ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

રસ ધરાવનાર બિનરોજગાર સર્વીસ કોઓપરેટીવ સોસાયટીઓએ "રસ્તા સ્વચ્છતા યોજના" માટેનું અરજીપત્ર પૂર્ણ કરી સંબંધિત દસ્તાવેજો આસીસ્ટંટ એન્જીનીયર (એસડબલ્યુએમ) આર/નોર્થ વોર્ડને સરનામુંઃ એ.ઈ., (એસડબલ્યુએમ) આર/એન ઓફિસ, ૫મા માળે, રંગનાથ કેસકર માર્ગ, રૂસ્તમજી સ્કૂલ નજીક, દહીંસર (વે), મુંબઈ - ૪૦૦૦૬૮ ખાતે સુપ્રત કરવા.

હિતની અભિવ્યક્તિ (ઈઓઆઈ) અરજીઓ વેચાણ માટે આસીસ્ટંટ એન્જીનીયર (એસડબલ્યુએમ) આર/નોર્થ વોર્ડ પાસે મુકવામાં આવેલ છે. (અરજી ફી રૂા. ૪૨૮૪ છે) (રૂા. ૩૬૩૦ વત્તા જીએસટી ૧૮%) અરજી તા. ૨૩.૨.૨૦૨૬ થી તા. ૨.૩.૨૦૨૬ સુધી શનિવાર/રવિવાર અને જાહેર રજાઓ સિવાય ઓફિસ સમય દરમ્યાન રહેશે.

હિતની અભિવ્યક્તિ અરજીઓ આ ઓફિસમાં સીલબંધ કવરમાં ઉપર "રસ્તા સ્વચ્છતા યોજના" માર્ક કરી તા. ૨.૩.૨૦૨૬ના બપોરે ૩ વાગ્યા સુધી સુપ્રત કરવી. મળેલ અરજીની ચકાસણી /વેરીફાય કર્યા બાદ લાયક સંસ્થાઓની યાદી સંબંધીત ડિપાર્ટમેન્ટ ઓફિસના નોટીસ બોર્ડ પર પ્રદર્શિત કરવામાં આવશે.

સહી/- ૨૦.૨.૨૦૨૬
આસીસ્ટંટ કમિશ્નર
'આર/એન' વોર્ડ

PRO/3043/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

# આજથી શરૂ થતું મહારાષ્ટ્રનું બજેટ સત્ર તોફાની બનવાના એંધાણ

મુંબઈ : મહારાષ્ટ્ર રાજ્યનું ૪ અઠિવાડિયાનું બજેટ સત્ર સોમવાર ૨૩ ફેબ્રુઆરીથી શરૂ થવા જઈ રહ્યું છે. જે રીતે સંસદમાં વિપક્ષોએ સદનમાં હંગામો મચાવ્યો છે, તેવું જ તોફાન હવે રાજ્ય વિધાનસભામાં જોવા મળે તેવી પુરી શક્યતા છે. તેની શરૂઆત વિપક્ષો દ્વારા પરંપરાગત ચ્હા-પાન કાર્યક્રમના બહિષ્કાર સાથે થઇ ગઈ છે.

ડુંગળી, ડાંગર, સોયાબીન અને કપાસના ખેડૂતોના મુદ્દાઓ પર મોટો હંગામો થવાની શક્યતા છે. અલીબાગમાં જમીન માપણી વખતે બનેલી ઘટના પર વિધાનસભા અધ્યક્ષ રાહુલ નાર્વેકર પર વિપક્ષ નિશાન તાકશે. પરિવારના ત્રણ વ્યક્તિ મહાનગરપાલિકામાં નિર્વિરોધ ચૂંટાઈ આવે તે માટે અરજી દાખલ કરતી વેળાએ ઉપસ્થિત રહીને દમદાટી કરી હોવાનો તેમના ઉપર લાગ્યો હતો. આ બંને મુદ્દે તેમના ઉપર પસ્તાળ પડશે તેવું ભાસ્કર જાધવે આપેલા નિવેદન પરથી જણાઈ આવે છે. વિરોધપક્ષના નેતાના પદ મુદ્દે પણ નાર્વેકરે એક વર્ષમાં કોઈ નિર્ણય ન લીધો હોવાથી, તે મુદ્દે પણ વિપક્ષો તેમને ઘેરશે તે નક્કી છે.

ટેન્કર પલટી જતાં મુંબઈ પુણે એક્સપ્રેસ વે ૩૨ કલાક બંધ રહ્યો અને મુલુંડમાં મેટ્રોનો સ્લેબ પડી ગયો, તે અકસ્માતો અંગે વિપક્ષે સરકારને ઘેરવાની તૈયારી કરી લીધી છે. ૨૦૧૭માં જાહેર થયેલી કરજ માફીનો લાભ હજી સુધી ખેડૂતો સુધી પહોંચ્યો નથી, તે બાબતે પણ મુખ્ય પ્રધાન નિશાના પર હશે. ફડણવીસે જૂન સુધીમાં તેના પર નિર્ણય લેવાનું આશ્વાસન આપ્યું હતું. ભારત-અમેરિકા વ્યાપાર કરારની મહારાષ્ટ્રના ખેડૂતો પર થનારી અસરનો મુદ્દો કોંગ્રેસ ગૃહમાં ઉઠાવે તેવી શક્યતા છે.

૨૫ માર્ચ સુધી ચાલનાર બજેટ સત્રમાં સોમવારે પહેલા દિવસે રાજ્યપાલના અભિભાષણ બાદ નાયબ મુખ્ય પ્રધાન અજીત પવારના

(જુઓ પાનું ૪) ▸▸

**સરકારની ટી-પાર્ટીનો વિપક્ષોનો બહિષ્કાર**


# સરકારને ઘેરવા માટેની વિપક્ષોની બેઠકમાં શરદ પવાર જૂથના નેતાઓની ગેરહાજરી

## એમવીએમાં કંઈક નવું રંધાઈ રહ્યું હોવાની અટકળો

મુંબઈઃ રાજ્યમાં મહા વિકાસ આઘાડીના ભવિષ્ય પર ફરી એકવાર પ્રશ્નાર્થ સર્જાયો છે. મુંબઈમાં 'શિવાલય' ખાતે યોજાયેલી એક મહત્વપૂર્ણ બેઠકમાં વિપક્ષી રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (શરદ પવાર જૂથ) ના નેતાઓએ ગુટલી મારતાં રાજકીય ચર્ચાઓ તેજ બની છે. શરદ પવાર જૂથ કેમ ગેરહાજર રહ્યું તે બાબત શિવસેના ઠાકરે જૂથના નેતા ભાસ્કર જાધવે સીધી ટિપ્પણી કરી છે. આ દરમિયાન વિપક્ષોએ ફડણવીસ સરકાર તરફથી યોજેલી ટી-પાર્ટીનો બહિષ્કાર કર્યો હતો.

સોમવારથી શરૂ થઈ રહેલા વિધાનસભાના બજેટ સત્ર પહેલા રણનીતિ બનાવવા માટે આ બેઠક બોલાવવામાં આવી હતી. આ બેઠકમાં શિવસેના ઠાકરે જૂથ અને કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ હાજર રહ્યા હતા. આમાં ભાસ્કર જાધવ, અજય ચૌધરી, સતેજ પાટિલ, અનિલ પરબ, વિજય વડેટ્ટીવાર અને અમીન પટેલનો સમાવેશ થાય છે. જોકે બેઠકમાં રાષ્ટ્રવાદી શરદ પવાર જૂથના કોઈ મોટા નેતા હાજર ન હોવાથી અનેક લોકો આશ્ચર્યચકિત થયા છે. રાષ્ટ્રવાદી પક્ષના બંને

(જુઓ પાનું ૪) ▸▸




**મુલુંડ દુર્ઘટના બાદ એમએમઆરડીએ સતર્ક**

# મેટ્રો-૪ના બીમમાં ક્રેકની ફરિયાદ પછી તાત્કાલિક સમારકામ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મેટ્રો પ્રોજેક્ટમાં મેટ્રો-ચારની સુરક્ષાને લઈને ફરી ચિંતા વ્યક્ત થઈ રહી છે. મુલુંડમાં તાજેતરમાં મેટ્રોનો સ્લેબ તૂટીને એકનું મૃત્યુ થયું હોવાની ઘટના તાજી છે ત્યાં ઘાટકોપર (પશ્ચિમ)માં શ્રેયસ થિયેટર નજીક મેટ્રો-ચારના સ્ટ્રક્ચર બીમમાં તિરાડ પડી હોવાની ફરિયાદ બાદ મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ) દ્વારા તાત્કાલિક ઈન્સ્પેક્શન કરવામાં આવ્યું હતું અને એ બાદ બીમમાં કોઈ તિરાડ પડી નથી અને બાંધકામ સંપૂર્ણપણે સુરક્ષિત હોવાની સ્પષ્ટતા કરવામાં આવી હતી.

સોશિયલ મિડિયા પર ઘાટકોપરમાં મેટ્રો-ચારના સ્બેલમાં તિરાડ પડી હોવાની ફરિયાદ ફોટો સાથે કરવામાં આવી હતી. પાલિકાના 'એન' વોર્ડ દ્વારા આ સંદર્ભમાં પત્ર જાહેર કરીને મેટ્રો લાઈન-ચારમાં બીમમાં 'મૅક્રો ક્રૅક્સ' દેખાઈ આવતી હોવાથી સંભવિત જોખમને ધ્યાનમાં લઈને તાત્કાલિક પગલા લેવાની સૂચના આપવામાં આવી હતી. આ પત્રમાં સ્પષ્ટ રીતે લખવામાં આવ્યું હતું કે કોઈ પણ જીવહાનિ અથવા આર્થિક નુકસાન થાય નહીં તે માટે તાત્કાલિક ઉપાયયોજના કરો. મેટ્રો-ચારના તમામ બાંધકામની સ્ટ્રક્ચરલ તપાસ કરવાનો પણ પત્રમાં નિર્દેશ આપવામાં આવ્યો હતો. લીગલ પૅનલ પરના ટેક્નિકલ નિષ્ણાત અથવા સ્ટ્રક્ચરલ કન્સલ્ટન્ટ મારફત તપાસ કરવાની અને વિગતવાર અહેવાલ રજૂ કરવાનું પણ કહેવામાં આવ્યું હતું. આદેશનું પાલન નહીં કરતા કોઈ દુર્ઘટના સર્જાઈ તો તેની જવાબદારી સંબંધિત યંત્રણાની રહેશે એવી ચેતવણી પણ આપી હોવાનું કહેવાય છે.

આ દરમ્યાન પાલિકાના પત્ર અને સોશિયલ મિડિયા પર આવેલી ફરિયાદ બાદ એમએમઆરડીએ દ્વારા સંબંધિત જગ્યાએ ઈન્સ્પેકશન કરવામાં આવ્યું હતું. ઈન્સ્પેકશન બાદ જણાવ્યું હતું કે મેટ્રો-ચારના બીમમાં નીચેથી દેખાઈ રહેલી લાઈન (તિરાડ) એ વધારાની કૉંક્રીટ સ્લરી (બાંધકામ દરમ્યાન વાપરવામાં આવતું

(જુઓ પાનું ૪) ▸▸

# આઈઆઈટી બૉમ્બેની હોસ્ટેલમાં બેગમાંથી પાંચ કારતૂસ મળી આવીઃ બિહારના યુવકની ધરપકડ

મુંબઈઃ પવઇમાં ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (આઇઆઇટી), બોમ્બેના કેમ્પસમાં નકલી ઓળખપત્ર સાથે પ્રવેશ કરવા અને હોસ્ટેલની રૂમમાં બેગમાં જીવંત કારતૂસો છુપાવી રાખવા બદલ બિહારના ૨૩ વર્ષના યુવકની ધરપકડ કરવામાં આવી હતી.

હોસ્ટેલની રૂમમાં રાખેલી બેગમાંથી પાંચ જીવંત કારતૂસ મળી આવ્યા બાદ પવઇ પોલીસે બિહારના વતની સર્વોત્તમ ચૌધરીની ધરપકડ કરી હતી. પૂછપરછમાં ચૌધરીએ પોલીસને જણાવ્યું હતું કે તે તેના વતનથી કારતૂસો લાવ્યો હતો.

પોલીસે જણાવ્યું હતું કે ચૌધરી ૧૨ ફેબ્રુઆરીએ મુંબઈ આવ્યો હતો અને નકલી ઓળખપત્ર સાથે કેમ્પસમાં પ્રવેશ્યો હતો અને હોસ્ટેલમાં રહેનારા તેના બાળપણના મિત્ર અપૂર્વ મિશ્રા સાથે તે પાંચ દિવસ ગેસ્ટ તરીકે રહ્યો હતો.

૧૯ ફેબ્રુઆરીએ આ ઘટના પ્રકાશમાં આવી હતી, જ્યારે હોસ્ટેલ નંબર-૧ના ભોંયતળિયે ઝઘડો થઇ રહ્યો હોવાનું સિક્યુરિટી ગાર્ડના ધ્યાનમાં આવ્યું હતું. તેઓ ઘટનાસ્થળે ગયા ત્યારે એક રૂમમાં બે વિદ્યાર્થી મિશ્રા અને દુબે વચ્ચે નાણાકીય બાબતને લઇ ઝઘડો થઇ રહ્યો હતો.

દરમિયાન સુરક્ષા કર્મચારીઓએ રૂમમાં તપાસ કરવાનું નક્કી કર્યું હતું. તપાસ કરતી વખતે બેગમાંથી પાંચ જીવંત કારતૂસ મળી આવી હતી. દુબેએ દાવો કર્યો હતો કે કથિત બેગ મિશ્રાની છે. મિશ્રાએ સુરક્ષા કર્મચારીઓને કહ્યું હતું કે તેની રૂમમાં તેનો મિત્ર સર્વોત્તમ ચૌધરી ગેસ્ટ તરીકે રોકાયો હતો, જે બિહારના સમસ્તીપુરનો રહેવાસી છે. ૧૨ ફેબ્રુઆરીએ તે કારતૂસો કેમ્પસમાં

(જુઓ પાનું ૪) ▸▸

# ઉદ્ધવ અને રાજ ઠાકરે વચ્ચે ફરી તિરાડ?

## નોમિનેટેડ નગરસેવક મુદ્દે તણાવની ચર્ચા

મુંબઈઃ મહારાષ્ટ્રમાં મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી પહેલા ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે એક સાથે આવ્યા હતા. આ ગઠબંધન બન્યાને બે મહિનાથી પણ ઓછો સમય થયો છે અને તેમની વચ્ચે મતભેદના અહેવાલો સપાટી પર આવવા લાગ્યા છે. બીએમસીમાં નામાંકિત કાઉન્સિલરોને લઈને આ બે ભાઈઓ સામસામે છે.

સૂત્રો તરફથી મળેલી જાણકારી મુજબ રાજ ઠાકરેની મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના નેતાઓએ કેટલાક વિચિત્ર સંદેશાઓ પોસ્ટ કર્યા છે, જેમ કે, જ્યારે તમારા હૃદયમાં પ્રેમ નથી તો પ્રેમ શામાટે કરવો? જોકે, ઉદ્ધવ ઠાકરે છાવણીએ સોશિયલ મીડિયા પોસ્ટને મહત્વ આપ્યું નથી અને કહ્યું છે કે બંને ભાઈઓ એક રહેશે.

આ કથિત વિવાદનું કેન્દ્રબિંદુ કોર્પોરેટરોના નામાંકન છે. ૨૦૨૩ના ફેરફારો પછી ૨૨૭ ચૂંટાયેલા કોર્પોરેટરો ઉપરાંત બીએમસી પાસે હવે ૧૦ નામાંકિત કોર્પોરેટરો છે. રાજકીય પક્ષો ગૃહમાં તેમની સંખ્યા અનુસાર આ કોર્પોરેટરોને નોમિનેટ કરશે. તાજેતરની મ્યુનિસિપલ ચૂંટણીમાં ૬૫ બેઠકો જીતનાર ઉદ્ધવ ઠાકરેની શિવસેના (યુબીટી) ૧૦ કાઉન્સિલરોમાંથી ત્રણને નોમિનેટ કરી શકે છે, જ્યારે ૮૯ બેઠકો જીતનાર ભાજપ ચારને નોમિનેટ કરી શકે છે. કોંગ્રેસ, એકનાથ શિંદેની શિવસેના અને એઆઇએમઆઇએમ બાકીના ત્રણ કાઉન્સિલરોની પસંદગી કરશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, યુબીટી સાથે ગઠબંધનમાં ચૂંટણી લડનાર રાજ ઠાકરેની મનસેએ ત્રણ નામાંકિત બેઠકોમાંથી એકની માગણી કરી છે. નોંધનીય છે કે બીએમસી ચૂંટણીમાં

(જુઓ પાનું ૪) ▸▸

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

# મુંબઈ-પુણે એક્સપ્રેસ-વે પર ૩૨ કલાકથી ફસાયેલા એક લાખ મુસાફરોને ટોલ પાછો કરાશે

પુણેઃ ત્રીજી ફેબ્રુઆરીએ મુંબઈ-પુણે એક્સપ્રેસ-વે પર થયેલા ગંભીર ટ્રાફિક જામથી પ્રભાવિત લાખો વાહનચાલકો માટે રાહતના સમાચાર છે. મહારાષ્ટ્ર સરકાર હવે ગેસ ટેન્કર પલટી જવાને કારણે ૩૨ કલાકથી હાઇવે પર ફસાયેલા લગભગ ૧.૨ લાખ મુસાફરોને ટોલના પૈસા પરત કરશે. કુલ ૫.૧૬ કરોડ રૂપિયાનું રિફંડ સીધા વાહનચાલકોના ખાતામાં જમા થશે.ખોપોલી નજીક પ્રોપીલીન ગેસ ટેન્કર પલટી ગયું હતું. ગેસ લીકેજના જોખમને કારણે સલામતીના કારણોસર મુંબઈ તરફ જતો લેન સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવ્યો હતો. તેના કારણે ૨૦ થી ૨૨ કિલોમીટર સુધી વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી. બાળકોથી લઈને વૃદ્ધો સુધીના ૧ લાખથી વધુ લોકો ૩૨ કલાકથી ખોરાક, પાણી અને મૂળભૂત સુવિધાઓ વિના રસ્તા પર ફસાયેલા

(જુઓ પાનું ૪) ▸▸

**૭૩ શાળાને લઘુમતી દરજ્જાનો વિવાદ**

# ડિજિટલ હસ્તાક્ષરવાળા દસ્તાવેજો ટેક્નિકલ ખામીને કારણે અટવાયા હતા અને 'તે' દિવસે જ અપલોડ થયા

## લઘુમતી વિકાસ વિભાગ તરફથી સ્પષ્ટતા કરાઈ

મુંબઈઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના આકસ્મિક અવસાન પછી માત્ર ત્રણ દિવસમાં ૭૫ જેટલી શાળાઓને લઘુમતીનો દરજ્જો આપવા બાબત વિવાદ ઊભો થયો હતો. તે પ્રક્રિયામાં મોટા નાણાકીય વ્યવહારોની શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે, ત્યારે આ કેસમાં એક મોટી અપડેટ સામે આવી છે. લઘુમતી વિકાસ વિભાગે મુખ્ય સચિવને પત્ર લખીને આ મામલે સ્પષ્ટતા રજૂ કરી છે.વિભાગનો દાવો છે કે ૭૩ શાળાઓની મંજૂરી અજિત પવારના મૃત્યુ પહેલા આપવામાં આવી હતી. જોકે, વિભાગનો દાવો છે કે 'મહાઆઈટી' પોર્ટલ પર ટેકનિકલ ખામીને કારણે ડિજિટલ હસ્તાક્ષર પ્રક્રિયા અટકી ગઈ હતી, જેના કારણે આ પ્રમાણપત્રો મોડા અપલોડ કરવામાં આવ્યા હતા.૧૮ ફેબ્રુઆરીએ વિવાદ સામે આવ્યા બાદ આ સ્પષ્ટતા મોકલવામાં આવી છે. ૨૦ સોસાયટીઓ અને ટ્રસ્ટોના પ્રમાણપત્રો ૨૯ જાન્યુઆરી (અજીત પવારના મૃત્યુના બીજા દિવસે) ૩૦ જાન્યુઆરી, ૨ ફેબ્રુઆરી અને ૪ ફેબ્રુઆરીએ અપલોડ કરવામાં આવ્યા

(જુઓ પાનું ૪) ▸▸




કુલીન કુમાર હોલીડિઝ – એક માત્ર ટૂર કંપની "Word of Mouth" થી પ્રગતિના પંથે
ઓકલેન્ડ ▸▸ બે ઓફ આઈલેન્ડ ▸▸ રોટોરૂઆ ▸▸ કવીન્સટાઉન ▸▸ માઉંટ કુક ▸▸ ક્રાઈસ્ટચર્ચ
- વર્લ્ડ ક્લાસ સિંગાપુર એરલાઈન્સમાં સફર
- લક્ઝરી હોટલ્સમાં રહેવાનું (કન્ફર્મ હોટલ્સ)
- ભારતીય રાજસ્થાની નિષ્ણાંત રસોઈયા દ્વારા ભોજનનો આસ્વાદ
- ગુજરાતી, હિન્દી, ઈંગલીશ બોલતા નિષ્ણાંત ટૂર લીડર
- ભરપુર સાઈટ સીઈંગનો સમાવેશ
- લક્ઝરી હાયટેક એ.સી. બસમાં મુસાફરી
- કોઈપણ છુપા ખર્ચ વગર
- સ્પષ્ટ ટુર પ્રોગ્રામ તથા પ્રમાણીક વ્યવહાર

DEPARTURES - 2026
March 26
April 02, 15, 24, 25, 28
May 02, 04, 06, 09, 11, 13, 15, 19, 25, 28
June 01, 07, 10

TRUSTED NEW ZEALAND TOUR SPECIALISTS SINCE 1997
SCAN ME
NO GIMMICKS. NO HYPE. SINCE 1976.
KULIN KUMAR HOLIDAYS
Hughes Road (H.O.): 022-43555555 | Opera House: 022-43555551
Borivali: 022-43555590 | Mulund: 022-25695500 | Ghatkopar: 022-46679928
Pune: 020- 25537344 | Ahmedabad: 079-40036900 | Surat: 0261-4883555
sales@kulinkumar.com | www.kulinkumar.com | Toll Free: 1800 103 8055
Follow us on @kulinkumarholidays for live tour moments!

# વર્સોવા-દહિંસર લિંક રોડને કારણે મોગરા પમ્પિંગ સ્ટેશનનું કામ અટવાયુંઃ નવી જગ્યા શોધવાનું કામ શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ કોસ્ટલ રોડ (દક્ષિણ) બાદ હવે મુંબઈ મહાનગરપાલિકા દ્વારા મુંબઈ કોસ્ટલ રોડ (ઉત્તર) એટલે કે વર્સોવા-દહિસર લિંક રોડનું કામ મોટા પાયા પર હાથ ધરવામાં આવ્યું છે, જોકે આ લિંક રોડને કારણે પાલિકાના અન્ય મહત્ત્વનો પ્રોજેક્ટ ગણાતા મોગરા પમ્પિંગ સ્ટેશનનું કામ અટકી ગયું છે. પાલિકાને મોગરા પમ્પિંગ સ્ટેશન માટે નવી જગ્યા શોધવાની ફરજ પડી હતી. નવા પ્રસ્તાવ સાથે પાલિકાએ હવે પર્યાવરણીય મંજૂરી માટે રાજ્ય અને કેન્દ્ર સરકારને નવો સુધારિત પ્રસ્તાવ સાદર કર્યો છે.

મુંબઈમાં ૨૬ જુલાઈ, ૨૦૦૫ના થયેલી અતિવૃષ્ટિ અને પૂરજનક પરિસ્થિતિ બાદ બૃહનમુંબઈ સ્ટોર્મવોટર ડિસ્પોઝલ સિસ્ટમ હેઠળ ચિતળે સમિતિની ભલામણ મુજબ આઠ પમ્પિંગ સ્ટેશનના કામ હાથ ધરવામાં આવવાના હતા, જેમાંથી માહુલ અને મોગરા પમ્પિંગ સ્ટેશન માટે જમીનની અડચણનો સામનો પાલિકા કરી રહ્યું છે. પશ્ચિમ ઉપનગરમાં વર્સોવા, અંધેરી અને જોગેશ્વરી જેવા નીચાણવાળા વિસ્તારમાં જયાં હંમેશાથી વરસાદના પાણી ભરાવાની

(જુઓ પાનું ૪) ▸▸

# ચેન્નઈ ફરવા ગયેલા મહારાષ્ટ્રના બે વિદ્યાર્થી દરિયામાં ડૂબ્યા, એકને બચાવી લેવાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રમાંથી અમુક વિદ્યાર્થીઓ ચેન્નઈના ગોલ્ડન બીચ પર ફરવા ગયા હતા ત્યારે તેમાંથી પાણીમાં ઉતરેલા ત્રણ વિદ્યાર્થીમાંથી એક વિદ્યાર્થીનિનું ડૂબી જવાથી મૃત્યુ થયું હતું. તો એક દરિયામાં તણાઈ ગયો હતો તો ત્રીજાને સુરક્ષિત બચાવી લેવામાં આવ્યો હતો. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સોશિયલ મિડિયા પર પોતાના અકાઉન્ટમાં કરેલા ટ્વિટ

(જુઓ પાનું ૪) ▸▸

# થાણેમાં ગરીબ મહિલાઓને લક્ષ્ય બનાવતા ઍગ ડૉનેશનના રૅકેટનો પર્દાફાશઃ ત્રણ જણની ધરપકડ

થાણેઃ થાણે જિલ્લામાં ગરીબ મહિલાઓ પાસે અનધિકૃત રીતે વારંવાર ઍગ ડૉનેટ કરાવવાનું કરોડો રૂપિયાનું કૌભાંડ પકડી પાડવામાં આવ્યું હોઇ આ પ્રકરણે ત્રણ જણની ધરપકડ કરવામાં આવી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

ગરીબ નિર્બળ મહિલાઓને ઍગ ડૉનેટ કરવા માટે મનાવી લીધા બાદ સર્કલ દીઠ પચીસ હજારથી ૩૦ હજાર રૂપિયા આપવામાં આવતા હતા. બાદમાં વારંવાર ઍગ ડૉનેટ માટે તેમનો ઉપયોગ કરાતો હતો. મહિલાઓને આઇવીએફ સેન્ટરોમાં લઇ જવામાં આવતી હતી, જ્યાં સર્જરી કરીને ઍગ કાઢી લેવાયા બાદ તેને લાખો રૂપિયામાં વેચવામાં આવતા હતા. અત્યાર સુધી કમસેકમ ૨૦ મહિલાઓ આ કૌભાંડનો ભોગ બની હોવાનું સામે આવ્યું હતું.

બદલાપુર પૂર્વમાં જોવેલી ખાતે રહેણાક અપાર્ટમેન્ટ અને સોનોગ્રાફી સેન્ટરમાંથી ચલાવવામાં આવી રહેલા આ અનધિકૃત ઍગ ડૉનેટ કૌભાંડ પ્રકરણે ત્રણ મહિલાઓની ધરપકડ કરવામાં આવી હતી, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.ધરપકડ કરાયેલી મહિલાઓની ઓળખ સુલક્ષણા ગાડેકર (૪૪), અશ્વિની ચાબુસ્વાર (૨૯) અને મંજૂષા વાનખેડે (૪૬) તરીકે થઇ હતી.

થાણે સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલના પ્રમુખ તબીબી અધિકારી ડૉ. જ્યોત્સ્ના સાવંતને એક

(જુઓ પાનું ૪) ▸▸

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**